કુમાર

આવતી કાલનાં નાગરિકો

માટેનું

આજનાં

દેશનું એકલું માસિક

સંસ્થાપક રવિશંકર

રાવળ · વર્ષ ચોવીસમું

અંક છઠ્ઠો · માહે જૂન · ઈ.

ઓગણીસસો ને સુડ-


તાલીસ · સળંગ અંક

બસો બ્યાશીમો ૨૮૨




શિલ્પકાર શ્રીધર મહાપાત્રનું નવું શિલ્પ શકુંતલા (જુઓ પૃ. ૨૫૦) ફોટો · જગન્નાથ મહેતા

મુદ્રક-પ્રકાશક અને તંત્રી: બચુભાઈ રાવત



[illegible] (ચિત્રકાર: સોમાલાલ શાહ)



અમદાવાદમાં ઇસ્લામી રાજ્યઅમલમાં કારીગરીની પરાકાષ્ટાએ પહોંચેલી શિલ્પકલાનો આ સમૃદ્ધસુંદર નમૂનો ક્યાં આવ્યો એ જાણો છો ? ગુજરાત વિદ્યાપીઠની જોડાજોડ, ઉસમાનપુરમાં આવેલી ઉસમાન શમે બરહાનીની મસ્જિદના મિનારાનો એ એક ગોખ છે. સીદી સૈયદની બેનમૂન કોતરકામવાળી જાળીઓથી જે જગતકીર્તિને પામી છે એ ગુજરાતની મનોરમ શિલ્પકલાના આવા સર્વોચ્ચ નમૂનાઓ તો આખા અમદાવાદમાં ભરપટ્ટે વેરાએલા પડ્યા છે. મિનારાના ગોખોમાં, અજવાળિયાંની જાળીઓમાં, કોટની કાંગરીઓ ઉપર, અરે, પાણીનાં ગરનાળાં સુદ્ધાંમાં જે પ્રજાએ આટલી સમૃદ્ધ કળાલક્ષ્મી વેરી છે તેની સાંસ્કૃતિક જાહોજલાલી કેટલી જાજરમાન હશે ? એ જાહોજલાલીનો ખ્યાલ આપતાં, અમદાવાદની સમૃદ્ધવાસ્તુકલાના પ્રતીકરૂપ, આવાં જ સુંદર બાવન ચુનંદાં ચિત્રો એક આલ્બમ રૂપમાં સંઘરાયાં છે. 'ગુજરાતનું પાટનગર અમદાવાદ' એ નામથી બે રૂપિયાની કિંમતે કુમાર કાર્યાલયે તે પ્રસિદ્ધ કર્યું છે. (પોસ્ટેજ જુદું)

કુમાર

જૂન ૧૯૪૭

અંક ૨૮૨

ગ્રાહકોને

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત, મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂ.૭; પરદેશમાં રૂ.૯-૦-૦ અથવા ૧૪ શિલિંગ. છુટક નકલના બાર આના.

મૅટ્રિક પછીનું માર્ગદર્શન : વર્ષોવર્ષ હજારો વિદ્યાર્થીઓ મૅટ્રિકમાં પાસ થાય છે. એ વખતે આગળ શું કરવું એ પ્રશ્ન તેમની આગળ ઊભો રહે છે. ઘણાને તો આગળ કયો અભ્યાસક્રમ લેવો તેની ખબર જ નથી હોતી; એટલે દરેક જણ કંઇ પણ ધ્યેય રાખ્યા વગર જ કૉલેજ તરફ દોડતો હોય છે. પોતાની આર્થિક, માનસિક, તથા શારીરિક શક્તિઓનો વિચાર કર્યા વગર જ ઘણાખરા આર્ટ્સ, સાયન્સ કે કૉમર્સનો અભ્યાસક્રમ પસંદ કરતા હોય છે. પરંતુ તેના સિવાય પણ બીજા મહત્ત્વના તેમજ ઓછા ખરચ અને વખતમાં કરી શકાય તેવા અભ્યાસક્રમો છે તેનો તેમને ખ્યાલ નથી હોતો. એવો ખ્યાલ આપતો, મૅટ્રિક પાસ થયા પછી વિદ્યાર્થીઓ આગળ પડેલા વિશાળ ક્ષેત્રનો કોઠો આ નીચે આપ્યો છે.

મૅટ્રિક

સાહિત્યકલા (આર્ટ્સ) ← મૅટ્રિક પછી ચાર વર્ષનો અભ્યાસક્રમ; ડિગ્રી:બી.એ.

લશ્કર (મિલિટરી) ← કાર્યક્ષેત્ર : ખુશ્કી લશ્કર; નૌકાદળ; વિમાનસેના. લાયકાત : મૅટ્રિક અગર નૉનમૅટ્રિક. સંસ્થા : રીક્રૂટિંગ ઑફિસમાં અરજી કરવી.

સ્થાપત્યશાસ્ત્ર (આર્કિટેક્ચર) ← લાયકાત: મૅટ્રિક પાસ; અભ્યાસક્રમ: પાંચ વર્ષનો; સંસ્થાઓ : જે.જે. સ્કૂલ ઑવ આર્ટ્સ–મુંબાઈ; કલાભવન–વડોદરા; ગવર્નમેન્ટ આર્ટ સ્કૂલ–લખનૌ.

વ્યાપારકલા (કૉમર્સ) ← (૧) **ડિપ્લોમા કોર્સ**–લાયકાત: મૅટ્રિક પાસ; સંસ્થા: ડાવર્સ કૉલેજ ઑવ કૉમર્સ પોસ્ટથી શિક્ષણ આપે છે. (૨) **ડિગ્રી કોર્સ**–મૅટ્રિકપછી ચાર વર્ષનોઅભ્યાસક્રમ. ડિગ્રી : બી.કૉમ; મુંબાઈ ઈલાકામાં કુલ પાંચ કૉમર્સ કૉલેજો છે.

ખેતીવાડી અને દુગ્ધાલય (ઍગ્રીકલ્ચર અને ડેરી) ← (૧) **ડિપ્લોમા કોર્સ**–મૅટ્રિક પાસ; અભ્યાસક્રમ છ માસથી બે વર્ષનો; સંસ્થા : મ. છ. કૃષિ વિદ્યાલય–આણંદ; ઈમ્પીરીઅલ ડેરી ઈન્સ્ટીટ્યૂટ–બૅંગલોર. (૨) **ડિગ્રી કોર્સ**–લાયકાત: એફ.વાય.સાયન્સ પાસ; અભ્યાસક્રમ : ત્રણ વર્ષનો; સંસ્થા : ઍગ્રીકલ્ચરલ કૉલેજ–પૂના; ઍગ્રીકલ્ચરલ ઇન્સ્ટીટ્યૂટ–અલ્લાહાબાદ.

ઔદ્યોગિક નૈપુણ્ય (ટૅક્નૉલૉજી) ← લાયકાત : બી. એસસી. (કેમિ. ફિઝિ) પાસ; શાખાઓ : પાંચ (૧) **કેમિકલ** (રાસાયનિક): ડિપાર્ટમેન્ટ ઑવ કેમિકલ ટેકનૉલૉજી–મુંબાઈ; કૉલેજ ઑવ ટેકનૉલૉજી–બનારસ; (૨) **લેધર ટેકનૉલૉજી** (ચામડા કામ): ગવર્નમેન્ટ લેધર વર્કિંગ ઈન્સ્ટીટ્યૂટ–કાનપુર; અલગપ્પા ચેટ્ટીઅર કૉલેજ ઑવ ટેકનૉલૉજી–મદ્રાસ; (૩) **માઇનિંગ ઍન્ડ મેટલર્જી** (ખાણકામ અને ધાતુશાસ્ત્ર) : ઇન્ડિયન સ્કૂલ ઑવ માઇનિંગ–ધનબાદ (બિહાર); કૉલેજ ઑવ ટેકનૉલૉજી–બનારસ હિં. યુ.; ઇન્ડિયન ઇન્સ્ટીટ્યૂટ ઑવ સાયન્સ–બૅંગલોર; (૪) **ફૂડ ટેકનૉલૉજી** (ફળ–વિજ્ઞાન): ઇન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઑવ ફૂડ ટેકનૉલૉજી–લાયલપુર (પંજાબ); (૫) **સ્યૂગર ટેકનૉલૉજી** (સાકર-ઉદ્યોગ): ઇન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઑવ સ્યૂગર ટેકનૉલૉજી–કાનપુર.

વિજ્ઞાન (સાયન્સ) → મૅટ્રિક પછી ઓછામાં ઓછો ચાર વર્ષનો અભ્યાસક્રમ; ડિગ્રી : બી.એસસી.

હિસાબકામ (ઑડિટ) → લાયકાત : મૅટ્રિક પાસ; અભ્યાસક્રમ : પાંચ વર્ષનો; સંસ્થા : ઇન્ડિયન ઍકાઉન્ટન્સી બોર્ડ.

સંરક્ષણ (પોલીસ સર્વિસ) → લાયકાત : ઈન્ટરમીડિયેટ પાસ, તથા ઉંમર ૧૯થી૨૨ વર્ષની જ હોવી જોઇએ; અભ્યાસક્રમ : દોઢ વર્ષનો; સંસ્થા : નાસિકની પોલીસ ટ્રેઇનિંગ સ્કૂલ.

પત્રકારત્વ (જર્નાલિઝમ) → (૧) **ડિપ્લોમા કોર્સ** : મૅટ્રિક અથવા તો નૉનમૅટ્રિક; અભ્યાસક્રમ દોઢ વર્ષનો; હૉર્નિમન કૉલેજ ઑવ જર્નાલિઝમ, ખાલસા કૉલેજ–મુંબાઈ; તથા પોસ્ટદ્વારા શિક્ષણ આપતી વિદેશી સંસ્થાઓ. (૨) **ડિગ્રી કોર્સ**–ગ્રૅજ્યુએટ થયા બાદ બે વર્ષનો કોર્સ. સંસ્થા : અમેરિકન કૉલેજ ઑવ જર્નાલિઝમ, રામનારાયણ રૂઈઆ કૉલેજ–મુંબાઈ; કૉલેજ ઑવ જર્નાલિઝમ, પંજાબ.

વાસ્તુશાસ્ત્ર અને યંત્રજ્ઞાન (એન્જીનીઅરિંગ અને ટેકનિકલ) → (૧) **ડિપ્લોમા કોર્સ**–લાયકાત: મૅટ્રિક પાસ; સમય: ત્રણથી ચાર વર્ષ; સંસ્થા: વી.જે. ટેકનિકલ ઈન્સ્ટીટ્યૂટ–મુંબાઈ; કલાભવન–વડોદરા; આર.સી.ટેકની કલ સ્કૂલ–અમદાવાદ; એન્જીનીઅરિંગ કૉલેજ-પૂના. (૨) **ડિગ્રી કોર્સ**–લાયકાત: ગણિત સાથે ઇન્ટર સાયન્સ પાસ; સમય: ૩ા થી ૪ વર્ષ; સંસ્થાઓ : એન્જીનીઅરિંગ કૉલેજો–પૂના, કરાચી ને બનારસ હિંદુ યુનિવર્સિટી.

વૈદક (મેડિકલ) → પાંચ શાખાઓ—(૧) **ઍલૉપથી** (પાશ્ચાત્ય વૈદક): ડિગ્રી : એમ. બી. બી. એસ.; ઇન્ટર સાયન્સ (બાયૉલૉજી) પાસ; અભ્યાસક્રમ: પાંચ વર્ષ; ગ્રાન્ટ મેડિકલ કૉલેજ, જી. જી. મેડિકલ કૉલેજ તથા નૅશનલ મેડિકલ કૉલેજ–મુંબાઈ; બી. જે. મેડિકલ કૉલેજ–અમદાવાદ; બી.જે.મે. કૉલેજ–પૂના; (૨) **ડેન્ટીસ્ટ્રી** (દંતવૈદક): મૅટ્રિક પાસ; ચાર વર્ષ; નાયર હૉસ્પિટલ ડેન્ટલ કૉલેજ–મુંબાઈ; (૩) **વેટેરીનરી** (પશુવૈદક): ઈન્ટર સાયન્સ પાસ; ત્રણ વર્ષ; વેટેરીનરી કૉલેજ–મુંબાઈ; (૪) **સેનીટેશન** (પ્રજા-આરોગ્ય): મૅટ્રિક પાસ; છ માસ; અમદાવાદ અને પૂનામાં ખાસ વર્ગો ચાલે છે; (૫) **આયુર્વેદવિદ્યા** (દેશી વૈદક): મૅટ્રિક પાસ; ચાર વર્ષ; આયુર્વેદ વિદ્યાલય–પાટણ, જામનગર અને દિલ્હી; આયુર્વેદિક કૉલેજ–બનારસ હિંદુ યુનિવર્સિટી.

એક ફૂલને

· વસંત-સ્રગ્ધરા ·

તારે ન ફોરમ, ન રંગ, ન રૂપ, કૈં ના,
તારે વસંત પણ ના; બસ અંગ ઓઢી
કંથા છ પાનખરની, ચિરકાલ પોઢી
તારી સુદૂર સપને ચકચૂર નૈનાં.

રે મોતને શયન નીંદર આજ મીઠી!
છેલ્લી હતી મિલન રાત, સખી જતી રહી,
'લે, ફૂલ' એ જ બસ વાત મને હતી કહી,
તારે મુખે ચમક તે દિ' પછી ન દીઠી.

આજે વનેવન હસે રસરંગ ફાગે,
જાગે વસંત-પરશે ઝબકી જવાની
સૌ ફૂલની, અસર પાગલ કો' હવાની!
રે ના જરી પણ તને કદી રંગ લાગે.

ના, ના, વસંત પણ છે જ તને ય, કહેની
તારે પેલી સખીની સ્મરણ-સુરભિ તો અંગ મ્હેકે છ કે'ની?

નિરંજન

પશ્ચાત્તાપ

(બાગેશ્રી)

મન મેં તારું જાણ્યું ના, જાણ્યું ના:
આંગણે જેને ઇજન દીધું
 ઘરમાં એને આણ્યું ના . . મન૦
 વનપારેવાં કરતાં કેલિ,
 માલતીફૂલે વેલ ઝૂકેલી,
 નેણથી ઝરી નૂરની હેલી,
હોઠ એ તારા ફરકયા આતુર
 તોય મેં ઝીલ્યું ગાણું ના . . મન૦
 નાંગર્યું'તું જે નાવ કિનારે,
 દૂર તે ચાલ્યું પારાવારે;
 શોચવું રહ્યું મનમાં મારે
જલનાં વ્હેણની જેમ સર્યું તે
 આવતું પાછું ટાણું ના . . મન૦
 ભૂલમાં કેવી ભૂલ કીધેલી,
 ઉરની ભણી આંખ મીંચેલી,
 મેં જ મને ના ઓળખી વ્હેલી,
પૂનમ ખીલી પોયણે, સુધા–
 –પાન મેં ત્યારે માણ્યું ના . . મન૦

રાજેન્દ્ર શાહ

તવ સ્પર્શે સ્પર્શે

· શિખરિણી ·

તવ સ્પર્શે સ્પર્શે મુકુલિત બન્યું અંતરફુલ,
તમિસ્રાના ઘેરા પૂર મહીં થયું પ્રાતર્ પુનઃ;
મહા જાડ્યો કેરા વનમહીં ઊઠ્યો ચેતનદવ
અને મૃત્યુ કેરા નીરવ મહીં શો જીવનરવ!
તવ સ્પર્શે સ્પર્શે અનનુભૂત થાયે અનુભૂત,
તવ સ્પર્શે સ્પર્શે નિગૂઢ સઘળું થાય પ્રગટ,
ખીલી ઊઠે ક્લેશો મહીંથી શુભ આનંદકમલ.

સનાતન

માગણી

· તોટક ·

મારી ક્ષુદ્ર મલિન આ જાત પરે
તારી શીતળ નાથ! કૃપા ન ચહું;
એને બાળ, પ્રજાળ, પ્રતાપ મહીં
તારા શેક હું શાંતિથી સર્વ સહું.

એને હોઠ ન બોલ મીઠા કહેવા,
એની શોભતી પીઠ ન થાબડવી;
જેના મેલ પૂરા પીગળ્યા ન હજી
એને ફૂલ-બિછાત ઘટે ન નવી.

મારા પોચટ રૂપનાં પાણી બધાં
તારી ઝાળમાં છોને વરાળ બને;
અને શક્તિના સ્વાંગ ગુમાની ભલે
થઈ રાખ ઢળે અસહાયપણે.

મારી ધૂળની કાચે તું છાઈ રહે
તારી મૂળ સનાતન જ્યોત ધરી,
અણુ યે અણુમાં ઝળકાઇ વહે
તારું ઊજળું એકલું પોત હરિ!

મારી જાતને એવી જલાવ, કે ના
મને ઓળખનારું ય કોઇ મળે;
મારી શીતળતાને હું શું રે કરું,
તને આપ પ્રહાર પ્રચંડ બળે.

પછી જોનારા જોઈ રહે કહેતા
તારી વીજપ્રભા તણી વાત મુખે;
અરે! જીવતી જ્યોતનું દાન દેવા
મને બાળ, પ્રજાળ, ઉજાળ સુખે!

મકરન્દ દવે

માસિક મનન

સમયનો ઉપયોગ

આપણને હજુ વખતનું મહત્ત્વ બરાબર સમજાયું નથી. સમય એ જ ખરું ધન છે (Time is money) એવી અંગ્રેજી કહેવત તો જાણીતી છે; પણ ખરું જોતાં તો, વખત તો પૈસા કરતાં યે મૂલ્યવાન છે. ગએલી દોલત આપણે પાછી મેળવી શકીશું, પણ વીતી ગએલી એક પળ પણ પાછી મેળવી શકાવાની છે?—ભલેને લાખ પ્રયત્ન કરો!

જે જે મહાપુરુષો થઈ ગયા તેઓએ પૈસા કરતાં યે વખતને ખૂબ કરકસરથી ખર્ચ્યો છે. પોતાના અત્યંત પ્રવૃત્તિમય જીવનમાં પણ જે ફાલતુ વખત મળતો તેનો યોગ્યરીતે ઉપયોગ કરીને જ તેમણે ખ્યાતિ મેળવી છે.

આપણાં જીવનમાં આપણને જે ફાલતુ આરામનો વખત મળે છે તેનો ઉપયોગ કરીને કેવી આશ્ચર્યકારક પ્રગતિ કરી શકાય છે તેની હજુ આપણને બરાબર કલ્પના નથી. રસાયણશાસ્ત્રનો પાયો નાખનાર માઇકેલ ફેરાડે બુકસેલરને ત્યાં ચોપડીઓ બાંધતો; પણ એ કામમાં જે વખત બચતો તેમાં પ્રયોગો કરીકરીને તેણે મોટી શાસ્ત્રીય શોધો કરી હતી. ચહા ઉકાળવામાં જેટલો વખત અમસ્તો વીતતો તેટલો વખત બેસી રહેવાને બદલે તેનો ઉપયોગ કરીને કવિ લૉંગફેલોએ 'ઈનફર્નો'નો અનુવાદ કર્યો હતો. જેલમાં સખત મજૂરી કર્યા પછી બચતા વખતમાં જ સાને ગુરુજીએ પોતાનું પ્રખ્યાત પુસ્તક 'શ્યામચી આઇ' લખ્યું હતું. ગૅલીલિયો ધંધો તો વૈદકનો કરતો હતો; પણ તે કામમાંથી જે ફાલતુ વખત રહેતો તેનો ઉપયોગ તે શાસ્ત્રીય શોધખોળ કરવામાં કરતો, અને એમાંથી તો તેણે પોતાની જગવિખ્યાત શોધો કરી!

ફુરસદના વખતને ગમે તેમ વેડફી ન દેતાં તેનો સદ્વ્યય કરવાની કલા જેણે શીખી લીધી તેણે જીવનની કલા શીખી લીધી. રોજ જો ફક્ત એક જ કલાકનો બરાબર ઉપયોગ કરીએ તો ય કેટલું બધું કરી શકાય? રોજ ફક્ત એક કલાક વાંચનાર એક વર્ષમાં કેટલાંક હજાર પાનાનાં ગ્રંથો વાંચી શકે. ફક્ત એક જ કલાક રોજ નિયમિત કાંતનાર વસ્ત્રની બાબતમાં પૂર્ણતઃ સ્વાવલંબી થઈ શકે. ચાર્લ્સ ફ્રૉસ્ટ એક મોચી હતો; પણ રોજ ફક્ત એક જ કલાક ગણિતનો અભ્યાસ કરીને તે અમેરિકાનો પ્રખ્યાત ગણિતશાસ્ત્રી બન્યો.

વળી એકી સાથે બબ્બે કામ કરવાની કળા પણ આપણે હસ્તગત કરવી જોઇએ. આ કળામાં જો સૌથી વધુ પારંગત કોઈ હોય તો તે આપણા મહાત્માજી. તે જમવાના કાર્યની સાથે મુલાકાત (interview) લેવા આવનારના સવાલોના જવાબો આપતા હોય છે. ટબ-બાથ લેતા હોય કે માલિશ કરાવતા હોય છે ત્યારે વર્તમાનપત્રોમાંના કે બીજા સમાચારો સાંભળી લેતા હોય છે. ફરવા જાય તો તે વખતે પણ કોઇની સાથે તેમની અગત્યની મંત્રણા ચાલુ જ હોય. રેલવેનો પ્રવાસ કરતા હોય તે વખતે પણ કાં તો હરિજન ફાળો ઉઘરાવતા હોય કે લેખનકાર્ય કરતા હોય. તે જ્યારે જાજરૂ જાય છે ત્યારે પણ એકાદ પુસ્તકનું કે બીજું કોઈ વાચન કરતા હોય છે. જાજરૂને ઘણીવાર કટાક્ષમાં તે 'પુસ્તકાલય' કહે છે. કૉંગ્રેસ કારોબારીની કે બીજી કોઈ અગત્યની સભા હોય તે વખતે વક્તાઓનાં ભાષણ સાંભળવાની સાથેસાથે બીજી બાજુ તેમનું કાંતવાનું ચાલુ જ હોય છે. આમ બે કામ એકી સાથે કરવાની કળામાં તે પાવરધા હોવાથી જ ૭૮ વર્ષની ઉંમરે પણ આ વિશાળ ભારતની નાવનું સુકાન સંભાળવાનું મહાભારત કાર્ય કરી શકે છે.

'અંકલ ટૉમ્સ કૅબિન'ની પ્રખ્યાત લેખિકા બીચર સ્ટોએ રસોઈ કરતી વખતે વચમાં વચમાં જે વખત મળતો તે ગાળામાં જ એ પુસ્તક લખ્યું હતું. પ્રખ્યાત લેખક એમિલ લુડવિગ દાઢી કરતી વખતે જે નવી કલ્પનાઓ તેના મગજમાં આવતી તે પાસે રાખેલી નોટમાં ટપકાવી લેતો. એક પ્રખ્યાત સંપાદક પોતાને ખાસ વાંચી જવાના ગ્રંથો પોતાની મોટરમાં રાખી મૂકતો, અને એક સ્થળેથી બીજે સ્થળે જવાના લાંબા પલ્લા દરમ્યાન મોટરમાં રાખેલા ગ્રંથોનો અભ્યાસ કરતો અથવા પોતાના તંત્રીલેખો લખતો. ઈંગ્લંડનો મુખ્ય પ્રધાન ગ્લૅડસ્ટન સતત પોતાની પાસે એક પુસ્તક રાખી જ મૂકતો. ક્યાંક પાંચ મિનિટ મળી જતી કે તરત એ વાંચતો. એક ક્ષણ પણ નકામી ન વેડફાય તેની તે અત્યંત કાળજી રાખતો. સ્વામી રામતીર્થને ચાલવાની કસરતનો તથા વાંચવાનો ઘણો શોખ. પણ બંનેને જુદોજુદો આપી શકાય તેટલો વખત તેમની પાસે ન હોવાથી તેમણે ચાલતાંચાલતાં જ વાંચવાની ટેવ પાડી અને બંને કાર્યો સફળતાથી પાર પાડ્યાં.

આપણે પણ થોડાક પ્રયત્ને બે કામ એકીસાથે પાર પાડવાની કળા હસ્તગત કરી શકીએ. મોટરની રાહ જોતાં બસસ્ટૅન્ડ પર ઊભા હોઇએ ત્યારે, અગર રૅશનિંગની દુકાને કતારમાં ઊભા હોઇએ તે વખતે, મોટર કે ટ્રેનમાં એક સ્થળેથી બીજે સ્થળે જતા હોઇએ તે વેળા કે સભામાં વ્યાખ્યાતાને આવતા મોડું થયું હોય ત્યારે અથવા ફરવા જ નીકળ્યા હોઇએ તે વખતે, કોઈ ઉત્તમ પુસ્તકનું વાચન અથવા લખવા વગેરેનું બીજું કોઈ કામ સહજરીતે કરી શકીએ. જમતી વખતે, દાઢી કરતી વખતે અથવા રસોઈ કરતી વખતે રેડિયો પરની અગત્યની ખબરો સાંભળવાનું કે એવું કોઇ પરચુરણ કામ પતાવી શકીએ. આપણા ખિસ્સામાં સદા એકાદ પુસ્તક તો અવશ્ય હોવું જ જોઇએ કે જેથી ક્યાંક વખત મળે કે તરત તેમાં ડોકિયું કરી શકાય.

જેમને કામ જ કરવું છે તે તો કોઈ પણ વખતે અને કોઈ પણ ઠેકાણે કરી શકે છે: પછી તે ઓફિસ હોય, રસ્તો હોય કે પ્રયોગશાળા હોય. 'અમુક કામ કરવાનો વખત નથી' એમ કહીએ છીએ ત્યારે ખરું જોતાં આપણે એ કામમાંથી છટકી જવાનો જ પ્રયત્ન કરતા હોઇએ છીએ.

આપણે જો એકેએક પળનો હિસાબ રાખતાં શીખશું તો આપણું જીવન તેનો પોતાનો હિસાબ એની મેળે જ રાખશે.

આજે આપણો દેશ પૈસાનો બની બેઠો છે. આત્માની ઉવેખના આપણે આજે અજ્ઞાનથી અજાણ્યે, તેમજ સ્વાર્થથી જાણી જોઇને કરીએ છીએ. પૈસો જ આપણા મૂલ્યાંકનની કસોટી બન્યો છે, અને એ જ આજની મહત્તાની માતા છે. જીવનમાં દરેક વસ્તુ 'વેચાતી' મળી શકે છે, એવી અવળચંડી માન્યતાને વરીને આજનો બુદ્ધિવાન શ્રીમંત અને મધ્યમ વર્ગ અભિમાન અને અજ્ઞાનથી છાકટો થઈ ગયો છે. એમાં હૃદયનાં સન્નિષ્ઠા અને ભિનાશ નથી, એમાં આત્માની સુગંધ અને સ્વાર્પણની શ્રદ્ધાજન્ય વિનમ્રતા નથી. આજે આપણે જાણે આપણા પોતાના જ આત્માની કબર ઉપર આપણા જીવનની ઈમારત ચણી રહ્યા છીએ. પણ ઈમાન ને ઈતબારના પાયા વિનાની આ ઈમારત ભૂતાવળ બનીને આપણને જ ભરખી જશે.

કિશનસિંહ ચાવડા

શકુન્તલા અથવા કન્યાવિદાય કવિકુલગુરુ કાલિદાસની એ ખ્યાતનામા કૃતિને ટુંકાવીને કિશોર-કિશોરીઓને ભજવવા માટે યોજેલી નાટિકા

સળંગ છંદોમાં યોજક
ચન્દ્રવદન ચીમનલાલ મહેતા

પ્રારંભિક

કવિકુલગુરુ કાલિદાસના શાકુન્તલ નાટક ઉપરથી જ થોડીક ટુંકાવી, સળંગ કાવ્યમાં ઘટાવી, ટેંક ઉમેરી, રંગભૂમિ ઉપર બે–અઢી કલાકમાં ભજવી શકાય અને વાંચતાં કિશોર–કિશોરીઓને શાળોપયોગી થાય એવી આ કૃતિ ગુજરાતીમાં ઉતારી છે. અઘરો કાલિદાસ સરળ બનાવવા મોટે ભાગે કૃતિને ટુંકાવી છે. વિદ્યાભ્યાસના શરૂઆતના સમયમાં વિદ્યાર્થીઓને કાલિદાસની લગની લાગે ને ભવિષ્યમાં એનું આખું લખાણ વાંચવાની જિજ્ઞાસા જાગે એ હેતુથી આ રચના કંઇક હળવી તેમજ ભજવવાયોગ્ય બનાવી છે. આ અનુવાદ કે તરજૂમો નથી. છતાં સુંદર એટલું બધું કાલિદાસનું જ છે; કાપકૂપ, થીગડથાગડ કે એવું કંઇક કોઇની રસવૃતિને ખૂંચે તો એનો દોષ મારે માથે નાખવો. સુધારો કર્યો હોય એવું લાગે તો તે સગવડ માટે,—કાલિદાસની ઉપરવટ થવા માટે નહિ.

આજે નાટકો જોવા લોકો ટોળાબંધ જાય છે. એમની રુચિ સુધરી છે અને વધારે સંસ્કારી થતી જાય છે. વળી સંગીતપ્રધાન નાટકો પ્રત્યે લોકોનો આદરભાવ વધતો જાય છે. એવે ટાણે ગુજરાતીમાં કાલિદાસનું શાકુન્તલ સળંગ છંદોમાં, સમજાય એ રીતે રજૂ કરવાનો આ એક પ્રયાસ માત્ર છે. સંગીતના રસિક, ઉત્સાહી ભેરૂબંધો કોઇ કુશળ સૂત્રધારની છાયા હેઠળ રજૂ કરી શકે એ હેતુથી આ યોજના કરી છે.

મૂળમાંના પાંચમા અંકે આ નાટકને મેં પૂરું કર્યું છે. અને ત્યાં સુધીના વસ્તુને ત્રણ અંકમાં વહેંચી નાખ્યું છે. કેટલાકને એ નહિ રુચે તે હું જાણું છું. શાકુન્તલને અસલ સ્વરૂપમાં રજૂ કરવા પહેલાં દસ–બાર આવા પ્રયત્નો કરવા પડશે એમ મને લાગે છે. મારી અભ્યર્થના એટલી જ છે કે આ કૃતિને પહેલા પ્રયાસ રૂપે જ ગણવામાં આવે. આવતી કાલે રંગભૂમિનો કોઈ નવો રસિયો મૂળ કૃતિને તેવા જ સ્વરૂપમાં ગુજરાતીમાં ભજવવાયોગ્ય બનાવે એ બનવાજોગ છે. હજી સુરુચિ વધતાં, નવો શ્રોતાવર્ગ કેળવાતાં, અસલ સંસ્કૃત સાથે સંપર્ક સાધનારો અભ્યાસીવર્ગ પેદા થતાં, આખા યે નાટકની નવી કૃતિ, મૂળ જેવી જ, ગુજરાતીમાં ભજવાશે જ; આ તો એક શરૂઆતનો અખતરો છે.

આ કૃતિને ભજવવા માટે નાનીમોટી સુચનાઓ દરેક ઉક્તિ સાથે ન આપતાં પ્રવેશને છેડે જ થોડી નોંધ આપી છે, તે સૂત્રધારને ઉપયોગી નીવડશે એવી આશા રાખું છું. જોકે સૂત્રધાર સાચો જ સૂત્રધાર હોય તો તો એની પણ કશી જરૂર નથી. પોતાની કલ્પના વડે, રસદૃષ્ટિથી, ભાવપૂર્વક અભિનયના અલંકારો ઉમેરી કૃતિ ભજવાવી શકશે જ. આ નોંધ તો શાળાકૉલેજોમાં નાટ્યની પ્રાથમિક તાલીમમાં પગલાં માંડનારાં કિશોર–કિશોરીઓ માટે આપી છે.

સંગીત વિષે પણ જરા વિચારવું ઘટે છે. શ્લોકોના પાઠ છંદોના લય પ્રમાણે થાય તે તો ઇષ્ટ છે જ. ઉપરાંત, જો સૂત્રધાર સંગીતનો રસિક અને સાથે ભાવનો મર્મજ્ઞ હોઈ બેનો સમન્વય સાધવા હોંશ ધરે, તો એ શ્લોકોને જુદાજુદા રાગોની છાયામાં પણ ઉતરાવી શકે. તાનપલટા કે આલાપ વગર પણ રાગની સુરાવલિ સાથે શ્લોકોનું ગૌરવ વધારી, એને ભાવોદીપક અને અર્થદ્યોતક બનાવી, વૈવિધ્ય પણ સાધી શકાય. નાના રંગમંડપમાં વીણા યા સિતારનો અને સાથે વાયોલિનનો મેળ સાધવાથી સુંદર પરિણામ યોજી શકાય.

ભાઈશ્રી મધુકર રાંદેરીઆએ હોંસભેર હાથનકલ વાંચવા માગી લીધીહતી. મેં એને આપી તે ઠીક કર્યું. લખાણમાં આડીઅવળી રહેલી અનેક ભૂલો એણે મને નોંધી બતાવી. અને પછી એ નકલ ગઈ શ્રી ભાનુશંકર વ્યાસ પાસે. એમણે કેટલાક ખૂંચતા શબ્દપ્રયોગ બદલ્યા–બદલાવ્યા. એમ એમનો પણ લાભ મળી ગયો. ઉપકાર કોનો માનવો ?

અંક ૧ : પ્રવેશ ૧

[નેપથ્યમાં વીણાવાદન કંઈક પળો સુધી ચાલુ રહ્યા પછી સૂત્રધાર પ્રવેશે છે; નટી એને અનુસરે છે.]

સૂત્રધાર:(શાર્દૂલ૦) કાલિદાસ શિરોમણિ કવિકુલે, છે શ્રેષ્ઠ શાકુન્તલ,
શ્રોતા સંમુખ એ પ્રયોગ રચિયે, વ્હાલી નટી સાંભળ.

નટી: આજ્ઞા દો પ્રભુ! એટલે ઉજવિયે, નેપથ્યમાં સજ્જ સૌ,

દૂરથી સંઘધ્વનિ: દોડન્તા મૃગ ઘેરતા રથ ચઢી દુષ્યંત જો આવતા.

[છેલ્લી પંક્તિ બેએક વાર ગવાયા પછી અંદરથી દોડતા રથઘોડાના, મૃગયાવિહારના, ભેરી-તૂરી વગેરેના ધ્વનિ સંભળાયા કરે છે. એ બંધ રહેતાં જ બે મુનિકુમારો પ્રવેશે છે, અને સામેથી મહારાજ દુષ્યંત પ્રવેશે છે.]

પહેલો મુનિકુમાર: (અનુષ્ટુપ)
ન હન્તવ્યો ન હન્તવ્યો, આ છે આશ્રમનો મૃગ,
ઘટે એની નહીં હત્યા, પુરુવંશી અહો નૃપ!

બીજો મુનિકુમાર: આપ છો રાજરાજેન્દ્ર, વિનાશાર્થે નહીં શર,
શોભન્તાં શરસન્ધાન રક્ષણ થેં, ધનુર્ધર!

પહેલો મુ૦(માલિની) અનુચિત નક્કી રાજ બાણના ડામ દેવા,
મૃદુલ મૃગશરીરે પુષ્પમાં અગ્નિ જેવા.

બીજો મુનિકુમાર: અતીવ ચપલ એનું જીવવું છે વિલોલ,
ત્યહીં વળી શરવર્ષા કેમ સ્હેશે અબોલ!

દુષ્યંત: (અનુષ્ટુપ) ભલે તો બાણ આ પાછું, મુનિવર્ય મહાજન!

પહેલો મુનિકુમાર: ચક્રવર્તી હજો પુત્ર, ઉતારો શ્રમ રાજન.
મુનિશ્રી કણ્વનું આ છે, પુણ્યતીર્થ તપોવન.

દુષ્યંત: અહો હો રમ્ય ને ધન્ય, અતિ શાંત તરુવન.

બીજો મુનિકુમાર: પધારી આશ્રમે દેવ, કરોને આજ પાવન.

દુષ્યંત: તપસ્વીની કૃપાએથી, નક્કી આ ધન્ય જીવન.

પહેલો મુ૦ (વસંત૦) મારો જવા સમિધ કાજ જ આજ વારો,
આ આશ્રમે નૃપતિ આપ સુખે પધારો;

સોંપી અહીં અતિથિધર્મ શકુંતલાને,
તીર્થે ગયા કુલપતિ વિધિ ઠારવાને.

દુષ્યંત: (અનુષ્ટુપ) ભલે તો દર્શનાર્થે હું જાઉં છું આપ સૂચને.
બીજો મુનિકુમાર: અમે યે કાર્ય આટોપી, ફરીને આવીશું વને.

[મુનિકુમારો ચાલ્યા જાય છે. કંઈક રહીને બીજે પડખેથી, અંદરથી સ્ત્રીઓના હાસ્યનો ધ્વનિ સંભળાય છે. તે દિશ પ્રત્યે જોઇ, અટકી, પછી—]

દુષ્યંત: મધુરા શબ્દથી ગુંજે, દીસે છે અતિ નિર્જન,
દક્ષિણે છે લતાકુંજ, કન્યકા જલસિંચન–
કરે છે, ત્યાં જવું કે ના? નથી કો અન્ય ગાનવી.
પણે છે વૃક્ષની છાયા; ક્રીડા શું યોગ્ય ભાળવી?

[જલસિંચનાર્થે સખીઓ સાથે શકુંતલા પ્રવેશે છે. રાજા એક ખૂણે જઈ ઊભા રહે છે.]

અનસૂયા: તુંથી આ અધિકાં વ્હાલાં, હશે આશ્રમનાં તરુ,
નિયોજી ગુરુએ જેથી પાણી પાવા તને, ખરું?
શકુન્તલા: અરે ના રે નથી એવું, મારાં એ છે સહોદર.
દુષ્યંત: (દૂરથી જ સ્વગત)
વીંટાયું પદ્મ શેવાળે, તો યે લાગે મનોહર.
શકુન્તલા: સખિ! જો તાણીને બાંધ્યું ઢીલું આ કર વલ્કલ.
અનસૂયા: રહી તું ના હવે બાલા, એ છે યૌવનનું બલ!

દુષ્યંત: (સ્વગત) વલ્કલે શોભતી કન્યા, દીસે જાણે લતા લળી,
આવા માધુર્યને તે શા અલંકાર ઘટે વળી?
પ્રિયંવદા: (વસંત૦) આંખે પણે વીંટળતી વનજ્યોત્સ્નિકાને,
શેણે કહે નીરખતી ઉભી એકધ્યાને?
અનસૂયા: હૈયે મનોરથ ઘડે સખી નિત્ય છાના,
એથી અધિક વર સુંદર પામવાના.
દુષ્યંત: (દૂરથી) શું એ જ કણ્વદુહિતા, શું શકુંતલા આ!
સૌદામિની ચમકતી નભ આભલામાં!
શકુન્તલા: (અનુષ્ટુપ) ભૂંડો આ ભમરો જો ને, તજીને નવમંજરી;
સતાવે ઉંહ્! અરે કોઇ ઉગારો સખીઓ જરી.
અનસૂયા–પ્રિયંવદા: (ઉપજાતિ) અમે વળી કોણ ઉગારનાર?
દુષ્યંત છે એક જ તારનાર.

દુષ્યંત: (અનુષ્ટુપ) ઘડી રૂડી જવા પાસે, નકી આ વિધિએ ઘડી.
(નજીક જઇ) ન ભેતવ્યં ન ભેતવ્યં, ઘટે ના બીક આવડી.
શકુન્તલા: (માલિની) ભમી ભમી પૂંઠ મારી, દુષ્ટ શાને સતાવે?
દુષ્યંત: ભય હર ભીરુ બાલે, ના હવે કષ્ટ આવે.
સકળ અભય પૃથ્વી પૌરવો પાળતા ત્યાં
અવિનય ભમરાનો દંડું છું; રે ગયો ક્યાં?
અનસૂયા: (વસંત૦) સત્કારવા અતિથિને ફળફૂલ આણો,
દુષ્યંત: સત્કાર તો મધુર વેણ થકી જ માણ્યો.
પ્રિયંવદા: (અનુષ્ટુપ) ક્યું નામ, ક્યો વંશ કરો આપ અલંકૃત?
દુષ્યંત: પૌરવે પાઠવ્યો આવ્યો જાણવા ધર્મનાં વ્રત.
અને આ તાપસી વેશે, કહો કોણ સુરાંગના?
રૂડી લાવણ્યની મૂર્તિ, લાજાળુ, ધન્યદર્શના!
અનસૂયા: વિશ્વામિત્ર પિતા એના, અપ્સરા માત મેનકા,
શ્રી કણ્વે આશ્રમે પોષી માનીને નિજ કન્યકા.
દુષ્યંત: મૃગાક્ષી ખેલશે નિત્ય મૃગો સંગે? કહો મને.
અંગ છે વલ્કલે બાંધ્યું, છોડશે લગ્નબંધને?
પ્રિયંવદા: કર્યો સંકલ્પ શ્રી કણ્વે, મળતાં યોગ્ય કો વર
લગ્નમાં બાંધવા એને, ધરો શંકા ન અંતર.

શકુન્તલા: (મંદાક્રાંતા) ચાલી હું તો; મરમ વચનો આ નહીં સંભળાય,
અનસૂયા: ઘેલી બાળા, અતિથિવરને એમ છાંડી જવાય?
દુષ્યંત: ભદ્રે આર્યા! ઉર ધડકતું, હાથ કંપે તમારો
સેવા છોડી, અલક લટ આ ઊડતીને સમારો.

અનસૂયા: (અનુષ્ટુપ) ઋણમુક્ત થશે થાતાં પૂરું આ જલસિંચન,
દુષ્યંત: મુદ્રિકા આ દઉં એથી ફીટશે ઋણ કિંચન.
શકુન્તલા: રે, શેણે ન્યાળીને એને લોભાતું અધીરું મન?
અનસૂયા: કોતર્યું નામ દુષ્યંત; આપ શું એ મહાજન?

[અંદરથી દૂરથી ધ્વનિ]

સંઘ: (શાર્દૂલ૦) રે રે તાપસ સાવધાન મનથી આ આશ્રમે સંચરો,
ખેલે પૌરવરાજ આજ મૃગયા, રક્ષા મૃગોની કરો.
દુષ્યંત: શોધન્તા મમ સૈનિકો ઉપવને, આપો જવા સંમતિ,
શકુન્તલા: લાગ્યો કંટક ઓ સખિ! સહજમાં છોડી મને નાજતી.

['રે રે તાપસ'ની પંક્તિ ગવાયા કરે છે. ભેરીતૂરીના અવાજો સંભળાયા કરે છે. અને પડદો પડે છે.]

આ પ્રવેશમાં દુષ્યંત 'મધુરા શબ્દથી ગુંજે' એ શ્લોક બોલતાં, 'કન્યકા જલ સિંચન...કરે છે ત્યાં જવું કે ના,' એ લીટીનો લય વધારીને બોલે છે; અને ખૂણામાં જઇ ઊભો રહે છે. પછી વલ્કલની વાત આવે છે. 'સખિ! જો તાણીને બાંધ્યું' એ લીટી શકુન્તલા અને પ્રિયંવદા સામસામું જોઇને બોલ્યા પછી શકુન્તલા પડદા તરફ, પ્રેક્ષકોને પીઠ કરી, ઊભી રહે છે. એની પીઠ પાછળ પ્રિયંવદા એને આવરી, વલ્કલ ઢીલું કરતી હોય તેમ ઊભી રહે છે. એવામાં અનસૂયા જરા દૂરથી પોતાની લીટી બોલે છે. એટલે શ્રોતાનું ધ્યાન ત્યાં જાય છે, અને તરતજ દુષ્યંત એની પછી બોલે છે. દરમ્યાન શકુન્તલા સજ્જ થઇ, ફરી, બીજે ખૂણે એકીટશે જોતી ઊભી રહે છે.

આગળ ચાલતાં ભમરાના પ્રસંગ પછી શકુન્તલા 'ચાલી હું તો' વાળો શ્લોક બોલે છે. એ તરત જ છણકાથી સંગીતની લયગતિ વધારીને બોલે છે. એની પાછળ અનસૂયા દોડે છે; અને જે બાજુથી એ જવા જાય છે, તે જ બાજુ દુષ્યંત ઊભો છે, તે સ્હેજ જ આગળ આવી ગૌરવપૂર્વક, 'સેવા છોડી અલક લટ'વાળો શ્લોક બોલતાં એને જતી અટકાવે છે.

પછી મુદ્રિકાનો પ્રસંગ આવે છે. રાજા મુદ્રિકા આપે છે અનસૂયાને. શકુન્તલા એકલી, જરા દૂર. જઈ સૌને પીઠ કરી, 'રે શેણે ન્યાળીને' એ લીટી બોલે છે. કદી બે વાર પણ બોલે. અને એ દરમ્યાન અનસૂયાએ નામ વાંચ્યું, તે વાંચી, 'કોતર્યું નામ...' એ લીટી મોટેથી સૌને ધ્યાન ખેંચતાં બોલે. સૌ નમસ્કાર કરવા જાય, અને તરત જ અંદરથી 'રે રે તાપસ' વાળો શ્લોક સંભળાય. છેલ્લે નિરાધાર શકુન્તલાની ઉક્તિમાં 'લાગ્યો કંટક' બે વાર ભલે ગવાય. પછી કોલાહલમાં પડદો પાડવો.

(અનુસંધાન પૃ. ૧૭૭ ઉપર)

મલાયલમ્ ભાષાના આધુનિક મહાકવિ અને કથકલી નૃત્યના સમર્થ પુનરુદ્ધારક

વલ્લાથોલ નારાયણ મેનન

પોતાની અદ્વિતીય કાવ્યપ્રતિભાથી જે 'કેરળના ટાગોર' તરીકે મલબાર પ્રાંતમાં પ્રખ્યાત છે ને આખું જગત જેમને કથકલી નૃત્યના સમર્થ પુનરુદ્ધારક તરીકે ઓળખે છે તે મહાકવિ વલ્લાથોલ નારાયણ મેનનનું સ્થાન મલાયલમ્ સાહિત્યમાં અજોડ છે. જે સ્થાન આપણે ત્યાં મહાકવિ પ્રેમાનંદનું છે તેવું સ્થાન આ આધુનિક કવિનું મલબારમાં છે. ખરા આશ્ચર્યની વાત તો એ છે કે તેમની કવિતા શિક્ષિતો જેટલી જ અભણ ગ્રામજનોમાં પણ પ્રસરેલી છે. તેમની કવિતાઓ જેટલી લોકપ્રિય બીજા કોઈ પણ કવિની મલબારમાં થઇ નથી. અનન્ય પ્રતિભા ધરાવતાં છતાં દેખાવે તદ્દન સાદા એ માણસનું નામ આજે મલબારના ગામડે ગામડે પહોંચી ગયું છે.

આવા આ સમર્થ કવિનો જન્મ ઈ.સ. ૧૮૭૮માં ૧૧મી નવેમ્બરે મલબારના એક સંસ્કૃતભક્ત પંડિત કુટુંબમાં થયો હતો. ભગવતી સરસ્વતી દેવીની પ્રસાદ-અંજલિથી પુનિત આ બાળકે બાલ્યકાળમાં જ સંસ્કૃત કવિતાઓનું આકંઠ પાન કર્યું હતું. વાલ્મીકિ અને કાલિદાસ એ તેના પ્રિય કવિઓ હતા. કિશોર વયમાં જ તેણે સંસ્કૃત તેમજ મલાયલમ્ ભાષામાં પોતાનાં સ્વતંત્ર કાવ્યો રચવા માંડીને પોતાની પ્રતિભાનું પાણી બતાવી દીધું. ફક્ત ૧૫ વર્ષની ઉમરે તેને 'કાલિકટ ભાષાપોષિણી સભા' તરફથી તેણે રચેલી શ્રેષ્ઠ કૃતિ માટે પારિતોષિક મળ્યું. પંદર વર્ષની ઊગતી વયે આવું માન મેળવનાર આ કિશોરે શાળાનું મુદ્દલ શિક્ષણ લીધું નહોતું એ જાણીને ઘણાને આશ્ચર્ય થશે! વિદ્યાર્થી અવસ્થામાં તે કદિ માતૃભાષાની શાળામાં પણ ગયા નથી તો પછી અંગ્રેજીનું જ્ઞાન તો તેમને ક્યાંથી જ હોય?

હા, એટલું ખરૂં કે તેમના મામા રામકુન્ની મેનનને વૈદકીય વ્યવસાયનું જ્ઞાન ઉત્તમ હોવાથી તેમના હાથ નીચે તેમણે આયુર્વેદનો અભ્યાસ કર્યો હતો, અને આયુર્વેદના એ અભ્યાસને અંગે સંસ્કૃત ભાષાનો અભ્યાસ અનિવાર્ય થઈ પડવાથી તેમણે સંસ્કૃત ભાષા બરાબર શીખી લીધી હતી. આગળ જતાં આયુર્વેદ કરતાં તેમને સંસ્કૃત સાહિત્યની લગની વધારે લાગવાથી તેમણે સંસ્કૃત ગ્રંથોનું પરિશીલન ખૂબ કર્યું અને સ્વપ્રયત્ને જ સંસ્કૃતમાં અસામાન્ય પાંડિત્ય સંપાદન કર્યું. મલબારના સુપ્રસિદ્ધ તર્કશાસ્ત્રી સુબ્રમણ્યમ્ શાસ્ત્રી તથા સંસ્કૃતના પ્રખર પંડિત શ્રીરામ વારીયર પાસે તેમણે થોડો સમય તર્કશાસ્ત્રનો પણ અભ્યાસ કર્યો. અને સંસ્કૃત સાહિત્યના આ સતત વ્યાસંગથી તેમનું કવિ-હૃદય ઝંકૃત થઇ ઊઠ્યું.

જોકે પ્રારંભકાળનો તેમનો કાવ્યપ્રસાદ પ્રથમ તો આયુર્વેદના અભ્યાસના પરિણામ રૂપે વૈદકીય વિષયમાં જ ઊતર્યો અને તેમણે 'આરોગ્ય-ચિંતામણિ,' 'વૈદ્યજીવિતમ્', 'વૈદ્યભૂષણમ્', 'બાલ-ચિકિત્સા', 'નેત્રામૃતમ્' આદિ વૈદકને લગતા ગ્રંથો કાવ્યમાં લખ્યા. પરંતુ ત્યાર પછી મિલ્ટન જેવી અનુરક્તિથી તેઓ તે કલાની પાછળ જ પડ્યા. અને ૩૦ વર્ષની ઉમરે તો આ પ્રતિભાશાળી યુવાને વાલ્મીકિ રામાયણ ઉપરથી મલાયલમ્ ભાષામાં રામાયણની ઉત્કૃષ્ટ રચના કરી. સંસ્કૃત સાહિત્યમાં મૂળ ગ્રંથનું જે સ્થાન છે અને હિન્દીમાં તુલસીકૃત રામાયણને જે સ્થાન છે તે જ સ્થાન તેમના આ ગ્રંથનું મલાયલમ્ સાહિત્યમાં છે. સતત બે વર્ષનો અખંડ પરિશ્રમ તેમણે આ મહાગ્રંથ રચવા પાછળ લીધેલો. અને મલાયલમ્ સાહિત્યમાં આજે એ અપૂર્વ ગણાય છે



પણ આ ગ્રંથ સંપૂર્ણ થવાના અરસામાં તેમના ઉપર એક મોટી શારીરિક આપત્તિ આવી પડી. તેમને એકાએક કાનનું દરદ ઊપડ્યું, અને શ્રવણશક્તિ ધીમે ધીમે મંદ પડતી જઈ ચાર વર્ષમાં તો તદ્દન બંધ પડી ગઈ! ત્યારથી તે સંપૂર્ણ બહેરા થઇ ગયા છે. પણ આપત્તિનો જરા યે રંજ લાવ્યા વિના એ તો તેને આશીર્વાદ ગણે છે. એઓ કહે છે, 'એ આપત્તિએ તો મને મૌનના સંગીતનો આનંદ લેતો કર્યો છે!' લોકોએ પણ તેમની આ આપત્તિને ઈષ્ટાપત્તિ જ ગણી છે; કારણ એ આપત્તિનું કારુણ્ય તેમણે પોતાના 'બધિર વિલાપમ્' નામના ઉત્કૃષ્ટ કાવ્યસંગ્રહમાં ઠાલવ્યું છે! તેમનું આ પુસ્તક કલ્પનાની ભવ્યતા તથા પ્રેમની આત્મીયતાને લીધે શ્રેષ્ઠ પુસ્તક ઠર્યું છે.

ત્યાર બાદ તે પાંચ વર્ષ સુધી કોચીન રાજ્યમાં ત્રિચુર શહેરમાં 'કેરળ કલ્પદ્રુમ' પ્રેસના વ્યવસ્થાપક તરીકે રહ્યા ને પ્રેસની પ્રવૃત્તિમાં ઘણી વૃદ્ધિ કરી. અહીં તેઓ કેરળના બીજા પ્રસિદ્ધ કવિઓના નિકટ સંસર્ગમાં આવ્યા. આ અરસામાં તેમણે 'ચિત્રયોગમ્' મહાકાવ્ય લખવાનો પ્રારંભ કર્યો અને ત્રણ વર્ષની અવિરત મહેનત પછી તે પૂર્ણ કર્યું. સંસ્કૃત સાહિત્યનાં ઉત્તમ કાવ્યોનાં લક્ષણોવાળું તેમનું આ મહાકાવ્ય ઉચ્ચ કવિકલ્પના તથા રસાળ વર્ણનોને લીધે ઉત્કૃષ્ટ બન્યું છે.

આ પછી તેઓ 'કેરળોદય' નામના દૈનિકના સહતંત્રી નિમાયા અને 'આત્મપોષિની' નામના માસિકના તંત્રી બન્યા. આ અરસામાં તેમનો 'સાહિત્યમંજરી' નામનો ખંડકાવ્યોનો પહેલો સંગ્રહ પ્રસિદ્ધ

થયો, જે તેમના કાવ્યસંગ્રહોમાં અધિક લોકપ્રિય થયો છે. વળી 'ગદ્યવિહાર' નામનો તેમનો લેખસંગ્રહ પણ બહાર પડ્યો જે તેમની સુંદર ગદ્યશૈલીનો ઉત્તમ નમૂનો છે.

આ દરમ્યાન તે લાંબો કાળ ત્રાવણકોરમાં જ રહ્યા અને ત્યાં જ તેમણે પુરાણોને માતૃભાષામાં ઉતારવાનું મહાભારત કાર્ય કર્યું. જનસમાજને દુર્ગમ-દુર્બોધ એવો આપણો એ સાહિત્યભંડાર તેમણે જનતાને માટે ખુલ્લો કર્યો. વામનપુરાણ, મત્સ્યપુરાણ, માર્કણ્ડેય પુરાણ ઈત્યાદિ પુરાણોનું કાવ્યમય ભાષાંતર તેમણે કર્યું. આમ જે ફક્ત થોડાક પંડિતોને જ ભોગ્ય હતાં એવાં ઉત્કૃષ્ટ સાહિત્ય-રત્નોને તેમણે સામાન્ય જનતામાં પહોંચાડ્યાં. એ ઉપરાંત એ પુરાણકથાઓના ગુણદોષોનું વિવેચન કરતા સ્વતંત્ર લેખો પણ તેમણે લખ્યા.

આપણું સંસ્કૃત સાહિત્ય જગતનું ઉચ્ચ કોટિનું સાહિત્ય છે. સાહિત્યના ઉત્કૃષ્ટ નમૂનાઓ તે ધરાવે છે. પણ આપણો સામાન્ય સમાજ તેનો આસ્વાદ લૂંટી શકતો નથી. મૂળની સર્વ ખૂબીઓ જાળવીને તે સાહિત્યધનને લોકો સહેલાઈથી સમજી શકે એવી પ્રાકૃત ભાષાઓમાં લાવવાની અતિ આવશ્યકતા છે. આ ભગીરથ કાર્ય શ્રી વલ્લાથોલે એવી કુશળતાથી અને સફળતાપૂર્વક કર્યું છે કે કેરળના લોકો તેમના પર આફરીન છે વાલ્મીકિ રામાયણ ને વામન આદિ પુરાણોને સ્વભાષામાં લાવવા ઉપરાંત તેમણે સંસ્કૃતનાં 'ઉન્મત્ત રાઘવમ્', 'સ્વપ્નવાસવદત્તા', 'ઉરુભંગમ્', 'મધ્યમવ્યાયોગમ્', 'પંચરાત્રમ્', આદિ નાટકો મલાયલમ્ ભાષામાં અનુવાદિત કર્યાં છે. કવિકુલગુરુ કાલિદાસના 'શાકુન્તલ'નું તેમણે કરેલું સફળ ભાષાંતર તેમના સર્વ ભાષાંતરોમાં યશની કલગી રૂપ છે. શબ્દ-સૌકુમાર્ય અને અર્થ-સૌંદર્યથી યુક્ત 'વિલાસલતિકા' અને કાલિદાસના 'ઋતુસંહાર'નો તેમણે કરેલો અનુવાદ 'ઋતુવિલાસમ્' એ તેમના અદ્ભુત શૃંગારના ઉદાહરણ રૂપ છે. 'મગ્દલન મરિયમ્' (Mary Magdalane) નામની જીસસ ક્રાઈસ્ટના જીવનપ્રસંગોને વણી લેતી તેમની અભિનવ ગાથાકૃતિ તેમનાં ખંડકાવ્યોમાં શ્રેષ્ઠ સ્થાન ધરાવે છે, એટલું જ નહિ પરંતુ હિંદુધર્મના શ્રેષ્ઠ પુરસ્કર્તા હોવા ઉપરાંત ખ્રિસ્તી, બૌદ્ધ, ઇસ્લામ તેમજ શીખ સંપ્રદાયોનાં ઉત્કૃષ્ટ તત્ત્વોના તેઓ ઉદ્ગાતા છે એ સાબિત કરે છે. દેવદાસીની શોચનીય સ્થિતિનું ચિત્રાંકન કરતી 'કોચ્ચુ સીતા' (બાલસીતા) નામની કવિતા પણ તેમનાં કાવ્યોમાં અગત્યનું સ્થાન ધરાવે છે. વળી 'એક પત્ર', 'શિષ્ય ને પુત્ર', તથા 'પિતાપુત્ર', નામના તેમના કાવ્યખંડો પણ પ્રસિદ્ધ છે. તેમની શરૂઆતની ઘણી સંસ્કૃત કૃતિઓ નાશ પામી હોવાં છતાં અત્યાર સુધીમાં તેમના પાંત્રીસેક કાવ્યગ્રંથો પ્રકટ થયા છે, જેમાંના કેટલાક કોચીન રાજ્યમાં બી.એ. તથા એમ.એ.નાં પાઠ્ય પુસ્તકો તરીકે નિયુક્ત થયાં છે.

તેમણે પોતાનાં કાવ્યોમાં જૂની શૈલી અને આધુનિક વિચારોનો સુંદર સમન્વય કર્યો છે. પૌરાણિક વસ્તુઓના આધાર પર આધુનિક પરિસ્થિતિ આલેખવાની તેમની હથોટી ખરેખર પ્રશંસનીય છે. તેમની કવિતા પાંડિત્યથી લદાએલી, અલંકારોથી મઢેલી કે ક્લિષ્ટ નથી, પણ સહજ રીતે વહેતા સુંદર ઝરણા જેવી સહજસ્ફૂર્ત છે. સામાન્ય લોકો પણ જેને સહેલાઇથી સમજી શકે અને મોઢે કરી શકે એવી તેમની કવિતા હોય છે. કોમલ પદલાલિત્ય એ તેમની કવિતાની ખાસ વિશિષ્ટતા છે. તેમના કાવ્યમાં જીવનની ઉદાત્ત ભૂમિકા પ્રત્યેક સ્થાને પ્રતીત થાય છે.

કેરળ પ્રાંત અનેક કળાઓ અને સંસ્કૃતિનું પિયેર છે. એક કાળે કેરળની કળા ફક્ત હિંદમાં જ નહિ પરંતુ પરદેશમાં પણ ખૂબ વખણાતી. ખાસ કરીને ત્યાંના વિવિધ નૃત્યપ્રકારો—જેમાં કથકલી એક ઉત્કૃષ્ટ પ્રકાર છે—તે જૂના વખતમાં ખૂબ પ્રસિદ્ધ હતા. પણ દિવસેદિવસે આ કળાઓ લુપ્ત થવા માંડી હતી. પોતાના પ્રાંતના આ નાશ પામતા અમૂલ્ય સંસ્કૃતિધનને બચાવીને તેને નવજીવન આપવાનું ભગીરથ કાર્ય શ્રી વલ્લાથોલે માથે લીધું અને ઇ.સ. ૧૯૨૮માં તેમણે 'કેરળ કલામંડલમ્'નામની નૃત્યસંસ્થાની સ્થાપના કરી. આ સંસ્થા દ્વારા તેમણે નૃત્યકલાના—ખાસ કરીને 'કથકલી'ના પુનરુદ્ધારની દિશામાં કાર્ય શરૂ કર્યું. ફક્ત નૃત્ય અને અભિનય દ્વારા મૂકપણે કથાસ્ફોટ કરતા આ નૃત્યપ્રકારના પ્રચાર માટે તેમણે આખા હિંદનો પ્રવાસ કર્યો અને પરદેશની પણ મુલાકાત લઇ આવ્યા. તેમનું આ પુનરુદ્ધારકાર્ય એટલું ભગીરથ હતું અને તેને પરિણામે જીવંત બનેલી એ કળાએ લોકો પર એટલી સચોટ અસર કરી કે એ પ્રવૃત્તિથી તો તેઓ આંતરરાષ્ટ્રીય ખ્યાતિમાં આવી ગયા. એમની પાસેથી આ નૃત્યકલાની દીક્ષા પામી ગએલા ઉદયશંકરના ગુરુ થોત્તમ શંકરન્ ગોત્તી અને શંકરન્ નામ્બુદ્રીએ તો એમને તેમજ એમના કેરળ કલામંડળને જગમાન્ય બનાવ્યાં છે.

૧૯૩૮માં તેમનો ષષ્ઠાબ્દિપૂર્તિ સમારંભ લોકોએ અતિ ઉત્સાહપૂર્વક ઊજવીને તેમની સેવાની કદર કરી છે. એ પ્રસંગે કોચીનના મહારાજાએ તેમને 'કવિતિલકમ્'નું બિરદ તથા 'કવિસાર્વભૌમ'ની પદવી આપીને તેમનું બહુમાન કર્યું. ત્રાવણકોરના મહારાજાએ પણ તેમને 'વીરશૃંખલા'નું બિરદ અર્પણ કરીને તેમનું ગૌરવ કર્યું.

ફક્ત સાહિત્યસેવા અને કલોપાસના એ જ તેમના જીવનની ઇતિશ્રી નથી. તેઓ એક વિદ્વાન વિચારક હોવા સાથે સામાજિક, રાજકીય તથા ધાર્મિક બાબતોમાં જે નિશ્ચિત વિચારો ધરાવે છે તેના સમર્થ નિરુપણદ્વારા સમાજને સ્પષ્ટ માર્ગદર્શન કરાવવાની તાકાત પણ ધરાવે છે. તેમની વિચારસરણી જોકે સામ્યવાદી છે, તો પણ મહાત્માજીને તેમણે પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યા છે. પોતાના 'એંદે ગુરુનાથન્' (મારા ગુરુનાથ) નામના કાવ્યસંગ્રહમાં મહાત્માજીને જગતના સૌથી મહાન પુરુષ ગણાવીને બિરદાવ્યા છે કે 'તેમનામાં શ્રીકૃષ્ણની પ્રૌઢ બુદ્ધિ, ભગવાન બુદ્ધની અહિંસા, ઇશુ ખ્રિસ્તનો આત્મત્યાગ અને મહમ્મદ પયગમ્બરની દૃઢતાનો સુભગ સંગમ થએલો છે.' વાઇકોમ સત્યાગ્રહ વખતે ગાંધીજી મલબારની મુલાકાતે ગયા ત્યારે તેમની સાથે એ આખા મલબારમાં રખડ્યા હતા.

અસાધારણ વ્યક્તિત્વ ધરાવતા કવિ વલ્લાથોલની વક્તૃત્વશક્તિ પણ પ્રભાવશાળી છે. તેમનું સંભાષણ કવિત્વ અને ઉક્તિઓના તરંગોથી ભરેલું હોવાથી ખૂબ જ રસદાયક હોય છે. રંગૂન યુનિવર્સિટીમાં તેમણે કરેલા પ્રાસંગિક સભાષણથી અનેક યુરોપિયનો અને બર્માવાસીઓને સાનંદાશ્ચર્ય થયું હતું.

કલાના આ અઠંગ ઉપાસકને હજી વિશેષ પ્રાચીન સંસ્કૃત સાહિત્યનું સંશોધન કરી તેના પુનરુદ્ધારનું કાર્ય કરવાની હોંશ છે. હાલમાં તેઓ ચેરુથુરુ ગામમાં 'કેરળ કલામંડલમ્'ના નિયામકપદે રહી કથકલી નૃત્યના પુનરુદ્ધારનું કાર્ય શાંતિપૂર્વક કરી રહ્યા છે.

ગુલામીની શૃંખલા તોડવામાં ગુંથાએલા દેશને અત્યારે તેમના અદ્વિતીય કાર્યની મહત્તા કદાચ ન સમજાય. પણ સ્વતંત્ર દેશ જ્યારે પોતાની સંસ્કૃતિની ભાળ લેવા ઉદ્યુક્ત થશે ત્યારે આ મેધાવિન માનવીએ પોતાનાં કાવ્યો તેમજ નૃત્ય-પુનરુદ્ધાર દ્વારા કરેલી સંસ્કૃતિસેવા માટે તેનો અનન્યભાવે ઋણી બનશે; અને ઇતિહાસકારો તેમના કાર્યની સુવર્ણાક્ષરે નોંધ લેશે. તેમની પ્રતિભા તથા કલાશક્તિનો દેશને વધુ લાભ મળે તે માટે પરમેશ્વર તેમને લાંબુ આયુષ્ય આપે એ જ આપણી મનીષા હોય.

યોગેન્દ્ર પ્રિયદર્શી

દિલ્હીનો બીજો પ્રવાસ

બે આંતર-એશિયન પ્રદર્શનો તથા ભવ્ય એશિયાટિક પરિષદનો પરિચય આપતો પ્રવાસપત્ર

લેખક
રવિશંકર રાવળ



ચિ. કુમાર,

તારી પરીક્ષાથી તું છૂટો થયો હોત તો આ પ્રવાસમાં ઘણું જોવા-જાણવાનું મળી જાત. ઘણા ન ધારેલા માણસોનો સમાગમ ને સહવાસ, તેમજ અવનવી ઘટનાઓ તથા ઐતિહાસિક વ્યક્તિઓ ને પ્રસંગોના સાક્ષી બનવાનું ભાગ્ય આ પ્રવાસમાં સુલભ બન્યું હતું. પહેલાં તો હું પણ આ વર્ષે દિલ્હી જવાને બહુ ઈંતેજાર નહોતો; પણ ભાઈ યશવન્ત પંડ્યા દિલ્હીમાં રહ્યા રહ્યા ગુજરાતના સંસ્કાર-પ્રતિનિધિ તરીકે જાગૃત છે તેનો તેમણે સાચો પરચો આપ્યો.

દિલ્હીની આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ સોસાઇટીએ એશિયન પરિષદના અવસરને લક્ષીને પોતાના વાર્ષિક પ્રદર્શનને પણ 'ઇન્ટર એશિયાટિક એક્ઝીબિશન' નામ આપ્યું અને તે સારુ તેના પ્રમુખ તથા પ્રાંતિક પ્રતિનિધિઓ રૂપ ઉપપ્રમુખો સાથે એક કમિટિ સ્થાપી એ છ ઉપ-પ્રમુખોમાં મારૂં નામ હતું. છતાં મને ત્યાં હાજરી આપવાનો ઉમંગ નહોતો. સાથે બીજી 'અખિલ ભારત કલાકાર પરિષદ' પણ હતી. આ પરિષદના પહેલા વર્ષના કામકાજથી હું જરા ખિન્ન હતો અને આગળ કંઇ પ્રગતિ થવાની આશા નહોતી, એટલે તે માટે પણ હું ઉદાસીન હતો. (મારો ગયા વર્ષનો એ પ્રવાસ વાંચી જજે). પણ ભાઇ યશવન્ત પંડ્યાનો એકાએક એરમેઈલ પત્ર આવ્યો કે પ્રદર્શનના પરીક્ષકમંડળમાં મારી ચૂંટણી થઈ છે અને સોસાઇટીએ પ્રવાસ ખર્ચની મંજૂરી સાથે દરેક સભ્યનેઆમંત્રણ આપ્યું છે. આ પરીક્ષક-મંડળની ચૂંટણી કરવા તેમણે કેટલીક સંસ્થાઓના અભિપ્રાય મંગાવ્યા હતા ને તેમાં મને આગળપડતા મત મળ્યા હતા એમ પણ તેમણે જણાવ્યું હતું. આથી મને લાગ્યું કે ગુજરાત પ્રતિનું એ ખાસ કર્તવ્ય મારા પર સહજ આવ્યું છે તો તેને નકારી ન શકાય.

તા. ૧૮મી માર્ચની સવારે મેં અમદાવાદ છોડ્યું. સાથમાં ભાઇ બટુક (નરેન્દ્ર વ્યાસ)ને તૈયાર કર્યો, જેથી તેને પણ નવી દૃષ્ટિ મળે. સ્ટેશન પર ખબર પડી કે તે જ ડબ્બામાં બીજા સાથીદાર તરીકે બે-ત્રણ જૂના મિત્રો પણ હતા. અમદાવાદનાં સીને-ગૃહોમાં હિત ધરાવતા ભાઈલાલભાઇ પટેલ, લશ્કરી મિલના સેક્રેટરી નરસિંહભાઇ અને બી.બી. રેલવેના ટ્રાફિક ખાતાના હેડ ક્લાર્ક મણિભાઇ જોષી. આથી પ્રવાસમાં વિવિધતા ને મઝા મળી. જુદાંજુદાં ક્ષેત્રોની વાતો સાંભળી અને બીજા દિવસની સવાર સુધીનો વખત જલદી ખૂટી ગયો.



હિંદી ક્રિકેટના સરતાજ શ્રી વિજય મર્ચન્ટ (સ્કેચ ર. મ. રાવળ)

ગુજરાતનું ગાર્હસ્થ્ય

યશવન્તભાઇને મારા નીકળવાનો તાર આપ્યો હતો એટલે તે સ્ટેશને આવ્યા હતા. ન્યૂ દિલ્હીમાં તેમના નિવાસ પર પહોંચ્યા ત્યારે જાણ્યું કે આગળના બે અતિથિઓ વિદાય લઈ રહ્યા હતા. બાર વાગ્યે ઊપડતા વિમાનમાં વિજય મર્ચંટ જવાના હતા; અને ડૉ. સુમંત મહેતાના સુપુત્ર એન્જીનીઅર રમેશ મહેતાએ બિસ્રો બાંધી લીધો હતો. અમે તેમની જગ્યાઓ પર અમારો સામાન જમાવી દીધો. રમેશ મહેતા તો જૂના પરિચિત હતા. શ્રી વિજય મર્ચંટ તો આજે હિંદી ક્રિકેટના સરતાજ છે. એ ખાનદાન ખેલાડીનો પરિચય બહુ મધુર અને આનંદપ્રદ બન્યો. સાથે જમ્યા પછી મેં તેમનો એક સ્કેચ કરી લીધો અને પછી એર સ્ટેશન પર યશવન્તભાઈ જોડે જઇ તેમને વિદાય આપી. ઘેર આવ્યા ત્યાં બનારસથી હિંદુ યુનિવર્સિટીની આયુર્વેદ કૉલેજના પ્રિન્સિપલ આપણા જાણીતા ગુજરાતી ડૉ. બાલકૃષ્ણ અમરજી પાઠક અને તેમના પુત્ર વિનોદરાય અતિથિમંડળના સભ્ય બની ચૂક્યા હતા, અને જામનગરથી ડૉ. પ્રાણજીવનદાસ મહેતા બીજે દિવસે એરોપ્લેનમાં પહોંચશે એવો તાર હતો! આ પરથી પંડ્યા ગૃહની રોજનીશીપર મહેમાનોનીયાદી કેટલી હશે તેનું અનુમાન થઇ શકે. પણ એમની મુખમુદ્રા પરનું હાસ્ય અને એમના ઘરનાં માણસોનો ઉત્સાહ તથા બાળકોની વહાલપ અતિથિનો શ્રામ ભુલાવી દે એવાં સચેત હતાં.

ગુજરાતના ગરવા પ્રતિનિધિ દાદાસાહેબ માવળંકર હિંદની વડી ધારાસભાના પ્રમુખ છે એ તો તું જાણે છે. રેલવેના મારા સાથીદારોને ધારાસભા જોવી હતી. પણ તે માટે ૪૮ કલાક પહેલાં અરજી કરવી જોઈએ. માત્ર પ્રમુખ જ કોઈને તત્કાળ પરવાનગી આપી શકે છે. એટલે તેમના માટે મેં રાત્રે દાદાસાહેબને ટેલિફોન પર મારા નમસ્કાર જાહેર કરી એમની ઈચ્છા જણાવી કે તુરત તેમણે ફોન પર જ નામો નોંધી લીધાં અને બીજે દિવસે તેમને એસેમ્બ્લીના દ્વાર પર પાસ મળે એવી ગોઠવણ કરી આપી. સાથેસાથે મને પણ રવિવારે કેટલાક માનવંતા મહેમાનો સાથે જમવાનું નોતરૂં દીધું આમ

એમણે અનેક પ્રસંગે મને સ્વજન તરીકે સત્કાર્યો છે અને તેમના આનંદપ્રદ વ્યક્તિત્વનો સમાગમ આપતા રહ્યા છે.

પ્રદર્શન

મારે તો બીજે દિવસે પ્રદર્શનની પરીક્ષક મંડળી જોડે ચારસો'ક ચિત્રોની ચાળણી, ચૂંટણી અને યોગ્યતાની પરીક્ષાના કામમાં ઝુકવાનું હતું. પ્રદર્શનના મંત્રી શ્રી અનિલરાય ચૌધરીએ મધુર વિનયથી સ્વાગત આપ્યું, અને પોતાના સહાયક મંત્રી શાંત શીલવાળા મિ. બદરીનો પરિચય કરાવ્યો. ઉત્તર ભારતના સુપ્રવીણ દૃશ્યચિત્રકાર કનવાલકૃષ્ણ.(કમલકૃષ્ણ)ની પણ ત્યાં પહેલી વાર મુલાકાત થઈ. મુંબાઈની આર્ટ સોસાઍટી તરફથી ચુંટાએલા કલાકાર શ્રી. આચરેકર પણ આવી પહોંચ્યા. કલકત્તા સ્કુલ ઑવ આર્ટના પ્રિન્સિપલ શ્રી અતુલ બોઝ સાથે તો ૧૯૧૮ની સાલની જૂની મૈત્રી હતી તે યાદ કરાવી. શ્રી વરદા યુકિલ તો ગઈ સાલથી પરિચિત થઈ ગયા હતા.

પ્રદર્શન માટે આવેલાં ચારસોથી સાડી ચારસો જેટલાં ચિત્રોમાંથી માત્ર ૧૫૦ જેટલાં જ ચિત્રો ભીંતો પર રજૂ કરી શકાય એટલો અવકાશ હતો. બે દિવસની મહેનતે એ કામ પાર પડયું. એ જોતાં લાગ્યું કે આપણા કલાકારોની સર્જક શક્તિની ઊંચી કક્ષા બતાવતાં ચિત્રો આજકાલનાં ચિત્રપ્રદર્શનોમાં હમણાં વિરલ થયાં છે. પરિષદ અને પ્રદર્શનનો નિર્ણય બહુ ઝડપથી કરવો પડયો હોવાથી ઘણે સ્થળે ચિત્રો મોકલવાની મુદ્દત થોડી પડેલી ઠેકઠેકાણેથી તે વિષે ફરિયાદો આવેલી; અને મુંબાઈ તથા સંયુક્ત પ્રાંતોના કલાકારોમાં તો, લંડન પ્રદર્શન માટેના પ્રતિનિધિત્વ બાબતમાં મનદુઃખ હોવાને કારણે તેમનાં ચિત્રો તો રજૂ જ થયાં ન હતાં. વળી. પ્રદર્શનને 'આંતર એશિયાટિક' ઠરાવવામાં પણ સમિતિએ પોતાની મર્યાદાનો ખ્યાલ કર્યો નહોતો રશિયા, ચીન, અફઘાનિસ્તાન, બ્રહ્મદેશ અને જાવાના પ્રતિનિધિરૂપ થોડા નમૂના હતા. પણ તેથી તે તે દેશોની કળાનો ખરો ખ્યાલ થવો અશક્ય હતો. છતાં દિલ્હી આર્ટ સોસાઍટીને ધન્યવાદ ઘટે કે તેણે પોતાના કાર્યક્રમોમાં સાતત્ય રાખવા ખૂબ જહેમત વેઠી હતી. આ વખતની કલા પરિષદ મૂળ તો લાહોરમાં ભરવાનું ઠર્યું હતું, પણ પંજાબનાં કોમી રમખાણોએ તેને અસંભવિત કરી દીધી હતી, એટલે પરિષદ મરી ન જાય એ ખાતર ફરી દિલ્હીમાં જ તે મેળવવા આમંત્રણ આપ્યાં હતાં.

આંતર-એશિયન પ્રદર્શન

તા. ૨૪મીની સાંજે સેન્ટ્રલ એશિયન મ્યૂઝિયમમાં સરકારી પુરાતત્ત્વ ખાતા તરફથી એશિયાના પ્રાચીન સંસ્કાર-સંબંધો બતાવતા અવશેષોનું ભવ્ય પ્રદર્શન હતું. આ પ્રદર્શનની સફળતામાં આપણા સુપરિચિત ડૉ. વાસુદેવશરણ અગ્રવાલનો પ્રધાન પ્રયત્ન હતો. મોહેં-જો-ડેરોથી માંડીને મુઘલ સામ્રાજ્ય સુધીના સમયમાં કેટલા માર્ગો દ્વારા હિંદે ઈતર મુલકો સાથે સંસ્કારનું આદાન-પ્રદાન કર્યું તેની સુસ્પષ્ટ રેખા અને પદાર્થોનું આયોજન તેમાં કરવામાં આવ્યું હતું. ઉપરાંત તેનો એક ખાસ નકશો પણ તૈયાર કરવામાં આવ્યો હતો. સંસ્કાર, ઇતિહાસ, શિલ્પ. કલા અને રાજદ્વારી સંબંધોની આવી પ્રત્યક્ષ પાઠાવલિ કદી જોવામાં આવી ન હતી. ગુપ્ત સમયના સુવર્ણઅલંકારો અને મણિ-માણિક્યની મૂર્તિઓ, ભરી બંદુકના પહેરામાં પણ સામાન્ય જનતાને પહેલી જ વાર જોવા મળી હશે. આજની કલ્પના અને કૌશલ્યને સ્તબ્ધ કરે એવી એ અજાયબીઓ હતી.

નવા યુગના વિજ્ઞાને પણ પ્રાચીન અજાયબીઓને પ્રત્યક્ષ કરવામાં જે એક અનેરો ફાળો આપ્યો છે તે 'ત્રિખંડી ફોટોગ્રાફી'નો આશ્ચર્યકારક પ્રકાર પણ મેં ત્યાં જોયો. આંખ માને જ નહિ કે સામેનું



ઉપર : એશિયાટિક પરિષદનું એક દૃશ્ય; નીચે : પરિષદમાં ભાષણ કરતાં પંડિત નેહરૂ—આંતર એશિયન પોશાકમાં



ચિત્ર સપાટ ફોટોગ્રાફ છે કે કોતરેલું શિલ્પ છે! હાથ ફેરવી જોયો ત્યારે જ ખાત્રી થઈ કે એ તો સપાટી પરનો દેખાવ માત્ર હતો ! ફોટોગ્રાફીનો આ પ્રકાર જોયા પછી આપણને પૂર્વજોની સાદી છબિઓ નહિ જ ગમે. પણ એમના ત્રિખંડ ફોટોગ્રાફો હવે તો અપ્રાપ્ય જ રહેવાના, કારણકે આવી ફોટોગ્રાફી કરવાને અસલ પદાર્થ કે વ્યક્તિની જરૂર રહેવાની જ.

ભવ્ય એશિયાટિક પરિષદ

કલાનાં અને બીજાં પ્રદર્શનોની વાત તો દિલ્હીમાં એ સમયે પરચુરણ વાનીઓ હતી મુખ્ય પ્રસંગ તો એશિયન પરિષદ હતી. જોકે હું તો કલાપ્રદર્શનનું આમંત્રણ ન હોત તો ખાસ એ માટે જઇ શક્યો ન હોત; પણ દિલ્હીમાં હોઇએ ને એ પરિષદ ન જોઈ શકાય તો કાશી જઇને ગંગાસ્નાન વિના રહેવા જેવું ગણાય. હિંદની ચારે દિશાઓથી આ પ્રસંગ માટે શ્રીમતો ને સાધારણો દિલ્હીમાં ઊતરતા

હતા. કંઇક જાણીતા હતા; કંઈક અજાણ્યાના પરિચય થતા હતા; અને ભાઇ પંડ્યાના ઘરમાં બિસ્તરાની નવીનવી ગોઠવણ થતી જતી હતી. ડૉ. બાલકૃષ્ણ પાઠક આયુર્વેદ-સમિતિના સમાચાર લાવતા હતા. ડૉ. પ્રાણજીવનદાસ મહેતા આયુર્વેદનો ધ્વજ રાષ્ટ્રીય સમારંભમાં નેતાઓ આગળ ફરકાવતા હતા અને પોતાના 'આયુર્વેદ મહામંદિર'નું સ્વપ્ન પ્રસારતા હતા. એમની એ ધૂન ને પ્રચારયાત્રાઓમાં જાણે ધાર્મિક ઝનૂન હતું. છતાં તા. ૨૫મીની બપોરે ત્રણ વાગે સૌ પોતપોતાના માર્ગ બદલી એશિયન પરિષદમાં જવા તૈયાર થયા. પરિષદના સંચાલકોએ બે કલાક પહેલાં હાજર થવાની ચેતવણી આપી હતી. શ્રી પંડ્યાની મોટરના બે ફેરાએ સૌ અતિથિઓ તથા ઘરનાં પાત્રોને દિલ્હીના 'પુરાણા કિલ્લા'ના મેદાન પર ઉતારી દીધાં. ન્યૂ દિલ્હીથી પાંચ માઈલ દૂર આ મહા માનવમેળો ભેગો થયો હતો. કીડીઓની હાર જાય તેમ મનુષ્યો આગળ સરી રહ્યા હતા. લગભગ ૨૫,૦૦૦ માણસો માય એવડો એક ત્રિકોણાકાર મંડપ તૈયાર કરવામાં આવ્યો હતો અને વક્તાઓનો અવાજ છેક બહાર સુધી બરોબર જાય એમ લાઉડસ્પીકરો ગોઠવાયાં હતાં. જુદાજુદા દરવાજેથી બધાં માણસો વર્ગો પ્રમાણે પાંચ વાગ્યા સુધીમાં ગોઠવાઇ ગયાં. શ્રી વાસુદેવશરણજીની ભલામણથી મને છેવટની ઘડીએ પ્રેસ-પાસ મળી જવાથી હું પ્રેસ ગૅલરીમાં ઘણો આગળ બેસી શક્યો. પણ એટલો નજીક નહિ કે વ્યક્તિઓનાં સાન્નિધ્ય-ચિત્રો (સ્કેચ) કરી શકું. છતાં જે કંઈ જોયું, સાંભળ્યું ને નોંધ્યું તેથી જીવનને કૃતાર્થ માન્યું.

પરિષદનાં વર્ણનો તો છાપાંઓએ ખૂબ વિગતોથી પ્રગટ કર્યા છે. પણ તેનું સમગ્ર દર્શન તો વર્ણનો કે બારીક ફોટોગ્રાફોથી આવવાનું લગભગ અશક્ય છે. મુખ્ય મંચ ઊંચી પીઠની એક ગોળાકારી પીઠિકા હતી, અને તેની બે બાજુ ચડઊતર બે ગૅલરીઓ પર દેશપરદેશના પ્રતિનિધિઓની બેઠકો હતી, જ્યાં તેમનાં રાષ્ટ્રીય પ્રતીકો તથા મોટા અક્ષરે તે તે દેશનાં નામો હતાં. વ્યાસપીઠની ભીંત પર એશિયાનો એક વિરાટ નકશો હતો અને તેને વિમાનમાર્ગોના લાલ પટાથી સાંકળી લીધો હતો. નકશાને મથાળે ASIA અક્ષરો લાલ રંગની નિયૉન પ્રકાશનળીથી માણેકની જેમ ચમકતા હતા અને નકશાની બંને બાજુઓ પર, પરિષદમાં ભાગ લેનારા દરેક દેશની રાષ્ટ્રપતાકાની હાર બહુ જ સુરુચિપૂર્વક ગોઠવેલી હતી.

સિંહદ્વારથી દેશદેશનું પ્રતિનિધિમંડળ જેમજેમ આવતું જતું તેમતેમ ફેંટાવાળાઓનું એક મોટું સૈન્ય જાણે સલામી આપતું હોય તેમ, ચાંપો ચડાવી સજ્જ બની જતું. તિબેટ, અરબસ્તાન, ઈન્ડોનેશિયા, તાજીગિસ્તાન વગેરે દેશોના, એશિયાના પૂર્વ-પશ્ચિમ-ઉત્તર-દક્ષિણ સંબંધો સાંધતા પ્રતિનિધિઓનું દર્શન, ભાવોના અનેક થિંકંપો પ્રકટાવતું. શ્રી સરોજિની નાયડુએ આ પરિષદનું સ્વાગત કરતાં તેમના જીવનનું સર્વોત્તમ પ્રકરણ ઘડી નાખ્યું અને પંડિત જવાહરલાલે તો જગતના ઇતિહાસમાં આ પરિષદને અપૂર્વ સ્થાન અપાવ્યું. પરિષદનાં વ્યાખ્યાનો અને દૃશ્યો રેડિયો તેમજ સીને-યંત્રોએ સંઘરી લીધાં છે, એટલે હવેની પ્રજાને તેમાંનું ઘણુંખરું સાંભળવા-જોવાનું મળશે. આ પરિષદ પછી ભારતીય જન તેના એશિયાવાસી અન્ય બંધુઓ પાસે એક વિરાટ મૂર્તિ સમો ભાસે છે. તેની ભાવના અને ઉદ્દેશ જગતના કલ્યાણમંત્રો બને છે. આપણે દરેક જણે આ મહત્ત્વની સાધનામાં હિસ્સો પૂરવો પડશે. જેમણેજેમણે આ પરિષદ જોઈ તે દરેકે તેને અપૂર્વ માની છે.

અખિલ ભારતીય કલાકાર પરિષદ—બીજું અધિવેશન

આર્ટ સોસાએટી ઑવ ઇન્ડિયાએ ગયે વર્ષે પરિષદના સ્થાયી બંધારણ માટે એક ખરડો ઘડેલો, તે પસાર કરવાની પૂરી આશાથી આ પરિષદ બોલાવી હતી એ સ્પષ્ટ હતું. વીસ બાવીસ જેટલા પ્રતિનિધિઓ ચુંટાઇને આવેલા હતા. એ બધાનું સંમેલન પાર્લૅમેન્ટ રોડ પર રેડિયો-ઘરની બાજુમાં સોસાએટીને મળેલા મકાનમાં જ રાખવામાં આવ્યું હતું. પ્રો. નિકોલસ રોરિકનું નામ પ્રમુખ તરીકે સૂચવાયું હતું, પણ ગમે તે કારણે તેમને યોગ્ય સમયમાં સંદેશા મળ્યા ન હતા, તેથી આવી શક્યા નહિ. તેથી કલકત્તા યુનિવર્સિટીના ઇતિહાસના પ્રોફેસર ડૉ. સુહરાવર્દીની પ્રમુખ તરીકે ચૂંટણી થઈ. આ પરિષદના થોડા પણ ચુનંદા પ્રતિનિધિઓએ આગળના બંધારણ અને સૂચનાઓની ઝીણી તપાસ કરી નાખીને લગભગ આખુ જ બંધારણ નવેસરથી રજૂ કર્યું. મુંબાઇથી આવેલા શ્રી આંબેડકર અને શ્રી મનુ ઠક્કરે વિરોધ પક્ષ લઇ રજૂ થએલી યોજનામાં સબળ રીતે અનેક વાંધા બતાવ્યા ને મોટા ભાગના પ્રતિનિધિઓને પોતાના વલણમાં લઈ લીધા; અને અંતે ખૂબ છણાવટ પછી અખિલ ભારત કલાકારોનું એક નવું જ મંડળ સ્થાપવાની યોજના પાસ કરાવી. આરંભમાં પ્રત્યેક પ્રાંતનું પ્રતિનિધિત્વ આવી જાય એવી એક ૨૫ સભ્યોની સમિતિને બંધારણ તથા યોજના તૈયાર કરવાનું સોંપ્યું, એમાં મારું નામ પણ છે. પરંતુ મને એક જ ભય છે કે સર્વ

એશિયાની કૂચ

જીવનમાં જન્મ પણ નથી અને મૃત્યુ પણ નથી. છે માત્ર જીવનને વધુનેવધુ ઉન્નત કરવાની મહત્ત્વાકાંક્ષા સેવતો અમર આત્મા. આ છે હિંદનો ઈતિહાસ; આ છે સમસ્ત એશિયાનો ઇતિહાસ. તમારો ધર્મ ગમે તે હો, તમારો વંશ ગમે તે હો, તમારી ભાષા ગમે તે હો, પણ હું ખાત્રીપૂર્વક તમને કહું છું કે વિશ્વમાં જન્મ કે મૃત્યુ કશું જ નથી. આપણે તો આગળ ને આગળ, ઊંચે ને ઊંચે પ્રગતિ જ કરતા હોઇએ છીએ. અને જ્યાં સુધી આપણે આકાશના તારાઓને પહોંચીએ નહિ ત્યાં સુધી આપણી એ કૂચ ચાલુ જ છે.

અને આપણી એ આગેકૂચને કોણ થંભાવી શકે એમ છે? આપણને કોણ કહી શકે તેમ છે કે 'હવે બસ, રુક જાઓ'? આપણી તમન્ના તો છે આકાશનો ચન્દ્ર નીચે ઉતારવાની. પણ આપણે કોઇને કદી કહ્યું નથી કે અમને એ ઉતારી આપો. આપણે તો જાતે જ તેને આકાશમાંથી ચૂંટી લઇ એશિયાના સ્વાતંત્ર્યમુકુટ પર બેસાડી દઇએ છીએ.

(એશિયન સંમેલનમાંના ભાષણમાંથી) —**સરોજિની નાયડુ**


કામકાજ કરનારી એક કેન્દ્રીય સંસ્થા નથી બની ત્યાં સુધી બધાના વિચારો ને મતનું એકીકરણ ઘણું ઢીલમાં પડશે. દિલ્હીની આર્ટ્સ ઍન્ડ ક્રૅફ્ટ્સ સોસાએટી હવે એ કાર્યની જવાબદારીમાંથી ખસી જાય છે, એટલે નવી સમિતિએ કોઈ નવી પીઠ ઊભી કરવાની રહી. આપણે ત્યાં જુદીજુદી સંસ્થાઓ થાય છે, પણ બધા વચ્ચે ભ્રાતૃભાવ અને સહકારની લાગણી વિકાસ પામતી નથી એ શોકજનક બિના છે. મુંબાઇમાં પણ બેત્રણ કલાસમિતિઓ ને મંડળો છે. તેઓ એકએકની પૂરક બનીને દેશની પ્રગતિને આગળ ધપાવવાની હિતકારક હરીફાઇ કરે તોયે સારું પરિણામ આવે. આથી જ ઘણી વાર હું એકાંત કાર્ય કરી સંતોષ લઉં છું.

દિલ્હીના જૂના શહેરમાં તો એ વખતે કર્ફ્યૂ ચાલતો હોવાથી બીજે ક્યાં યે જવા કે હળવામળવાની તક રહી નહોતી, એટલે કલાકાર પરિષદ પૂરી થતાં મેં બીજે દિવસે સવારે દિલ્હી છોડી દીધું.

ઍટમ બૉમ્બ

વર્તમાનની સમસ્યા પર રચાએલી ભવિષ્યની એક વાર્તા

લેખક
કાલિદાસ જાદવ



એ બનાવ બન્યો એ વખતે હું ત્યાં જ હતો. સાંજને સમયે સામાન્યરીતે અમદાવાના રસ્તા માણસોથી ભરપૂર હોય છે જ. તેમાંય આ તો શાકમારકીટ પાસેનું સ્થળ. બાજુમાં દાતણવાળા દાતણના ભાવ લલકારતા હતા. થોડે દૂર બેત્રણ શાકની લારીઓ હતી. હું તે વખતે દાતણ ખરીદી રહ્યો હતો. એકાએક મોટો ભયંકર અવાજ થયો ને શાકની એક લારી સદંતર અદૃશ્ય થઈ ગઇ!

માણસોની નાસભાગ શરૂ થઇ ગઈ. પડેલા ઊઠે તે પહેલાં જ એમના પર આવીને બીજા પડવા લાગ્યા. શું થયું, શાને માટે બધા નાસે છે એ પૂછવા કોઈ રહેતુંજ નહિ. બસ નાસવા સાથે જ કામ.

હું તો ફૂટપાથના એક ખૂણા પર પટકાઈ ગયો હતો. મેં અવાજ સિવાય કશું સાંભળ્યું ન હતું ધક્કાને લીધે પડ્યો. અને પડ્યો એવો જ બેભાન થયો. ભાન આવતાં જોયું કે કેટલાક માણસો પોલિસને બનાવવાળું સ્થળ બતાવતા હતા. પોલિસની હાજરીમાત્રથી હિંમત આવતાં ઘણા માણસો એ સ્થળ તરફ ધસી રહ્યા હતા.

જ્યાં લારી હતી ત્યાં ત્રણેક ફૂટનો એક લંબગોળ પ્રકાશિત પદાર્થ પડયો હતો. લારીવાળો બેભાન સ્થિતિમાં પડ્યો હતો. એને થોડી ઇજા થએલી હોવાથી ઍમ્બ્યુલન્સ બોલાવી એને સારવાર માટે દવાખાનામાં મોકલવામાં આવ્યો. એ પછી પંચની રૂબરૂમાં પોલિસે પેલા પ્રકાશિત પદાર્થનો કબજો લીધો.

આ લંબગોળને ખોલવા માટે પોલિસે એના બધા ઉપાયો અજમાવી જોયા. એ લંબગોળ પારદર્શક હતો, અને એની વચમાં કાગળનો મોટો વીંટો વાળેલો હતો. એ કાગળમાં શું લખેલું છે તે જાણવા માટે પોલિસ પ્રયત્ન કરે એ સ્વાભાવિક હતું.

પોલિસ નિષ્ફળ જતાં આખરે એ પદાર્થવિજ્ઞાનીઓને સોંપવામાં આવ્યો. આખા યે લંબગોળમાં એક પણ સાંધો નહિ, એટલે કયાંથી એને ખોલવો એની ખબર ન પડે. એને તોડવાનો પણ નિષ્ફળ જ પ્રયત્ન કરવામાં આવ્યો. પોલાદ ઓગાળવાની ભઠ્ઠીમાં નાખી એને ઓગળવાનો પ્રયત્ન થયો એ પણ નાકામયાબ નીવડ્યો.

આમ ને આમ છ માસ વીતી ગયા! અંતે, એના આશ્ચર્યકારક આગમનની જેમ જ, એક દિવસ એ એકાએક આપમેળે તૂટી ગયો! જોષીના ટીપણા જેવા એ કાગળમાં જે આલેખેલું હતું તે છાપાંઓમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું. એનો ટૂંકસાર નીચે પ્રમાણે છે.

શરૂઆતમાં તો એમાં આપણા સૂર્યમંડળનું ચિત્ર દોરવામાં આવેલું. એમાં શુક્રના ગ્રહથી આપણી પૃથ્વીને જોડેલી એક લીટી દોરવામાં આવેલી. એ લીટીના પર એ લંબગોળ વસ્તુના જેવો જ એક લંબગોળ દોરેલો હતો. આટલા પરથી એટલું તો સ્પષ્ટ થતું હતું કે આ વસ્તુ શુક્રના લોકોએ પૃથ્વી પર મોકલેલી હોવી જોઇએ.

પછીના ચિત્રમાં એક મોટી ચીજ પર હથોડા પડતા હોય એવું બતાવવામાં આવેલું હતું. એ જ ચીજના જુદાજુદા કદના નાના ભાગો પણ બતાવેલા. તેની પછીના ચિત્રમાં એક સૂક્ષ્મદર્શક યંત્રમાંથી એ જ ચીજનો એક નાનામાં નાનો ભાગ ચોકખો જોઈ શકાતો હતો. એ આખા યે ચિત્રનો અર્થ 'ઍટમ' થતો હશે એ સ્પષ્ટ હતું.

ત્રીજા ચિત્રમાં જુદાંજુદાં યંત્રોની આકૃતિઓ આપેલી હતી. વિજ્ઞાનીઓને એ સમજતાં વાર ન લાગી કે આ યંત્રો ઍટમના વિભાગીકરણ કરનારાં યંત્રોમાંનાં જ છે. ચોથા ચિત્રમાં વળી પાછું સૂર્યમંડળ આપેલું હતું. એમાં પૃથ્વીના નાના નાના ટુકડા થઈ અવકાશમાં વેરાતા બતાવેલા. પાંચમા ચિત્રમાં એ જ પ્રમાણે બીજા ગ્રહોનું થતું બતાવવામાં આવેલું. આ ચિત્રો જોવા પરથી સમજાઈ આવતું હતું કે અટમના વિભાગીકરણથી આખા સૂર્યમંડળનો પ્રલય શકય છે.

છેલ્લા ચિત્રમાં મોટા પાયા પર સૂર્યમંડળ બતાવવામાં આવેલું. પૃથ્વી અને શુક્રને જોડનારી એક લીટી આમાં પણ હતી. આ લીટી પર 'પાઈથાગોરસ'ના ભૂમિતિના સિદ્ધાંતની દોરેલી આકૃતિ હતી.

આ છેલ્લા ચિત્રનો સંદેશ સ્પષ્ટ હતો. ઍટમના વિભાગીકરણથી સૂર્યમંડળનો નાશ વહોરી લેવા પૃથ્વીના લોકો તૈયાર છે કે કેમ? જો એમ કરવા પૃથ્વી તૈયાર ન હોય તો પૃથ્વીના કોઈ એક વિશાળ પ્રદેશ પર એ પાઈથાગોરસની આકૃતિ દોરવી.

જગતનાં વર્તમાનપત્રોમાં આ બીના પ્રસિદ્ધ થયા પછી તો દુનિયા-

ભરમાં તે પર મહાન ચર્ચા શરૂ થઈ. માનવજાતના બે ભાગ બની ગયા. એક ભાગ આ બીનાને સાચી માનનાર; બીજો ન માનનાર.

ઉપર જણાવેલા સ્પષ્ટ સંદેશને મહાન તૂત માનનાર પહેલો વર્ગ એવો પ્રચાર કરતો કે શુક્રના ગ્રહમાં જીવનનું અસ્તિત્વ જ સંભવિત નથી. એ ગ્રહનું કદ, એનું વાતાવરણ, સૂર્યથી એનું અંતર વગેરે બાબતોનો આધાર લઈ, એ પહેલો વર્ગ એમ સાબિત કરવા માગતો કે શુક્રના ગ્રહ પર કોઈ જીવન જ સંભવિત નથી. કદાચ સંભવિત હોય તોપણ પૃથ્વીના માનવો જેટલી ઉચ્ચ બુદ્ધિકક્ષાએ પહોંચેલું જીવન તો ત્યાં ન જ હોય. વિશેષમાં એ વર્ગ માનતો કે ઍટમ-શક્તિને આંતરરાષ્ટ્રીય બનાવવા એક વર્ગ મથે છે અને એની બધી શોધો પર આખી માનવજાતનો સામાન્ય કાબૂ હોવો જોઇએ એમ એ વર્ગ માને છે. આમજનતાને ગભરાવી મારવા માટે એ વર્ગે કદાચ આવો લંબગોળ બનાવી મહાન તરકટ ઊભું કર્યું હોવાનો સંભવ છે. ઍટમ-બૉમ્બની શોધ એ વર્ગ પાસે ન હોવાથી તે આવાં કાવતરાં કરે એ સાવ સ્વાભાવિક વાત છે. આવુંઆવું મનાવવા આ પ્રથમ વર્ગ મથતો.

જ્યારે લંબગોળની વાત સાચી જ હોવાનો સંભવ વધારે છે, એમ માનતો બીજો વર્ગ પણ સામેથી પોતાનો પ્રચાર કર્યે જતો હતો. એ વર્ગ જણાવતો કે અમારી પાસે ઍટમની બનાવટની કળા નથી એ વાત સાવ ખોટી છે. અમે કાંઈ ડરથી અગર અદેખાઇથી પ્રેરાઇને આ વાતને સાચી માનતા નથી. અમારૂં માનવું છે કે શુક્રમાં આપણા જેવું નહિ તો બીજા કોઈ પ્રકારનું પણ જીવન સંભવિત છે જ. આખા વિશ્વમાં માત્ર આપણે જ બુદ્ધિમાન હોઇએ અને બીજા ન હોઇ શકે એ માનવું એ નરી મૂર્ખાઇ છે. માટે આ લંબગોળમાં આવેલા સંદેશા પ્રમાણે આપણે ઍટમબૉમ્બનો ઉપયોગ કરવો જ ન જોઇએ. નહિતર પરિણામ વિપરીત આવવા સંભવ છે.

આમ આ પ્રચાર—પ્રતિપ્રચાર ત્રણેક વર્ષ સુધી ચાલ્યા જ કર્યાં. માનવજાતે શુક્રના ગ્રહને સંદેશો મોકલ્યો નહિ. ત્રણ વર્ષના અંતે ત્રીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. આ યુદ્ધમાં બે ગોળાર્ધ ભાગ લઈ રહ્યા હતા. પૂર્વ ગોળાર્ધમાં રંગભેદ, દેશભેદ અગર વર્ગભેદ વિનાની સમાજ-રચના ચાલતી હતી. પશ્ચિમ ગોળાર્ધમાં રંગભેદ પણ હતો અને વર્ગ-ભેદ પણ હતો. એ ગોળાર્ધમાં અમેરિકા અગ્રેસર હતું, જ્યારે પૂર્વ ગોળાર્ધમાં રશિયા આગળપડતું કામ કરતું હતું.

બંને પક્ષો ઍટમબૉમ્બનો છૂટથી ઉપયોગ કરતા. મહાસાગરોમાં ઘૂમતા આખા ને આખા નૌકાકાફલા વિપલમાત્રમાં વિનાશ પામતા. શહેરોનાં શહેરો નિમેષમાત્રમાં ભસ્મીભૂત બનતાં. આખું જગત અત્યંત વેગે કબ્રસ્તાન બની રહ્યું હતું.

ત્રીજા વિશ્વયુદ્ધને શરૂ થયે છ માસ પૂરા થયા હતા. બંને ગોળાર્ધનાં શહેરો ખાલી થઈ ગયાં હતાં. માણસો મોટે ભાગે ભૂગર્ભ-માં અગર જંગલોમાં વસતા હતા. હું પણ વિન્ધ્ય પર્વતની કતા-રોની વચમાં આવેલા મારા ગામડાના વતનમાં ચાલ્યો ગયો હતો.

એક સાંજે હું મારા ગામ પાસેના જંગલમાં ફરવા ગયો હતો. આ વિશ્વયુદ્ધ ચલાવનાર માનવજાતની મૂર્ખાઇ પર હું વિચાર કરી રહ્યો હતો. એવામાં મારાથી સોએક વાર દૂર એકાએક બેત્રણ ઝાડ તૂટી પડવાની સાથે મોટો ભયંકર અવાજ થયો. તૂટેલાં ઝાડ હું જોઈ શકતો, પણ તે શાથી તૂટ્યાં તેનું કારણ હું બિલકુલ તે વારે ન જાણી શક્યો. પાએક કલાક હું આમ સ્તબ્ધ જ વિચારતો રહ્યો.

થોડી વારે કોઇ મારા તરફ આવતું હોય એવો અવાજ મેં સાંભળ્યો પણ હું એ આવનારને જોઇ શકતો ન હતો. ધીમેધીમે નજીક આવતો એ અવાજ નિકટ આવતાં હું ભયભીત બની ગયો. અને એકાદ મિનિટ એમ પસાર થયા પછી કોઈ અત્યંત સૌમ્ય અસરે મને આવરી રહી છે એવો મને ભાસ થયો. એ પછી હું એકાએક ઉંચકાયો ! મને ખ્યાલ આવ્યો કે કોઇ અણજાણ વ્યક્તિ મને કોઇ જગ્યાએ ઉઠાવી જાય છે. આમ મને પેલાં તૂટેલાં ઝાડ પાસે લઈ જવામાં આવ્યો. મને હજી પણ યાદ છે કે મને એક અદૃશ્ય ટેબલ પર સુવાડવામાં આવ્યો હતો અને એ પછી હું અભાન બન્યો હતો.

એ સ્થિતિમાં હું કેટલી વાર રહ્યો હોઈશ એનો તો મને ખ્યાલ નથી. માત્ર એટલો જ ખ્યાલ છે કે 'તમારે જરાય ભયભીત થવાની જરૂર નથી' એવા શબ્દો સાંભળી હું જાગી ગયો. શબ્દો સાંભળ્યા છતાં કોઇને ન જોવાથી મેં જણાવ્યું: 'માફ કરજો. હું તમને જોઈ શકતો નથી.'

સામી વ્યક્તિએ જવાબ આપ્યો: 'માફી અમારે માગવી જોઇએ. અમને એ ખ્યાલ ન રહ્યો કે અમે તમારાથી અદૃશ્ય છીએ.'

'પહેલાં તો મને એ જણાવો કે તમે લોકો કોણ છો અને મને શાને કાજે કેદ કર્યો છે.'

'અમે શુક્ર-માનવો છીએ. ઍટમ બૉમ્બ ન વાપરવા અમે તમને સંદેશો મોકલ્યો. પણ તમે તો એનો જવાબ સરખો યે આપતા નથી!' કહી એણે મને પોતાના અસ્તિત્વની ખાતરી કરાવવા મારો હાથ પોતાના હાથમાં લીધો.

'હું એક સામાન્ય માણસ. મારૂં કહેવું અમારા લોકો ન માને. તેથી મને કેદ કરવાથી તમારો કોઈ અર્થ સરશે નહિ.'

'સામાન્ય માણસ ? તમારે ત્યાં વળી શું 'સામાન્ય' અને 'અ-સામાન્ય' એવા ભેદ છે ?' શુક્રમાનવે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'હા. અમારા રાજ્યકર્તાઓને તમારો સંદેશો મળ્યો ખરો. પણ એમણે તો એ આખી વાતને એક મોટું તૂત જાણી ઉડાવી દીધી.'

'ઠીક, તો હવે પણ તમારા રાજ્યકર્તાઓએ માનવું રહ્યું. હજી બહુ મોડું થયું નથી. તમે તમારી જાતે જ અમારા વતી તમારી જાતિને ફરીથી વિનંતિભર્યો સંદેશો આપો.'

'પણ મારૂં કહ્યું જ કોઇ સાંભળશે નહિ એનું શું ? એ વાત જ અશક્ય છે.' મેં કહ્યું. ત્યાં મને એકાએક વિચાર આવતાં તેને પૂછ્યું કે, 'પણ તમે મારી ભાષા શી રીતે બોલી જાણો છો ?'

'તમને સાત દિવસ ટેબલ પર સુવાડી તમારા મગજનો અમે અભ્યાસ કર્યો. અમારાં સર્વદર્શી યંત્રોએ તમારા મગજને સંપૂર્ણ રીતે અમારા આગળ ધર્યું. એ તો ઠીક; પણ સંદેશાની વાત કરોને.'

'તમે જે ઉપાય બતાવશો તે હું અજમાવીશ.'

'તમે લોકો રેડિયો તો વાપરો છોને ?' શુક્રમાનવે સવાલ કર્યો.

મારો હકારમાં અપાએલો જવાબ જાણી એણે કોઇક વસ્તુ બહાર કાઢી એવું મેં અવાજ પરથી જાણ્યું. પછી એ ચીજ એણે કશાક પર ગોઠવીને મને કહ્યું, 'આ એક રેકર્ડ છે. એનું સંગીત આખું જગત સાંભળશે. એનાથી મુગ્ધ થએલું જગત તરત જ તમારી વાત સાંભળવા તૈયાર થશે. અત્યારે તમારી દુનિયાના બધા રેડિયો-પ્રોગ્રામ મેં બંધ કર્યા છે.'

પા એક કલાક અદ્‌ભુત સંગીત સંભળાવ્યા બાદ મારી આગળ એણે કાંઇક લાવીને તેમાં બોલવાનું શરૂ કરવા મને કહ્યું. મેં એ રેડિયો દ્વારા પેલા ચિત્ર-સંદેશાની વાત જણાવીને આજીજીભરેલી ભાષામાં જગતને કહ્યું કે અણુઓ વિભક્ત બનતી વેળા મહાન શક્તિ ઉત્પન્ન કરે છે. આ શક્તિ પોતાની પાસેના અણુઓને વિભક્ત કરે છે. એ વળી પોતાની પાસેના બીજા અણુઓનો નાશ કરે છે. આ પ્રમાણે ચાલતી પરંપરા કદી કોઈ પણ અકસ્માતે અટકતી જ નથી. પરિણામે આખી પૃથ્વીનો ગોળો નષ્ટ થવાનો સંભવ છે. પૃથ્વીનો

...રા થતાં સૂર્યમંડળના ગુરુત્વાકર્ષણમાં ફેરફાર થવા સંભવ છે અને એમ થતાં આખા સૂર્યમંડળનો નાશ થવાનો સંભવ ઊભો થાય છે.

અંતમાં મેં એ પણ જણાવ્યું કે હું અત્યારે એક શુક્ર-માનવના રૉકેટમાં બેસીને આ બોલી રહ્યો છું. હું શુક્ર-માનવનો કેદી જ છું.

અંતમાં મેં શુક્રમાનવે જણાવેલી ધમકી પણ જગત આગળ રજૂ કરી કે જો ત્રણ દિવસમાં અણુબૉમ્બનો ઉપયોગ અટકાવવામાં નહિ આવે તો શુક્રમાનવો પૃથ્વીમાનવોને ભયંકર શિક્ષા કરી પાછા જશે.

મેં રેડિયો-સંદેશો આપ્યા પછી શુક્ર-માનવોએ ત્રણ દિવસ સુધી પૃથ્વી-માનવોના જવાબની રાહ જોઇ. એ ત્રણ દિવસના અંતે કોઈ પણ જાતનો જવાબ ન મળતાં એમણે છેલ્લી ચેતવણી પણ આપી જોઈ. પણ પરિણામ શૂન્યમાં જ આવ્યું.

ચોથા દિવસના અંતે એમણે પોતાના રૉકેટમાંથી એક મોટી વસ્તુ બહાર કાઢી અને તેને એક મોટા ઊંડા ખાડામાં ગોઠવીને પછી જોઈતાં તારનાં સંધાણો કરી લીધાં. આટલું કરી લીધા પછી રૉકેટને બંધ કરી તેઓ પરિણામની રાહ જોવા લાગ્યા.

એક માસને અંતે મને શુક્રમાનવો તરફથી જાણવા મળ્યું કે પૃથ્વીમાનવોના રેડિયો પરથી શુક્રમાનવોને વિનતિ પર વિનતિ થવા લાગી હતી. પૃથ્વીમાનવોએ પોતાના રાજ્યકર્તાઓને ઉથલાવી પાડ્યા હતા. એમણે યુદ્ધ બંધ કર્યું હતું. ઍટમબૉમ્બ કદાપિ નહિ વપરાય એવી ખાતરી આપી હતી. તદુપરાંત આખા યે માનવકુટુંબની સમાનતાના ધોરણે પુનર્રચના કરી હતી. આથી શુક્રમાનવોએ પેલા ખાડામાં દાટેલી વસ્તુનો નાશ કર્યો અને ઍટમશક્તિનો સદુપયોગ કરવાની જુદીજુદી કળાઓ શીખવવા ફરીથી પૃથ્વી પર આવવાનું વચન આપી, પોતાના રૉકેટને શુક્ર તરફ લઇ જવાની તૈયારી કરવા લાગ્યા.

એમના જતાં પહેલાં, એમણે પૃથ્વીને એવી તે શી શિક્ષા કરી હતી એ જાણવાની ઈંતેજારીથી પેલા શુક્રમાનવને મેં તે વિષે પૂછ્યું.

એણે જવાબ આપ્યો: 'ઍટમનાં છેલ્લાં મૂળતત્ત્વો ઇલેક્ટ્રૉન અને પ્રોટોન છે. દરેક વસ્તુમાં ઇલેક્ટ્રૉન અને પ્રોટોનની સંખ્યા નિયત જ હોય છે. ઇલેક્ટ્રૉન અને પ્રોટોનને જુદા પાડવાથી ઍટમબૉમ્બ તૈયાર થાય છે.'

'મારે ઍટમ બૉમ્બ વિષે જાણવું નથી; તમે શું કર્યું એ જ કૃપા કરી જણાવો.' મારી ધીરજ ખૂટતાં મેં સવાલ કર્યો.

'જરા ધીરજ રાખો. હું એ જ વાત પર આવતો હતો. ઇલેક્ટ્રૉન અને પ્રોટોનની પેલી નિયત સંખ્યામાં જો ફેરફાર કરવામાં આવે તો કોઈ પણ એક વસ્તુમાંથી કોઇ બીજી જ ચીજ ઉત્પન્ન કરી શકાય છે.'

'એટલે તમે શું કર્યું ?'

'અમે એવો ફેરફાર કરી એક એવી ચીજ બનાવી કે જેના અસ્તિત્વથી દરેક ધાતુને કાટ ચડી એ ખવાઈ જાય! એવી અદ્ભુત વસ્તુ આખા સૂર્યમંડળમાં નથી. છતાં અમે એ બનાવી શકીએ છીએ!'

'એટલે કે, તમે અમારી પૃથ્વી પરની ધાતુમાત્રનો નાશ કર્યો! પોલાદ ઉપર રચાએલી અમારી આખી સંસ્કૃતિનો તમે સદંતર નાશ કર્યો!' આંસુભીનાં નેત્રે મેં પૂછ્યું.

'હા અને ના; અમારી વસ્તુની અસર પૃથ્વીપરની સર્વ દૃશ્ય ધાતુઓ પર થઈ. પણ ખાણોમાંની ધાતુઓ પર થાય એ પહેલાં તો પૃથ્વીમાનવો માની ગયા. એટલે વિનાશ સંપૂર્ણ નથી થયો.' એણે મારામાં આશાનો સંચાર કરતાં જણાવ્યું.

મને કેદ કરનાર એ શુક્રમાનવ મારાથી અદૃશ્ય હતો, છતાં અમારી વચ્ચે સારી જેવી મૈત્રી જામી ગઈ હતી. વિદાયની વેળા અમને બંનેને ઘણી દુ:ખદ નીવડી. પણ ફરીથી મળવાનું એણે મને વચન આપેલું હોવાથી કંઇક અંશે અમારું એ મિલન સુખદ બની ગયું છે.

આ બનાવ બન્યો ઈ. ૧૯૬૦માં. આજે ઈ. ૧૯૯૬માં પૃથ્વીમાનવો અને શુક્રમાનવો એકબીજાના વિજ્ઞાનની આપ લે કરે છે.

ફોટોકલાકાર શ્રી ચંદુલાલ જે. શાહ F.R.P.S.



ઉપર: શ્રી ચંદુલાલ શાહ (ફોટો નરેન રાવળ) જમણી બાજુ: શ્રી શાહે કસોટી માટે મોકલેલા તસ્વીર-ચિત્રો પૈકીનું એક.

અમદાવાદમાં ફોટોગ્રાફી-કળાની સાધના કરનારું 'નિહારિકા' મંડળ પોતાની કારકીર્દિથી જાણીતું થયું છે. એ મંડળે જે અનેક તરુણોને આ તસ્વીરી વિદ્યાનો નાદ લગાડયો છે તે પૈકીના એક શ્રી ચંદુલાલ જમનાદાસ શાહે, છેલ્લાં પાંચ જ વર્ષના ફોટોગ્રાફીના સમાગમથી તાજેતરમાં એક નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે. ઈંગ્લંડની રૉયલ ફોટોગ્રાફિક સોસાએટીએ તેમને પોતાના સદસ્ય—F.R.P S. (ફેલો ઑવ ધ રૉયલ ફોટોગ્રાફિક સોસાએટી) બનાવ્યા છે. આ માન હિંદના પાંચસાત ચુનંદા ફોટોકલાકારોને જ મળ્યું છે, જે પૈકી ચાર તો મુંબાઈના જ છે. એ માનના અધિકારી થતા પહેલાં ફોટોગ્રાફીની ઊંચી સિદ્ધિ મેળવ્યાના પ્રમાણરૂપે ઉમેદવાર તરફથી ફોટોચિત્રોની એક માળા રજૂ કરવી પડે છે અને તે ત્યાંના નિષ્ણાતોની કસોટીમાંથી પસાર થાય ત્યારે જ એફ. આર. પી. એસ ની ઉપાધિ અપાય છે.

શ્રી ચંદુલાલ શાહે માનવપાત્ર (પોર્ટ્રેટ)ના વિભાગમાં જ પોતાનો વિશેષ વિકાસ કર્યો છે. તેમણે લંડન મોકલેલી ચિત્રમાળા એક જ પાત્ર ઉપરથી તૈયાર કરી તેના દરેક ચિત્રમાં ભાવ અને ક્રિયાનું વૈવિધ્ય ઉપજાવ્યું હતું. આ પહેલાં તેમણે ૧૭૫ જેટલાં ફોટોચિત્રો જગતનાં ૬૫ જેટલાં પ્રદર્શનોમાં રજૂ કર્યા હતાં, એ હકીકત પરથી તેમની ઉપાસના પાછળની ઉદ્યમશીલતા જણાઇ આવશે. પોતાના વ્યાપાર-ધંધાની જવાબદારીઓ, વ્યવહારુ જીવન અને નબળી તબિયતની ઉપાધિઓ છતાં તેમણે થોડાં વર્ષોમાં આ કળામાં જે સફળતા મેળવી છે તે ધન્યવાદને પાત્ર ઠરે છે.

ર. મ. રાવળ

કલાચિંતન

ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ ચિત્રકાર રવિશંકર રાવળના કલા તથા કલાશિક્ષણને લગતા ૪૧ ઉત્કૃષ્ટ લેખોનો આ સંગ્રહ ગુજરાતી ભાષામાં આ વિષય પર સૌથી પહેલો જ છે. તેમની લાક્ષણિક પીંછીના નમૂનારૂપ ૪ સુંદર ચિત્રપ્લેટો તથા ઠેરઠેર સુંદર સ્કેચો સાથે પૃષ્ઠ ૨૬૬, કિ. ૩–૮–૦. ભારતી સાહિત્ય સંઘ લિ. ગુર્જર કુમાર કાર્યાલય લિ.


હિંદી કલાનાં રૂપ અને રહસ્યદર્શનના અગ્રણી આવિષ્કારક, કલકત્તા યુનિવર્સિટીના વાગીશ્વરી કલાપદના આચાર્ય અને 'રૂપમ્'ના તંત્રી
વિખ્યાત કલાવિવેચક **શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલી**ના પુસ્તકનો ચોથો ભાગ

સ્થાપત્ય અથવા વાસ્તુ-શિલ્પ

અનુવાદક • સૌ. અપર્ણાબેન ત્રિવેદી

ગુરુત્વાકર્ષણની શક્તિ પૃથ્વીપરની વસ્તુમાત્રને ભૂગર્ભ તરફ ખેંચી રહી છે. અને જે કોઇ વસ્તુ પૃથ્વીની સપાટી પરથી માથું ઊંચું કરવાનો—અદ્ધર થવાનો પ્રયત્ન કરે તેને ગુરુત્વાકર્ષણની શક્તિ (gravitation)ની સામે યુદ્ધ કરવું પડે છે. ઇમારતની છતને કે છાપરાને એવી રીતે ભૂગર્ભ તરફ ખેંચાઇને નીચે પડતી અટકાવવાનો પ્રયત્ન તેની બે તરફનાં અવલંબનો--ટેકા—કે ભીંતો કરે છે. (ચિત્ર નં.૧) કોઈપણ બાંધેલું મકાન જોવાથી સમજાશે કે તે સ્થિર થઇને ઊભું છે; તે 'સ્થાપિત' થયું છે. આ સ્થિર ભાવ, આ 'સ્થાપત્ય'નો ભાવ એ ખરી રીતે 'સ્થિર' ભાવ નથી, પણ બે વિપરીત શક્તિના ઘાત-પ્રતિઘાતની મૂર્તિ છે. ચિત્ર નં. ૧ દર્શાવે છે તેમ, ઉપરની છત નીચે પડવા માગે છે, ને ભીંતો તેને ઉપર ઉંચકી રાખવાનો પ્રયત્ન કરે છે. આ બે ભિન્નમુખી-વિરોધી શક્તિઓ પરસ્પરનું વારણ (neutralize)કરી, સ્થિરતાની મૂર્તિ બનીને પ્રકાશે છે. આમ, એક શક્તિનું બીજી શક્તિ વડે જીતાએલું પ્રકટ સ્વરૂપ તે જ 'સ્થાપત્ય'—Architecture.

ચિત્ર નં. ૧



સ્થાપત્યનો પહેલો ધર્મ એ છે કે પૃથ્વીના ગુરુત્વાકર્ષણને જીતી પૃથ્વી ઉપરની વસ્તુનો ભાર વહન કરવો. (The conflict between gravity and rigidity is the whole aesthetic material of Architecture.-*Schopenhauer*).


જેના આવરણ વડે પાણી, વાયુ અને ગરમીના આક્રમણથી માણસ આત્મરક્ષા કરી શકે તેને ગૃહ, આવાસ અથવા આલય કહે છે. પરંતુ ગૃહ અથવા આવાસમાત્ર સ્થાપત્ય ન કહેવાય.

જે ગૃહનું બહારનું રૂપ જોતાં તેના સ્તંભો, કમાનો કે સળિયા દ્વારા ભારવહનનું કાર્ય સુંદરરીતે સંપાદિત થતું હોય અથવા એવો ભાવ પ્રકાશિત થતો હોય તેને જ 'સ્થાપત્ય' કહેવાય. 'સ્થાપના'નું કાર્ય સુસિદ્ધ થવા ઉપરાંત સાથેસાથે તે સુસિદ્ધિનો ભાવ પણ તેની બાહ્ય આકૃતિમાં, તેના ચહેરામાં તેમજ અવયવોમાં જ્યારે સ્ફૂટ થાય ત્યારે જ તેનો સમાવેશ 'શિલ્પ-કળા'માં થાય છે; અન્યથા નહિ. (Architecture is the clear expression of an effective structural function.) આમ, ગ્રંથીબંધન અને ભારવહનનાં બંને કાર્ય સુચારુ રૂપે સંપન્ન થયાં છે એ ભાવના ગૃહમાં વ્યક્ત થાય તો જ એ ગૃહનું બાંધકામ 'ગૃહનિર્માણ-શિલ્પ' કહેવડાવવાનો દાવો કરી શકે. આ 'ભારવહન'માં સમર્થ બાંધકામની કુશળતા હોવી એ સ્થાપત્યનો મૂળ સિદ્ધાંત છે.

ચિત્ર નં. ૨



ચિત્ર નં. ૩




ભારતની જૂનામાં જૂની આદિનિવાસી જંગલી ટોડા જાતિ વાંસ અને ઝાડનાં પાંદડાંનાં સાધનો વડે વાવાઝોડાં તેમજ વરસાદનો આઘાત સહન કરી શકે એવાં ગૃહ નિર્માણ કરતી. એ ઘરનો આકાર ઢાળવાળા છાપરા સહિતના ત્રિકોણ જેવો હોય છે. (ચિત્ર નં ૨). આ ત્રિભુજ ઢાળવાળા છાપરાપરથી પાણી સહેલાઈથી ઢળી જઇ શકે એવી રચના તેના ત્રિકોણ રૂપમાં સહજ રૂપે જ સ્ફૂટ થાય છે; એટલે સ્થાપત્યકળામાં એ ટોડાના ઘાસના ઝૂંપડાએ સન્માનનું સ્થાન મેળવ્યું છે, એ તે ઉપરથી વિકસેલાં સ્થાપત્યો દર્શાવે છે (ચિત્ર નં. ૩).

ગોળ પાંદડાં વડે રચેલી આઠ છતની રચનાના છાપરાંવાળું બંગાળનું 'આઠચાલા' નામનું ઝૂંપડું પણ સ્થાપત્યની શિલ્પકળામાં ગણાય છે (ચિત્ર નં. ૪); કેમકે તેનું બહારનું રૂપ જોતાં જ વાવાઝોડાં, વરસાદ તથા તાપનિવારણ કરવાની તેની શક્તિ સ્પષ્ટ રૂપે વ્યક્ત થાય છે. આમ, ગૃહનિર્માણનાં અનેક બાહ્ય રૂપ તેના બાંધકામની જરૂરિયાત (necessity of construction)ને કારણે અવનવા આકાર ધારણ કરે છે. છાપરૂં ઢાળવાળું બાંધવામાં ન આવે તો પાણીનો માર્ગ કરવો મુશ્કેલ પડે; આથી 'આઠચાલા' ઝૂંપડાં તેના એ ઢાળવાળા છાપરાને કારણે જ એક ખાસ વિશિષ્ટ આકાર પામ્યાં. પછી એ આકૃતિ બંગાળનાં ઢાળવાળાં ગ્રામઘરોમાં ઊતરી (ચિત્ર નં. ૫); અને તે આદર્શ




ચિત્ર નં.૪



ચિત્ર નં.૫




ચિત્ર નં.૬




ચિત્ર નં. ૭

ઉપર બંગાળનાં મંદિરોનું વિશિષ્ટ સ્થાપત્યરૂપ સર્જાયું. (ચિત્ર નં. ૬).

વાંસ અને ઝાડનાં પાંદડાંનાં સાધન છોડીને જ્યારે ભારે પત્થરનાં ઘરો બાંધવાની જરૂર ઊભી થઈ, ત્યારે એ જ ઢાળવાળા છાપરાની રચના બીજે કુશળતાથી કરવી પડી. પત્થરના નાનાનાના ટુકડાઓને, એક ઉપર એક, પરસ્પરની સામે રચાતા આવે એ રીતે ગોઠવીને, ઉપરનો અવકાશ ધીમે-ધીમે ઓછો કરતા જઇ, તદ્દન ઓછો અવકાશ રહેતાં ત્યાં એક છેવટનો કટકો મૂકી દીધો, અને આમ, ઢાળવાળા છાપરાની પત્થર વડે રચના કરવામાં આવી (ચિત્ર નં. ૭). આ પદ્ધતિનું છતનિર્માણ ઓરિસ્સાનાં ઘણાં પ્રાચીન મંદિરોમાં જોવામાં આવે છે. આ અવસ્થા તે આપણી આજની કમાનો (arch)ની રચના પહેલાંની અવસ્થા.





←ડાબી બાજુ ચિત્ર નં. ૭-ક



ઉપર ચિત્ર નં. ૮

ચિત્ર નં. ૯






ચિત્ર નં. ૧૦

તાપ અને વરસાદના નિવારણનો હેતુ પાર પાડ્યા પછી વાસ્તુ-શિલ્પમાં બીજો પ્રશ્ન આવે તે હવા અને પ્રકાશ લાવવા માટેની બારીઓની, તેમજ પ્રવેશ માટેનાં દ્વારની વ્યવસ્થાનો. આ દ્વાર તથા ગવાક્ષ (ઝરૂખા–બારીઓ) માટે મકાનની ભીંતોમાં વિવિધ પ્રકારના ખુલ્લા માર્ગ અથવા બાકોરાં પાડવાની જરૂર હોય છે. (ચિત્ર નં.૭-ક). પરંતુ આવા માર્ગ તથા બાકોરાં જો દીવાલમાં એમ ને એમ ખાલી જ પાડવામાં આવે તો, ગુરુત્વાકર્ષણને લીધે ઇમારતના ઉપલા ભાગનો ભાર એ બાકોરાંઓ ઉપર વજન કરે, ને પરિણામે ભીંત પડી જવાનો ભય રહે. (ચિત્ર નં ૮) આ વિપત્તિમાંથી બચવા માટે કોઇકોઈ બારી કે બારણાના મથાળાના ભાગમાં પથ્થરનું એક અવલંબન મૂકી, ઉપરના ભારને બે ભાગમાં વહેંચી નાખીને એ પતનની ગતિ રોકવાની વ્યવસ્થા કરવામાં આવે છે (ચિત્ર નં.૯). એ અવલંબનને lintel (ઓતરંગ અથવા સિરદલ) કહે છે. કોઇકોઈ કિસ્સામાં કમાનની માફક વ્યવસ્થા કરી, એ કમાનની રેખાને મથાળે જોડાજોડ ઊભી ઇંટોને જરા ત્રાંસપડતી ગોઠવીને, ઉપરના ભારના કેન્દ્રને એ જુદીજુદી ઇંટોમાં વિભક્ત કરી નાખવામાં આવે છે (ચિત્ર નં. ૧૦). આ રીતની ઇંડાકૃતિ ઢાળવાળી રેખાના અવલમ્બનમાંથી વિકાસ પામીને કમાન (arch)ની ઉત્પત્તિ થઇ (ચિત્ર નં. ૧૧). ઘણાનું ધારવું છે કે કમાનની આ રચનાનો ઉદ્ભવ પશ્ચિમ દેશના શિલ્પીઓએ કર્યો હતો. પરંતુ ભારતમાં અને પૂર્વ તરફના દેશોનાં કોઇકોઈ સ્થાનોમાં કમાનનો પ્રયોગ, યુરોપમાં તે પ્રચાર પામી તેની યે ઘણા કાળ પહેલાંનો જોવામાં આવે છે.


ચિત્ર નં. ૧૧




વાસ્તુશિલ્પમાં ભીંત અથવા દીવાલ ઉપરાંત પણ ભારવહન માટે બીજો એક ઉપાય છે: તે સ્તંભ અથવા થાંભલો–pillar. મકાનમાં ખુલ્લી પડાળી અથવા વરંડો રાખવો હોય તો ત્યાંની છતને ટેકાવવા માટે થાંભલાનો જ આશ્રય લેવો પડે. આ થાંભલા તેના શિરપર રહેલા ભારના વહનના પ્રમાણમાં પહોળા હોવા જરૂરી છે. (ચિત્ર નં. ૧૧-ક). છતાં તેનીલંબાઇ-પહોળાઇમાં એક પ્રકારનું દૃષ્ટિમધુર પ્રમાણ તો હોવું જ જોઈએ. એ લંબાઇ તથા પહોળાઇ એવા માપનાં હોવાં જોઇએ કે જોવાથી આપણને આપમેળે જ સ્ફુટ થાય કે એ થાંભલા કોઇપણ જાતના આયાસ વિના સાહજિકરીતે પોતાના

ચિત્ર નં ૧૧-ક








ઉપરઃચિત્ર૧૧–ખ; જમણી બાજુઃ૧૧–ગ




ઉપરઃચિત્ર ૧૧–ઘ;નીચેઃચિત્ર૧

ભારનું વહન કરી રહ્યા છે, અને ઉપલી ઈમારતને પડી જવાનો બિલકુલ ભય નથી. આવો 'સ્વ-સ્તિ'નો—sense of securityનો ભાવ તેની લંબાઈ અને પહોળાઇનાં સાપેક્ષિક પરિમાપમાંથી આપમેળે ઊઠવો જોઇએ (ચિત્ર નં. ૧૧-ખ). આવી દૃઢતાનો જેમાં અભાવ હોય તે હીન પ્રકારનું વાસ્તુ-શિલ્પ ગણાય (ચિત્ર નં. ૧૧-ગ).

સ્તંભની સમુચિત લંબાઈ અને પહોળાઈ ઉપરાંત બીજી પણ એક બાબત વિચારવાની હોય છે, અને તે બે થાંભલાની વચ્ચેની યથાયોગ્ય ખાલી જગ્યા અથવા વ્યવધાન–space (ચિત્ર નં. ૧૧-ઘ) આ




વ્યવધાન–space–અને વાસ્તુનાં જુદાંજુદાં અંગોનાં યથાયોગ્ય પરિમાપ–proportion ઉપર જ સ્થાપત્યરૂપની સુંદરતાનો આધાર રહેલો છે. (ચિત્ર નં. ૧૨). મકાનની ભીંતો(walls),દ્વાર-ગવાક્ષાદિ (openings), સ્તંભો (pillars) ને ઓતરંગો (lintels) એ બધાં એકબીજાને પડછે અત્યંત સમુચિત રીતે સપ્રમાણ હોવાં જોઇએ. તો જ એક ભવનનાં જુદાંજુદાં પ્રત્યેક અંગ-પ્રત્યંગ તે સમગ્ર ભવનને,તેની સમગ્ર આકૃતિને, એક અખંડ દૃશ્યમધુર રૂપમાં રચી રહેશે (ચિત્ર નં.૧૨-ક,ખ,ગ). એટલા માટે જ, યથાયોગ્ય પરિમાપ (proportion), અને એક અંગની સાથે બીજા અંગનો સંપર્ક (relation) એ કે ઈ પણ ભવનની અખંડ એકતાનતા માટે ખાસ જરૂરી છે,ને તે જ તેના સમગ્ર રૂપને એક અખંડ એકતાનતામાં સુનિબદ્ધ કરે છે. આવી એકતાનતાના આદર્શનું સ્મરણ કરીને એક જર્મન પંડિતે વાસ્તુ-શિલ્પ (સ્થાપત્ય)ને માટે 'નિશ્ચલ સંગીતનો પિંડ' એવી સંજ્ઞા વાપરી છે. (Architecture is frozen music—*Schegel.*)



(ચાલુ)

ડાબીબાજુચિત્ર ૧૨–ક
નીચેચિત્ર૧૨-ખતથાગ





પ્રાચીન નાટચશાસ્ત્ર તથા નૃત્ય વગેરે અનુષંગી કળાઓનો પરિચય આપતી લેખમાળા

[૧૦]

રસ-પ્રભેદ

લેખક : યોગેન્દ્ર પ્રિયદર્શી

ગયા અંકમાં આપણે શૃંગાર વગેરે આઠ (નવ) પ્રકારના રસનો પરિચય કર્યો. હવે આપણે એ રસોના ભેદ-પ્રભેદો જોઇએ.

શૃંગાર

શૃંગારના બે પ્રકાર છે: એક સંભોગ શૃંગાર, બીજો વિપ્રલંભ શૃંગાર.

સંભોગ શૃંગારનાં લક્ષણોમાં વિલાસીનો અન્યોન્ય રાગ, ચુંબન, આલિંગન, સંયોગ વગેરે ક્રીડાઓનો સમાવેશ થાય છે.

વિપ્રલંભ શૃંગાર: પ્રિયજનના વિયોગ કે અસંયોગની દશાને વિપ્રલંભ શૃંગાર કહે છે. એ વિપ્રલંભના વળી ચાર પ્રકાર છે: પૂર્વરાગ, માન, પ્રવાસ ને કરુણ.

કામીની દશ અવસ્થા: નાટચશાસ્ત્રમાં પ્રિયજનના વિયોગથી થતી કામી માણસની દસ અવસ્થાઓ પણ જણાવવામાં આવી છે તે આ પ્રમાણે: અભિલાષ, ચિન્તા, અનુસ્મૃતિ, ગુણકીર્તન, ઉદ્વેગ, વિલાપ, ઉન્માદ, વ્યાધિ, જડતા અને મરણ.

અભિલાષ: પ્રિયજનના સમાગમની ઉત્કંઠા; દ્વારમાં કે માર્ગ વચ્ચે ઊભા રહી પ્રિયજનની પ્રતીક્ષા કરવી; વગેરે.

ચિંતા: મારો પ્રિયજન મને કેવી રીતે માન આપે, અથવા હું તેને કેવી રીતે માન્ય થાઉં વગેરેનું સતત ચિંતન તે ચિંતા.

અનુસ્મૃતિ: નિશ્વાસ નાખવા, સતત ચિંતામાં રહેવું, કોઈ પણ કાર્યમાં ચિત્ત ન લાગવું વગેરે.

ગુણકીર્તન: 'ન અસ્તિ ન અન્ય'—મારા પ્રિયજનના તુલ્ય બીજો કોઇ નથી તેમ સ્તુતિ કરવી તે.

ઉદ્વેગ: સર્વ કાર્યમાં નિરંતર ઉદ્વેગ રહેવો, કશામાં ચેન ન પડવું વગેરે.

વિલાપ: મેં તેને અહીં ઊભેલો, અહીં બેઠેલો, અહીં આવેલો જોયો હતો અને તે અહીંથી ગયો વગેરે બાબતનો પ્રલાપ કરવો તે.

ઉન્માદ: પ્રિયજનની સ્તુતિ અને અન્ય જનનો દ્વેષ.

વ્યાધિ: અનેક ઉપાયો છતાં પ્રિયજન વશ ન થતાં વ્યાધિ થાય તે.

જડતા: નિરુત્તરપણું, મૌન, સ્મૃતિરહિતતા વગેરે.

મરણ: સર્વ ઉપાયો છતાં પણ પ્રિયજનનો સમાગમ ન થાય તો કામાગ્નિ પ્રદીપ્ત થઈ છેવટે મરણ થાય છે.

હાસ્ય

હાસ્યના મુખ્ય બે ભેદ છે: 'આત્મસ્થ' અને 'પરસ્થ'. પોતે હસે તે આત્મસ્થ અને બીજાને હસાવે તે પરસ્થ.

હાસ્યના છ પ્રકાર છે: સ્મિત, હસિત, ઉપહસિત, વિહસિત, અપહસિત, અતિહસિત.

સ્મિત: બીડેલા હોઠવાળું લલિત કટાક્ષયુક્ત મધુર મંદ હાસ્ય.

હસિત: દંતાવલિ સહેજ દેખાય તેવું લલિત કોમલ હાસ્ય.

ઉપહસિત: ખડખડાટ મુક્ત હાસ્ય.

વિહસિત: અટ્ટ હાસ્ય.

અપહસિત: આંખમાં પાણી આવી જાય તેવું કઠોર હાસ્ય.

અતિહસિત: આંખો સૂજી જાય તેટલું પેટ પકડીને કરેલું ઉદ્ધતહાસ્ય.

મનુષ્યની ઉત્તમ, મધ્યમ અને અધમ પ્રકૃતિમાં હાસ્યના આ છ પ્રકારો આ પ્રમાણે યોજાએલા છે: ઉત્તમ પ્રકૃતિના મનુષ્યમાં સ્મિત અને હસિત; મધ્યમ પ્રકૃતિના મનુષ્યમાં ઉપહસિત અને વિહસિત; અધમ પ્રકૃતિના મનુષ્યમાં અપહસિત અને અતિહસિત

કરુણ

કરુણના પણ મુખ્ય બે ભેદ છે: સ્વનિષ્ઠ અને પરનિષ્ઠ. પોતાને પડેલા દુ:ખથી ઉદ્ભવેલો કરુણ તે સ્વનિષ્ઠ, અને પરના દુ:ખે ઉદ્ભવેલો કરુણ તે પરનિષ્ઠ

રોદનના પ્રકાર: રોદન (રુદન)ના ત્રણ પ્રકાર છે: આનંદ-રોદન, ઇર્ષ્યા-રોદન, અને દુ:ખ-રોદન. (૧) હર્ષથી આંસુ આવવાં તે આનંદ રોદન; (૨) ઇર્ષ્યાથી રડવું આવી જવું તે ઈર્ષ્યા રોદન; એમાં હોઠ ફફડવા, મસ્તક કંપવું, આંખમાં ખૂન આવી જવું વગેરે લક્ષણો છે; (૩) આવી પડેલા દુ:ખથી રડી પડવું—મોટે અવાજે વિલાપ કરવો તે દુ:ખરોદન. જમીન પર પડતું મૂકવું વગેરે તેનાં લક્ષણો છે.

રૌદ્ર

રૌદ્રના અનેક ભેદ છે. જેવા કે શત્રુ પ્રતિ, પ્રિયજન પ્રતિ, ગુરુજન પ્રતિ, ભૃત્યન પ્રતિ વગેરે. આમ જુદીજુદી વ્યક્તિઓ પ્રત્યેના ક્રોધમાં પણ ફેર છે. શત્રુ પ્રત્યેનો કોપ પ્રખર પ્રકૃતિનો હોય છે. સખત મુખ, વિસ્ફારિત નેત્ર, ચઢેલી ભ્રકુટી, પીસેલા હોઠ, હાથ ઘસવા વગેરે તેનાં અનુલંબનો છે.

પ્રિયજન પ્રત્યેનો ક્રોધ નરમ હોય છે અને તે અલ્પ સમય સુધી જ હોય છે. ગુરુ કે પૂજ્ય પ્રત્યેના રોષમાં આમન્યા કે વિવેક હોય છે. નમેલું મુખ ને દૃષ્ટિ, નમ્રચેષ્ટા, અવ્યક્તતા વગેરે તેનાં લક્ષણો છે.

ભૃત્યન—નોકરચાકર કે નીચલી કક્ષાના માણસ પ્રત્યેના ક્રોધમાં તિરસ્કાર અને કઠોરતા હોય છે.

વીર

શાસ્ત્રમાં વીરના ચાર પ્રકાર ગણાવેલા છે: દાનવીર, ધર્મવીર, યુદ્ધવીર અને દયાવીર. દાખલા તરીકે કર્ણ દાનવીર હતો, યુધિષ્ઠિર ધર્મવીર હતા, અર્જુન યુદ્ધવીર હતો વગેરે.

પંચેન્દ્રિય દ્વારા રસાનુભવ

હવે આ બધા રસ નાક, કાન, આંખ આદિ પાંચ ઇંદ્રિયોમાંની કોઇ પણ એક ઇંદ્રિયથી કેવી રીતે અનુભવી શકાય છે તે જોઇએ.

દાખલા તરીકે શબ્દગ્રાહક ઇંદ્રિય કાન લઈએ, તો મધુર શબ્દથી શૃંગાર, વિનોદ શબ્દથી હાસ્ય, દીન શબ્દથી કરુણ, નિંદિત શબ્દથી રૌદ્ર, ક્રૂર શબ્દથી વીર, હુંકાર શબ્દથી ભયાનક, નિકૃષ્ટ શબ્દથી બીભત્સ, ઉત્તમ શબ્દથી અદ્ભુત અને સ્વાભાવિક શબ્દથી શાંત રસ ઉત્પન્ન થાય છે. એ જ પ્રમાણે મધુર સ્વાદે શૃંગાર, વિચિત્ર સ્વાદે હાસ્ય, મધુરાભાવે કરુણ, મધુર અપહણે રૌદ્ર, દુસ્વાદે બીભત્સ વગેરે.

નેત્રેન્દ્રિય દ્વારા રસાનુભવ: રૂપદર્શને શૃંગાર, વિરૂપ દર્શને હાસ્ય, દીન રૂપે કરુણ, ક્રૂરૂપે રૌદ્ર, અતિરૂપે અદ્ભુત વગેરે.

કર્મેન્દ્રિય દ્વારા રસાનુભવ: હાથ, પગ વગેરે કર્મેન્દ્રિયો દ્વારા પણ રસાનુભવ થઇ શકે છે. જેમકે રાજવિથિગમનમાં શૃંગાર, વૈશ્યવિથિગમને હાસ્ય, કષ્ટમાર્ગ-ગમને કરુણ, શત્રુવિથિ-ગમને રૌદ્ર, યુદ્ધ-ગમને વીર, ચોરમાર્ગ-ગમને ભયાનક, કિલષ્ટમાર્ગ-ગમને બીભત્સ, ઉલ્લાસ-ગમને અદ્ભુત અને સ્વેચ્છા-ગમને શાંત.

આ જ પ્રમાણે શરીરની બીજી ઇંદ્રિયોદ્વારા પણ રસાનુભવ થઈ

(ચાલુ)

ગરમાળો

દર માસે એકેક વનસ્પતિનો પરિચય આપતી લેખમાળા 'આપણી વનસ્પતિ'નો ચોથો હપતો

લેખક
જયંતીલાલ દેવશંકર ઓઝા
એમ. એસસી.

કોણ જાણતું હશે કે મુંબાઈમાં ગામદેવી ખાતે આવેલા 'લૅબર્નમ રોડ'નું નામ, તેના ઉપર રોપવામાં આવેલાં જે ઝાડ ઉપરથી પડ્યું છે તે 'લૅબર્નમ' એટલે આપણો ગરમાળો? જુલાબ તથા બીજી ઔષધિઓ માટે વૈદકમાં વપરાતો ગરમાળાનો ગોળ (તેની શીંગનો ગાવો) ઘરગથુ વૈદકમાં તો જાણીતો છે. પણ એનું ઝાડ રૂપસુંદર પીળાં ફૂલની બહાર ફેલાવતું અત્યંત શોભાયમાન હોય છે એની ખબર ઓછા જ લોકોને હશે.

એ ઝાડનું શાસ્ત્રીય નામ કૅસિયા ફિસ્ચ્યુલા લિન. (Cassia Fistula Linn.) લીનિયસ નામના સ્વીડિશ વનસ્પતિશાસ્ત્રીએ એ નામ પાડેલું. અંગ્રેજીમાં તેને 'ધી ઇન્ડિયન લૅબર્નમ' કહે છે.

હિંદ અને બ્રહ્મદેશનાં ઘણાંખરાં જંગલોમાં આ ઝાડ ઊગે છે. હિમાલયમાં તો તે છેક ૪૦૦૦ ફીટ ઉંચાઇએ પણ ઊગતું નજરે પડે છે. ઉપરાંત સિલોન, આફ્રિકા, અમેરિકા, મલાયા, જાવા વગેરે દેશોમાં પણ ગરમાળો વ્યાપ્ત છે. આપણે ત્યાં તે શોભા માટે સડકો પર ને બાગબગીચામાં પણ રોપવામાં આવે છે. મ્હેસુરમાં આ ઝાડની લાકડી જમીનમાં રોપી તેનું પૂજન કરવામાં આવે છે.


લૅબર્નમ—ગરમાળાનાં ફૂલ

ગરમાળાનું ઝાડ મધ્યમ કદનું હોય છે. તે ૨૦થી ૩૦ ફીટ ઊંચું ઊગે છે. તેનું થડ ટૂંકું, ને શાખાઓ પાતળી, ઊભી તથા ચોમેર પથરાએલી હોય છે, અને પાન ઘેરાં લીલાં હોય છે. ઝાડ જ્યારે નાનું હોય છે ત્યારે તેની છાલ લીસી અને રાખોડી રંગની હોય છે, પણ પાછળથી તે ખરબચડી અને ઘેરી ભૂરી થાય છે. ગરમાળાનાં પાન સંયુક્ત હોય છે અને દરેક પાન ૪થી૮ નાનાં પાંદડાંનાં સામસામાં ગોઠવાએલાં જોડકાંનું બનેલું હોય છે. એ દરેક નાનું પાંદડું આકારમાં નીચેથી પહોળું અને ટોચ તરફ સાંકડું થતું જાયછે અને તેનું ટોચનું એ ટેરવું બુઠ્ઠી અણીવાળું હોય છે.

માર્ચ અને એપ્રિલ માસ દરમિયાન ગરમાળાનાં બધાં પાન ખરી પડે છે. ફરી નવાં પાન એપ્રિલથી મે દરમિયાન ફૂટવા માંડે છે. એનાં ફૂલોનો ઉદ્‌ભવકાળ પણ એપ્રિલથી જૂન માસ. ફૂલો પીળા ચળકતા રંગનાં, આછી સુગંધીવાળાં અને ખૂબ સુંદર હોય છે અને જૂન બેસતાંબેસતાંમાં તો આખું ઝાડ રૂપસુંદર ફૂલોથી લચી પડે છે અને વાતાવરણને પીળા રંગની મનોહર બહારથી ભરી દે છે. એ ફૂલ બીજાંની માફક અક્કડ કે ઊભાં નહિ પણ ઝુમખાંબંધ નીચે લટકતાં રહે છે.

ગરમાળો શિંબી વર્ગની વનસ્પતિ છે. તેનું ફળ—શીંગ આકારમાં ગોળ નળી જેવી, ૧થી ૩ ફીટ લાંબી ને લગભગ ૧ ઈંચ જાડી હોય છે અને શિયાળો આવતાં તે પાકે છે. ડચ લોકો એ શીંગને 'પુડિંગ પાઈપ' (Pudding Pipe) કહે છે; બંગાળીઓ તેને 'મન્કી સ્ટિક' (Monkey Stick) કહે છે. દરેક શીંગમાં કાળા રંગનો ગળચટો ગર્ભ(માવો) હોય છે ને તેમાં ઈંડાંના આકારનાં ૪૦ થી ૧૦૦ ચળકતાં, પીળાં-ભૂરાં બી રહેલાં હોય છે.

ગરમાળો ઘણું ઉપયોગી વૃક્ષ છે. શોભા માટે તો તેનો ઉપયોગ થાય જ છે; ઉપરાંત તેના થડમાં છેદ કરવાથી લાલ રસ ઝરે છે જે પાછળથી કઠણ બને છે. બજારમાં આ


ગરમાળાનાં પાન તથા શીંગ

રસ 'કમરકસ'ના નામથી વેચાય છે. હિંદ તેમજ જાવામાં ગરમાળાની છાલનો ઉપયોગ રંગવાના તેમજ ચામડાં કમાવવાના કામમાં થાય છે. શીંગનો ગર્ભ બંગાળમાં દેશી તમાકુને ખુશબોદાર બનાવવામાં વપરાય છે. આ ઝાડનું લાકડું પણ ઘણું ટકાઉ હોય છે અને તે ખેતીવાડીનાં ઓજારો, ગાડાં, ઢોલ, સાંબેલાં વગેરે બનાવવામાં બહુ ઉપયોગી લેખાય છે. બંગાળના સંથાલ લોકો ગરમાળાનાં ફૂલોનો ઉપયોગ ખોરાકમાં પણ કરેછે.

ગરમાળાની ઔષધીય અગત્ય પણ ઘણી છે. તેનું મૂળ રેચક ગણાય છે ને તેનો ઉપયોગ જ્વર, હૃદયરોગ, પિત્તપ્રકોપ વગેરેમાં થાય છે. કેટલાકો ગરમાળાના મૂળની છાલનો વિષનાશક ઔષધ તરીકે ઉપયોગ કરે છે; પરંતુ કાયસ અને મ્હસ્કરના મત પ્રમાણે ગરમાળાનો કોઇ પણ ભાગ સર્પ અગર વીંછીના દંશ માટે વિષનાશક નથી. કોંકણમાં ગરમાળાનાં તાજાં પાનનો રસ દાદર મટાડવાના ઉપયોગમાં લેવાય છે. પક્ષઘાત અને સંધિવામાં તેનાં પાનની પોટીસ ફાયદાકારક કામ કરે છે. તેનાં ફૂલોમાંથી ગુલાબનાં ફૂલની પેઠે ગુલકંદ પણ બનાવવામાં આવે છે અને તે જ્વરવિનાશક ગુણવાળો ગણાય છે. તેની શીંગની છાલને કેસર, સાકર ને ગુલાબજળ સાથે મેળવીને પ્રસુતા સ્ત્રીઓને પ્રસવ વખતે આપવામાં આવે છે. તેની શીંગનો ગર્ભ—માવો—રેચક ઔષધ તરીકે વપરાય છે ને તેનાં ૫ થી ૭ બીનો ભૂકો કરી તે ઉલટી કરાવવાની દવા તરીકે ઉપયોગમાં લેવાય છે.

ગરમાળાની શીંગના બારીક ભૂકાને વરાળયંત્રવડે ઉકાળવાથી તેમાંથી એક પ્રકારનું ઘેરું પીળું, મધ જેવી સુગંધવાળું ઊડણુ તેલ મળે છે. એ તેલની સાથે જે પાણી વરાળ રૂપે નીકળે છે તેમાં બ્યૂટિરિક ઍસિડ હોય છે.

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

આ પત્ર મેળવનાર : ભૂપત ન. ઓઝા, પોસ્ટ ઑફિસ, ભાવનગર.

૪૨, થોમસન સ્ટ્રીટ, લૉંગ ગલ્લી,
બેન્ડિગો (વિક્ટોરિયા) ઑસ્ટ્રેલિયા
જાન્યુ. ૩૦ '૪૭

પ્રિય ઓઝા,

તમારો પત્ર મળતાં મને અત્યંત આનંદ થયો. ખાસ કરીને એટલા માટે કે મારે જુદાજુદા દેશોમાં ચાળીસેક જેટલાં પત્રમિત્રો હોવા છતાં હિંદમાંથી મને કદી પત્ર આવ્યો ન હતો. જે દેશોમાં હું પત્રો લખું છું તેમની નામાવલિમાં હિંદનું નામ ઉમેરતાં મને ઘણો જ હર્ષ થયો. માટે, ઓઝા, તમે તમારા દેશ વિષે મને ઘણુંઘણું લખી મોકલશો એવી હું આશા રાખું છું. હું જાણું છું કે જેમણે હિંદુસ્તાનનો અભ્યાસ કર્યો છે અને તેને વિષે પુસ્તકો લખ્યાં છે એવા અમારા મોટામોટા લેખકો પણ તમારા દેશ વિષે અડધું-પડધું યે કહી શક્યા નથી. હિંદુસ્તાન અમારે માટે તો એક અતિ પ્રાચીન રહસ્યમય ને ભવ્યતાથી ભરેલો દેશ રહ્યો છે. તેનું નામ જ અમારી સુપ્ત સાહસવૃત્તિને જગાડે છે. તમે મુસાફરી ખૂબ કરી છે? તમે માઉન્ટ એવરેસ્ટ કે તાજમહાલ જોયાં છે? તમે દિલ્હી, મુંબાઇ ને એવાં બીજાં મોટાં શહેરોમાં ગયા છો? ગયા હો તો તેને વિષે તમે બધું જણાવજો; તથા તમારા પોતાના ગામ વિષે પણ લખજો.

હવે હું તમને ઑસ્ટ્રેલિયા વિષે તથા મારા શહેર વિષે થોડી માહિતી આપું. ચાર વર્ષ પહેલાં હું આ વિક્ટોરિયા પ્રાંતના મુખ્ય શહેર મેલબોર્નમાં રહેતી હતી. પણ તે પછી અહીં બેન્ડિગોમાં રહું છું. કદાચ શહેરી વાતાવરણમાં ઉછરેલી હોવાને લીધે મને કોઇકોઇવાર મેલબોર્ન જવાની ઈચ્છા થઈ આવે છે, કેમકે બેન્ડિગો મેલબોર્નથી ૧૦૦ માઈલ અંતરાળમાં ઉચ્ચ પ્રદેશ પર આવેલું તદ્દન શાંત ને ધમાલ વિનાનું ગામ છે. જ્યારે મને પોતાને દરિયાકાંઠો પ્રિય છે.

પણ હવે તો બેન્ડિગો જ મારૂં વતન બન્યું છે. ત્રીસ હજારની વસતિવાળા આ ગામનો ઇતિહાસ વૈવિધ્યવાળો ને સમૃદ્ધ છે. ૧૯મી સદીના મધ્યમાં, અમેરિકામાં એક વખત સોના માટે થએલા પ્રખ્યાત કૅલીફૉર્નિયન ધસારા જેવો સોના માટેનો ભયંકર ધસારો અહીં પણ થયો હતો. તે વખતે અમારા આ કોમનવેલ્થની અંદરના તેમ બહારના લોકો તીડની માફક અહીં ઊતરી પડ્યાં હતાં. અરે, આજે ૧૯૪૭ માં યે મોટીમોટી ખાણો અહીંની સમૃદ્ધ જમીનમાંથી સોનું કાઢી રહી હોવાં છતાં પણ અહીંનો સોનાનો જથ્થો ઓછો થયો નથી. ગામની ભાગોળે ઠેકઠેકાણે નકામી થઈ ગએલી ખાણો, તેમાં ઊતરવાનાં તૂટેલાં પારણાં તથા ખાણ ખોદવાના કટાઈ ગએલા સરસામાન વગેરે, પાછલા દિવસોના સ્મારક જેવાં, વેરવિખેર પડેલાં છે.

અમારૂં આ ગામ સમુદ્રની સપાટીથી ૭૬૫ ફૂટની ઊંચાઇએ આવેલું હોવાથી અમે સૂકી આબોહવાની મોજ માણીએ છીએ (કહો કે, વેઠીએ છીએ). સપ્ટેમ્બર–નવેમ્બરમાં અહીં સૌથી સરસ આબોહવા હોય છે. તે વખતે વસંતઋતુ તાઝગીભર્યા હૂંફાળા દિવસો લાવે છે અને આકાશમાં સૂર્ય પણ દેખા દે છે. શરદઋતુમાં ઠંડી પડે છે ને શિયાળો ઘણુંખરૂં ટૂંકો હોય છે. તે વેળા ખૂબ ઠંડી ને સાથે પુષ્કળ વરસાદ પડે છે. પણ અહીંનો ઉનાળો (ડિસેમ્બર–ફેબ્રુઆરી) તો એથી યે અસહ્ય હોય છે, કારણ તે વખતે હવા સૂકી હોય છે અને ગરમી બહુ સખત થતી હોય છે. જો ઉષ્ણતામાન ૧૦૩ ડિગ્રી ફેરનહાઈટની ઉપર ગયું તો તો બળી મર્યા જેવું લાગે છે.

પણ તમે તો અમારા ઑસ્ટ્રેલિયાની આબોહવા કરતાં યે વધારે અસહ્ય આબોહવા વિષે કહી શકશો; કેમકે અમારી 'ગરમ' ઋતુ હિંદુસ્તાનના સૂર્યની ગરમીમાં તો ફૂલની માફક કરમાઇ જશે! કદાચ તમે જ મને તમારી ઋતુ વિષે સવિસ્તર કહી શકશો.

હવે હું તમને થોડુંક અમારા દેશ વિષે કહું. તમારા નિશાળના નકશામાં પૂર્વ ગોળાર્ધને નીચલે જમણે ખૂણે જે લાલ રંગનો જમીનનો મોટો ટુકડો ચીતરેલો હોય છે તેવો જ તમે અમારા ઑસ્ટ્રેલિયાને માની લીધો લશે. પણ તેના કરતાં તે ઘણો ઘણો વધારે છે. જો કે હું બીજા કોઈ દેશમાં ગઈ નથી, પણ મેં તેમને વિષે ઘણું જ વાંચેલું છે; તે ઉપરથી કહી શકું છું કે આખી દુનિયામાં અમારા ઑસ્ટ્રેલિયા જેવો એકે દેશ નથી. પણ અલબત્ત, દરેક જણ પોતાના દેશ વિષે આ પ્રમાણે જ અભિમાન ધરાવે છે. દેશભક્તિ એ કુદરતી વસ્તુ છે.

તમને જાણીને આશ્ચર્ય થશે કે વિક્ટોરિયા (જે ઑસ્ટ્રેલિયાના ૬ પ્રાંતોમાં સૌથી નાનો છે તે)માં ઇંગ્લંડ, વેલ્સ ને સ્કૉટલન્ડ ખુશીથી સમાઇ શકે એટલો મોટો તે પ્રાંત છે. આ ઉપરથી તમને અમારા 'ઑસી' (ઑસ્ટ્રેલીયાનું ટૂંકું, પ્રિય અને હુલામણું નામ)ના વિશાળ ક્ષેત્રફળનો ખ્યાલ આવશે. જોકે ઑસ્ટ્રેલિયા દક્ષિણ સમશીતોષ્ણ કટિબંધમાં આવેલો છે, છતાં મધ્ય ઑસ્ટ્રેલિયા તો દુનિયામાં સૌથી ગરમ પ્રદેશ તરીકે જાણીતો છે અમારો ક્વીન્સલૅન્ડ તો જાણે સચમુચ ગરમ દેશ જ છે અને ત્યાં શેરડી તેમજ એવાં ફળ ખૂબ થાય છે.

અમારૂં સૌથી મોટું શહેર સિડની ન્યૂ સાઉથ વેલ્સમાં આવેલું છે. તે સરસ બંદર છે અને દુનિયાભરનો પ્રખ્યાત મોટો લોઢાનો પૂલ 'હાર્બર બ્રિજ' ત્યાં જ આવેલો છે. ઑસ્ટ્રેલિયનો તે પૂલ માટે ખૂબ ગગરૂબ છે. મેલબોર્ન એ 'ઑસી'નું બીજા નંબરનું શહેર છે. જોકે ઘણા લોકો તેને સિડની કરતાં ચડિયાતું માને છે, કારણ સિડનીના રસ્તા સાંકડા છે જ્યારે મેલબોર્નના રાજમાર્ગ પહોળા અને ધમાલવાળા છે. મેલબોર્નની ટ્રામ અને ટ્રેન સર્વિસ તો દુનિયામાં સૌથી વધુ કાર્યક્ષમ ગણાય છે અને શહેરની મધ્યમાં આવેલું તેનું સ્ટેશન દુનિયામાં સૌથી વધુ ધમાલવાળું મનાય છે.

હવે યુદ્ધ પૂરૂં થવાથી ઘણા યુરોપિયનો—ફક્ત યુરોપિયનો જ કેમ? બીજા લોકો પણ—કંઈક તક સાધવાની ઈચ્છાથી આ દેશમાં આવી રહ્યા છે. તેઓ આ દેશને એક શાંત, સમૃદ્ધ, ઉદાર અને કાર્ય માટે બહોળા ક્ષેત્રવાળો દેશ ગણે છે. અને તેમનું એ ધારવું ખોટું પણ નથી. અમારી સરકાર બહારથી આવનારાઓનું હાર્દિક સ્વાગત કરી રહી છે; કારણ તેથી અમારી નાનકડી ૭૦ લાખની વસતિ પણ વધશે. જો ઑસ્ટ્રેલિયાની વસતિ અમેરિકા જેટલી (૧૩ કરોડ) હોત તો તે અમેરિકાની માફક એક શક્તિશાળી રાષ્ટ્ર બની શક્યું હોત.

અમારી વસતિના પ્રમાણમાં અમારૂં સૈન્યબળ જગતમાં સૌથી મોટું છે. અમારા સૈનિકોએ યુદ્ધમાં અપ્રતિમ બહાદુરી બતાવી છે. અમારાં નૌકાદળ, પાયદળ અને વિમાનદળે પણ પોતાની શક્તિનો પરચો યુદ્ધમાં બતાવી આપ્યો છે.

આજકાલ ઈંગ્લંડ અને બીજા દેશોને ખાદ્ય પદાર્થોની તાત્કાલિક જરૂર હોવાથી અમારા દેશની પેદાશનો ઘણો જથ્થો જરૂરિયાતવાળા દેશોમાં મોકલાઈ રહ્યો છે. આથી ખાંડ, ચહા, માખણ, માંસ અને કાપડનું અમારે ત્યાંનું રૅશનિંગ યુદ્ધ સમયમાં હતું તે જ પ્રમાણે હજી (બીજા દેશોને મદદ કરવા માટે) ચાલુ રખાયું છે. પણ અમે તો તેને

ટેવાઈ ગયા હોવાથી 'રૅશનિંગ' છે એમ અમને લાગતું પણ નથી.

ક્રીડાજગત(રમતગમતોની બાબત)માં પણ અમારો દેશ આગળ-પડતો છે. ક્રિકેટથી તે સ્કેઇટિંગ સુધીની બધી જાતની રમતોમાં ઘણા ઑસ્ટ્રેલિયનો દુનિયાના 'ચૅમ્પિયન' છે. અમારા દેશમાં ક્રિકેટ, ફૂટબોલ, ટેનીસ અને રેસિંગ ખૂબ જ લોકપ્રિય છે. તે રમતો જોવા જંગી મેદનીઓ જામે છે. તમે આ હકીકત તો જાણતા હશો કે ૨૩૪ રન કરી નૉટ આઉટ રહેલો અમારો ચુનંદો ખેલાડી ડૉન બ્રૅડમૅન ઈંગ્લંડ સામે રમતી અમારી ટીમનો નાયક છે. બંને ટીમો પ્રખ્યાત 'ઍશિઝ' મેળવવા માટે જબ્બર પ્રયત્ન કરી રહી છે. અમારી ટીમના ખેલાડીઓ ઇંગ્લંડની ટીમ કરતાં ઉંમરમાં નાના છે. પણ 'ઓસી'ના બોલરોની ગોલંદાજી તેમને વધારે ઝડપી લાગે છે.

લગભગ દરેકને પોતાના ખાસ શોખના વિષયો હોય છે, તેમ મારો ખાસ શોખનો વિષય છે છાપાં તથા માસિકોમાંથી કાપલીઓ કાપીને તેનાં પુસ્તક (Scrap-Books) બનાવવાનો. લેખન, વાચન, ટિકિટસંગ્રહ અને રમતો એ મારા બીજા શોખના વિષયો છે.

હું અહીં મારાં દાદીમા સાથે રહું છું, કારણ જ્યારે હું ૬ મહિનાની હતી ત્યારનાં મારાં માતાપિતા એક ભયંકર અકસ્માતમાં ગુજરી ગયાં છે. ઓઝા, તમને પાંચ ભાઇઓ અને એક બહેન હોવાથી મને તમારી અદેખાઈ આવે છે, કારણ મારે એક પણ સગો ભાઈ કે બ્હેન નથી. અને તેથી ઘણી વખત મને બહુ એકલવાયું લાગે છે.

વર્ષમાં આવતા બધા તહેવારોમાં મને નવેમ્બરમાં આવતો 'પિકનિક ડે' બહુ ગમે છે. તે દિવસે દરેક શાળા પોતાના વિદ્યાર્થીઓને શહેરની બહાર ઉજાણી માટે લઈ જાય છે અને ત્યાં રમતગમતો તથા હરીફાઇઓ થાય છે.

અને હવે અંતમાં, મિ. ઓઝા, મને તમારા 'કુમાર'ની એક નકલ અવશ્ય મોકલજો. આ પત્ર પ્રસિદ્ધ થાય કે ન થાય, પણ 'કુમાર' જોવાની મારી ખૂબ ઇચ્છા છે. તમારે ઑસ્ટ્રેલિયામાં પ્રસિદ્ધ થતું કોઇ પણ માસિક જોઇતું હોય તો મને લખજો; હું ખુશીથી મોકલીશ. વળી અહીંના એક માસિકના સંપાદકને હું 'Our Friends Abroad' નો વિભાગ શરૂ કરવા સૂચવવાની છું. તે કેટલો સરસ વિચાર છે, નહિ ? નમસ્તે.

તમારી નવી પત્ર-મિત્ર

Valma (Clark). વાલ્મા (ક્લાર્ક)

(આ પત્રને અનુસંધાને 'ઑસ્ટ્રેલિયા' વિષે રસમય હકીકતો ધરાવતો સચિત્ર લેખ હવે પછીના અંક માટે તૈયાર થાય છે.)

એક શરમાવનારી બીના

ઊગતી પ્રજામાં ઝિંદાદિલી, ધ્યેયનિષ્ઠા, ખેલદિલી, સત્યનિષ્ઠા આદિ ઉચ્ચ ગુણોનો પરિપોષ કરવો એ જ 'કુમાર'નું શરુઆતથી ધ્યેય રહ્યું છે. કોઈપણ કારણે કોઈપણ વ્યક્તિ 'કુમાર'ના આ ધ્યેય સાથે છૂટ લે તો તે અમે કદી સહન કરી ન શકીએ. અતિ વ્યથિત અંતઃકરણે અમારે જાહેર કરવું પડે છે કે અમુક પત્રમિત્ર ભાઇઓએ 'કુમાર' સાથે એવી અઘટિત છૂટ લીધી છે. તે પૈકી એક ભાઇનું ખરું નામ 'નવીન વૈશ્નવ' હોવા છતાં જાણીજોઇને તેમણે 'કુ. નવીના વૈશ્નવ બ્રહ્મપુરી, ભૂજ (કચ્છ)' એવું સ્ત્રીવાચક નામ ધારણ કરી અમને મોકલેલું, જે 'કુમાર'ના ૨૭૯મા અંકમાં છપાયું છે. પત્રમિત્રની પ્રામાણિકતા ઉપર વિશ્વાસ રાખીને જેમ અમે બીજાં નામો પ્રગટ કરીએ છીએ તેમ આ નામ પણ પ્રગટ કર્યું. પણ જુઠાણું કદી છાનું રહે ? એક 'કુમાર'પ્રેમી ભાઇએ અમને સાચી હકીકતની જાણ કરી. તરત જ અમે આ બાબતમાં તપાસ કરીને તે ભાઇનો ખુલાસો માગતાં જવાબમાં તેમણે ફક્ત 'મશ્કરીમાં' આ કૃત્ય કર્યું હોવાનું જણાવીને માફી માગી છે. પણ આ જાતની નિંદ્ય મનોવૃત્તિ ચલાવી લેવા અમે બિલકુલ તૈયાર નથી. આવો જ એક બીજો બનાવ બન્યાનું અમને વિશ્વાસપાત્ર સ્થળેથી જાણવા મળ્યું છે. વઢવાણના એક ભાઇએ 'સુભદ્રા ચૂડગર, ભારત સ્ટોર્સ, બજારમાં, વઢવાણ કૅમ્પ', એવું સ્ત્રીવાચક નામ-સરનામું મોકલ્યું છે. જે પણ 'કુમાર'ના ૨૭૯મા અંકમાં છપાયું છે. આ બંને બનાવે અમારા મનમાં એટલાં દુઃખ અને સંતાપ ઉત્પન્ન કર્યાં છે કે પત્રમિત્રોનાં નામ પ્રગટ કરવાનો આ વિભાગ બંધ કરી દેવાનો અમે નિર્ણય કર્યો હતો અને હજુ પણ એ બાબત પર વિચાર કરી રહ્યા છીએ. એટલું તો અમે સ્પષ્ટ કરી દઇએ છીએ કે જો ફરીવાર આવો કોઈ બનાવ બનશે તો નછુટકે અમે આ વિભાગ સદંતર બંધ કરી દઇશું.

હવેથી આવા બનાવો ન બને તે માટે પત્રમિત્ર થવા સારૂ એક નવો નિયમ કરીએ છીએ. પત્રમિત્ર થવા ઈચ્છનાર કુમાર અને કુમારીએ પોસ્ટકાર્ડમાં પોતાનું નામ, પૂરું સરનામું, વય, શોખ ઇત્યાદિ માહિતી લખ્યા પછી તે જ કાગળમાં સૌથી નીચે **પોતાના વાલીની સહી તેમના હસ્તાક્ષરમાં કરાવવી**, અને પછી જ તે કાગળ અમારી ઉપર પ્રસિદ્ધ કરવા મોકલવો. જેમાં આ નિયમ નહિ પળાય તેવા પત્રો ઉપર બિલકુલ ધ્યાન નહિ અપાય. ઉપરાંત, અમને શંકાસ્પદ લાગશે તેવા પત્રો પણ અમે રદ કરીશું.

પરદેશનાં પત્રમિત્રોનાં સરનામાં

(1) Mary Edwards, 1140 So, 10 St., Phoenix, Arizona (U. S. A.); (2) Mrs. Ruth Folk R. I. Lewistown, Pa (U. S. A.); (3) Raffaele Chirrcop, 7 Alley Bunray, High St. B'Kara, Alta (U.S.A.); (4) Mrs. Opal Munyon, 318 E, Larry St., DesMoines, Ia (U.S.A.); (5) Gulamali Ebrahimjee, P. O. Box 162, Mombasa (Kenya), (6) Alice Holthover, 935, Camden, Louisville, Kentucky, (7) S.Liannage, 638-B Salle Road, Dehiwola (Ceylon); (8) Miss Stallisti De Lima, 1, Vistabella Road, San Fernando, Trinidad, B.W.I; (9) Charles Seibarras, Post Prim, Class 1, Floriana Sch. Malta; (10) Mrs. Virgil C. Waite, 75, Avolon Blvd., Jamestown, N. Y. (U.S.A.); (11) Wije Gunasinha, 53-11 High St. Wellewaha, Colombo (Ceylon); (12) Miss Kathleen Neilson, 186 Haymarkst St., Carntyne, Glasgow, E.2. (Scotland); (13) Jaspen Reid, 25 B'bay St., Freetown (S.L.Africa); (14) Oscar Grrech, 9 Hunt St., Atherton, Nr. Manc, (England); (15) R. Atapaktu Angangota, Paiyagola, (Ceylon).

(ધીરેન્દ્રકુમાર દફતરી તરફથી 'કુમાર'દ્વારા મળ્યાનો ઉલ્લેખ કરવો.)

નવાં હિંદી પત્રમિત્રો

(૨૫૫) બકુલ મહેતા, ઠે. બી એમ. મહેતા, દરબારી છાપખાના પાસે, ભાવનગર—વય: ૧૫, શોખ: ટિકિટસંગ્રહ, મૅચલેબલ-સંગ્રહ, સાહિત્ય, વિજ્ઞાન; (૨૫૬) મૂળપ્રસાદ રામજી પૂજારા, ૧૨ રંભાબાઇ નિવાસ, બરફના કારખાના પાસે, કરાંચી-૩—૧૬, ટિકિટ-સંગ્રહ, પ્રવાસ, રાજકારણ, સાહિત્ય; (૨૫૭) પન્નાલાલ રમણલાલ મહેતા, ઠે. બી. સી. શાહ અને કંપની, કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ, ૨૦ કેસર બિલ્ડિંગ, ૨૦૧ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨—૨૨, રમત, સંગીત સાહિત્ય; (૨૫૮) રમેશચંદ્ર એસ. જોશી, મ્યુનિસિપાલિટિ ઑફિસ,

(અનુસંધાન આગળ પાન ૧૬૯મે)

મીઠું

આપણા રોજ-બ-રોજના જીવનમાં રહેલો વિજ્ઞાનનો ફાળો તથા તેનું મહત્ત્વ સમજાવતી લેખમાળા **રોજિંદા જીવનમાં વિજ્ઞાનનો ચોથો હપતો**

લેખક ડૉ. નરસિંહ મૂ. શાહ
એમ.એસ.સી., પી.એચ.ડી.

રસાયનશાસ્ત્રીઓએ બધા પદાર્થોને ત્રણ મુખ્ય વિભાગોમાં વહેંચી નાખ્યા છે:(૧) તેજાબો—ઍસિડ;(૨)બેઇઝ (bases); અને (૩) ક્ષારો—સૉલ્ટ્સ. એ પૈકી મુખ્યમુખ્ય તેજાબોની માહિતી આપણે જોઇ ગયા. હવે ક્ષારો લઇએ. મીઠું આવો એક ક્ષાર છે.

હવા અને પાણીને બાદ કરતાં, મીઠા જેવો રોજિંદા ઉપયોગમાં આવતો બીજો કોઇ પદાર્થ ભાગ્યે જ મળશે. આપણા ખોરાકનો તે ઉપયોગી અંશ છે. (જણ દીઠ વર્ષે આશરે ત્રીસ પૌંડ મીઠું જોઇએ.) ઢોરના ખોરાકમાં પણ મીઠું અગત્યનું છે. ઉપરાંત, મીઠાનું સ્થાન ઉદ્યોગોમાં તો અતિ મહત્ત્વનું છે. તેજાબોમાં જેમ સલ્ફયુરિક ઍસિડ અનેક ઉદ્યોગોમાં અગ્રણી છે, તેમ ક્ષારોમાં મીઠું પણ એવું જ સ્થાન ભોગવે છે. મીઠામાંથી સોડા બનાવવાનો ઉદ્યોગ 'આલ્કલી ઇન્ડસ્ટ્રી' કહેવાય છે. રસાયણો બનાવવાના સર્વ ઉદ્યોગોમાં એ આલ્કલી બનાવવાનો ઉદ્યોગ મોખરે આવે છે, અને તેમાં મીઠું જ કાચા પદાર્થ તરીકે વપરાય છે. એટલે પ્રથમ આપણે મીઠા સંબંધે જાણીએ.

મીઠું કુદરતમાં લગભગ અમર્યાદિત જથ્થામાં મળી આવે છે. દરિયાના પાણીમાં લગભગ ત્રણ ટકા મીઠું હોય છે. પ્રાથમિક કાળની શિલાઓમાં પણ જૂજ પ્રમાણમાં તેનું અસ્તિત્વ હોય છે. મીઠું પાણીમાં દ્રાવ્ય હોવાથી એ શિલાઓ પર વરસાદનાં પાણી પડતાં એ મીઠું ધોવાતું ધોવાતું દરિયાના પાણીમાં એકઠું થાય છે. ઉપરાંત, ઘણી જગ્યાએથી પ્રાચીન કાળમાં જામેલા મીઠાના થર-ભરાણ-ખાણો મળી આવે છે. રાજપુતાનામાં ડીંડવાના પાસેથી તેમજ પંજાબમાંથી આ પ્રકારનું મીઠું નીકળે છે. દુનિયામાં મોટામાં મોટી મીઠાની ખાણ ગલીસિયામાં આવેલી છે. તે ૫૦૦માઇલ લાંબી, ૨૦ માઈલ પહોળી અને ૧૨૦૦ ફૂટ જાડી છે. આ મીઠું અત્યંત પુરાણા ભૂસ્તરીય કાળમાં બન્યું હશે. જે જગ્યાઓએથી એ નીકળે છે ત્યાં પ્રાચીન કાળમાં દરિયો યા મોટાં સરોવરો હશે અને જ્વાળામુખીના ઉલ્કાપાતો વગેરે ભૂસ્તરીય ફેરફારોથી તે પુરાઈ જતાં ત્યાં મીઠું જામી ગયું હશે. અંગ્રેજી ભાષામાં આવું મીઠું 'રૉક-સૉલ્ટ' (ખડકનું મીઠું) તરીકે ઓળખાય છે. આપણે તેને સિંધવ, સિંધાલુણ યા ખનિજ-મીઠું કહીએ છીએ.

ધ્રાંગધ્રા તેમજ તેની નજીકના ખારાઘોડાના પ્રદેશમાં પણ ખનિજ મીઠાની આ પ્રકારની ભૂસ્તરીય પ્રક્રિયા થઈ હશે; પણ તે અધૂરી રહેવાથી ત્યાંના પ્રાચીન દરિયાનું પાણી જામેલા સિંધવ રૂપે નહિ પણ પ્રવાહી રૂપે નીકળે છે, અને તેને પકવવાથી મીઠાના મોટા સ્ફટિકો બને છે, જેને વડાગરા મીઠા તરીકે આપણે ઓળખીએ છીએ. આ મીઠું પકવવા માટે ત્યાં કૂવા ખોદી તેમાંથી મીઠાનું પાણી કાઢીને ક્યારાઓમાં સૂકવવામાં આવે છે; અને એક જ થરમાં તેમાંથી વડાગરા મીઠાના સ્ફટિકો જામી જાય છે. આ વડાગરા મીઠાના સ્ફટિકો શેકવાથી પણ સિંધાલુણ બની રહે છે.

દરિયાના પાણીમાંથી મીઠું પકાવવાનો ઉદ્યોગ ખૂબ જૂનો છે. પાણીને મોટા છીછરા ક્યારાઓમાં ભરી રાખી સૂર્યની ગરમી વડે સૂકવી નાખવામાં આવે છે. પાણી સંપૂર્ણતઃ શોષાઈ જતાં તેમાંનું મીઠું તળિયે બેસે છે, જે પછીથી કાઢી લેવામાં આવે છે. મીઠાના તેઆવા ક્યારા, જે 'મીઠાના અગર' કહેવાય છે, તેમાં તૈયાર થએલું મીઠું 'સોલર સૉલ્ટ' (સૂર્યગરમીથી પાકેલું મીઠું) 'ઘસિયું મીઠું' કહેવાય છે. એ મીઠું કાઢી લીધા પછી પાછળ રહેતા પ્રવાહીને 'બીટર્ન' કહે છે, જેનો ઉપયોગ મૅગ્નેશ્યમ ક્ષારો તથા બ્રોમીન કાઢવામાં થાય છે.

જે પ્રદેશોમાં (ખાસ કરીને પશ્ચિમમાં) સૂર્યની ગરમી સુલભ નથી ત્યાં મીઠું બનાવવા માટે ઘટાડેલા દબાણવાળા નિર્વાતક કડાઓમાં મીઠાવાળા પાણીને ઉકાળવામાં આવે છે. એ ક્રિયા ધીમેથી કરવામાં આવે તો મીઠાના મોટા સ્ફટિકો બંધાય છે; અને જો ભૂકો જોઇતો હોય તો એ ક્રિયા જલદી કરવામાં આવે છે. આ રીતે તૈયાર થએલાં અનેક તરેહનાં મીઠાં બજારમાં મળે છે. તેનું વર્ગીકરણ તેના સ્ફટિકોની બારીકાઈ પર કરવામાં આવે છે. ખોરાકમાં વપરાતા 'ટેબલ સૉલ્ટ'ના દાણા અકસરખા ઝીણા હોય છે. આ ઉપરાંત ઔદ્યોગિક મીઠું, માછલી માટે વપરાતું મીઠું અને એવી બીજી અનેક જાતો ત્યાં વેચાય છે. માછલિયું મીઠું અકસરખું હોતું નથી.

મીઠા પરત્વે આપણી સ્થિતિનો વિચાર કરીએ તો આપણા દેશમાં તો એવી કૃત્રિમ પદ્ધતિથી મીઠું તૈયાર કરવાની કશી જરૂર નથી. દેશ ફરતો ત્રણે બાજુ દરિયાકાંઠો છે, એટલે મીઠું પકવવા માટે પુષ્કળ સગવડ છે. પંજાબમાં અને ઉપર જણાવેલા બીજા પ્રદેશોમાંથી પુષ્કળ ખનિજ મીઠું પણ નીકળે છે. છતાં નવાઇની વાત એ છે કે આપણો મીઠાનો ઉદ્યોગ પૂરેપૂરો ખીલેલો નથી. વળી અત્યાર સુધી તો આપણા દેશમાં મીઠાનો કર હતો, તે પણ આ સ્થિતિ માટે જવાબદાર ગણાય. હવે એ કર નાબૂદ થયો છે એટલે મીઠાના ઉદ્યોગની ખીલવણી અર્થે અનેક સંભવિતતાઓ છે.

અગાઉ જોઈ ગયા તેમ મીઠું ખોરાકમાં અતિ ઉપયોગી પદાર્થ હોવા ઉપરાંત અનેક ઉદ્યોગોમાં પણ મહત્ત્વનું સ્થાન લે છે. સોડા, કૉસ્ટિક સોડા, ક્લોરીન, હાઇડ્રોક્લોરિક ઍસિડ વગેરે બનાવવામાં મીઠું પુષ્કળ વપરાય છે. મચ્છી અને બીજી સંગ્રહી રાખવાની ખોરાકી ચીજો બગડી ન જાય એ માટે પણ મીઠું ખૂબ ઉપયોગમાં લેવાય છે. અથાણું સારૂં બનાવવા માટે મીઠું ઠીક પ્રમાણમાં વપરાવું જોઇએ; નહિતર ઓછા મીઠાવાળું અથાણું બગડી જાય છે. માટીનાં વાસણોને ઓપ ચડાવવા માટે મીઠું ખાસ ઉપયોગી છે. સોડિયમના અનેક ક્ષારો તો સીધી યા આડકતરીરીતે મીઠામાંથી જ બનાવાય છે.


મીઠાના સ્ફટિકો પારદર્શક, રંગ વિનાના અને ચોરસ આકારના હોય છે. ૮૦૦ ડિગ્રી ગરમીએ તે પ્રવાહી બને છે. અને તેથી વિશેષ ગરમીમાં ઊડી જાય છે. અધો-રક્ત (ઈન્ફ્રારેડ) કિરણોમાં પણ તે એકદમ પારદર્શક હોવાથી તેનો ઉપયોગ લૅન્સ અને પ્રીઝમ બનાવવામાં થાય છે. આમ, અનેકવિધ ઉપયોગોને લીધે મીઠું સર્વ રસાયણોમાં અત્યંત મહત્ત્વનું રસાયણ ગણાય છે.

મીઠાના પાણીમાંથી મીઠું પકાવવાની ક્રિયામાં રહેલી એક મુશ્કેલીનો ઉલ્લેખ અહીં અસ્થાને નહિ ગણાય. મીઠું ઠંડા તેમજ ગરમ પાણીમાં લગભગ સરખા પ્રમાણમાં જ ઓગળે છે. આમ હોવાથી માત્ર ગરમ દ્રાવણને ઠંડું પાડવાથી બીજા ક્ષારોની જેમ મીઠાના સ્ફટિકો પૂરેપૂરા જુદા પડી જતા નથી; એટલે એ દ્રાવણને ખૂબ વખત ગરમ કરી લગભગ બધું પાણી ઉડાડી નાખવું પડે છે. તો જ દ્રાવક પાણીના અભાવે મીઠું જુદું પડે.

એક બીજી વાત: ચોમાસામાં મીઠું ભેજ લે છે અને ભીનું થઈ જાય છે. સામાન્ય માન્યતા એવી છે કે આ મીઠાનો ગુણ છે. પણ

એ બરા[illegible]થી. શુદ્ધ મીઠું ભેજ ગ્રહણ કરી કદી ભીનું થતું નથી. સામાન્ય[illegible]માં મૅગ્નેશિયમ ક્લોરાઇડ નામનો જે પદાર્થ અશુદ્ધિ રૂપે હોય છે એ પદાર્થનો જ ગુણ ભેજ ગ્રહણ કરવાનો છે, અને એના કારણે જ મીઠું ભીનું થઈ જાય છે. (મીઠા વિષે વધુ હવે પછી)

મીઠાના ઉપયોગ તથા તેમાંથી બનતી ચીજો



મીઠા વિષે વધુ

આદિ કાળથી મનુષ્ય મીઠાનો ઉપયોગ કરતો આવ્યો છે. આપણા રોજિંદા ભોજનમાં મીઠાનું સ્થાન બહુ જ અગત્યનું છે. મીઠા વગરનું ભોજન આપણને મીઠું લાગતું નથી. વળી મીઠાની સાથે ઘણી સંજ્ઞાઓ પણ સંલગ્ન છે. મિત્રત્વનું તે જૂનું ચિહ્ન ગણાય છે. હિંદમાં મીઠું શુકનની ચીજ ગણાય છે. અરબ દેશોમાં તેમજ આપણે ત્યાં પણ જેનું લુણ ખાધું હોય તેને છેવટ સુધી વફાદાર રહેવાનું નૈતિક બંધન છે.

ખોરાક ઉપરાંત મીઠાનો ઉપયોગ માંસ-મચ્છી વગેરે લાંબો સમય સંઘરી રાખવા માટે, જનાવરોનાં ચામડાં કમાવવામાં, જંતુઘ્ન દવા (insecticide)તરીકે, તથા ખાતર તરીકે પણ થાય છે. મીઠાના પાણીના કોગળા આરોગ્યરક્ષક છે એ તો જાણીતી વાત છે.

પણ મીઠાને કારણે ઘણાં યુદ્ધો થયાં છે અને તેના અભાવને લીધે યુદ્ધો હારવાના પણ ઘણા દાખલા બન્યા છે એ જાણીને નવાઈ લાગશે. મીઠાના એક ઝરણાની માલિકીને માટે ચેટ્ટી અને હેમાન્ડુઓનું લોહી રેડાયું હતું. ઘણા ઇતિહાસકારોનું માનવું છે કે મીઠાની અછતને કારણે જ નેપોલિયનને મૉસ્કોમાંથી પીછેહઠ કરવી પડી હતી, કેમકે ખોરાકમાં મીઠાને અભાવે સૈનિકોના ઘા જલદી સારા થતા નહિ. મીઠાની તંગી હોવાથી તેમના ઘા વકરી (septic થઈ) જતા હતા. અરે, તાજેતરની જ વાત કરીએ, તો છેલ્લા મહાયુદ્ધમાં સેનાપતિ વિન્ગેટની બ્રહ્મદેશ ઉપરની ચડાઈ વેળા તેના સૈનિકોને જંગલમાં ખૂબ પરસેવો થતો અને પરસેવા માર્ફતે તેમનાં શરીરમાંથી મીઠું બહાર જતું રહેવાથી તેમનાં શરીર જલદી ભાંગી પડતાં અને તે મોટી સંખ્યામાં મૃત્યુ પામતા. વિન્ગેટે આ બાબતમાં નિષ્ણાતોની સલાહ લેતાં તેમણે જણાવ્યું કે ઉષ્ણ કટિબંધની આબોહવામાં મીઠું એ એક શામક (cooling agent) તરીકે અત્યંત જરૂરી હોવાથી દરેક માણસને રોજના બે ચમચા મીઠું ફરજિયાત આપવું જોઇએ. વિન્ગેટે એ પ્રમાણે કરતાં તેનાં માણસો બચી ગયાં.

પશુઓને પણ મીઠાની આવશ્યકતા હોય છે. તેઓ જે ઝાડપાન ખાતા હોય છે એમાંથી જો મીઠાનું પ્રમાણ જોઇએ તેટલું ન મળે તો મીઠું મેળવવા માટે તેઓ જાતજાતની યુક્તિઓ કરે છે. આ પણ ઘણી વખત વાંદરાઓને એકબીજાની પીઠ ઉપરથી જૂ શોધીને ખાતાં જોયાં છે. પણ ખરું જોતાં તેઓ જૂ ખાતાં નથી હોતાં. એક પ્રખ્યાત વૈજ્ઞાનિકે આ બાબત સંશોધન કરીને સાબિત કર્યું છે કે તેઓ જૂ નહિ પણ તેમના શરીર પર થતી મીઠાના મિશ્રણવાળી ગ્રંથીઓ ઉખેડીને ખાતાં હોય છે. તેમના રોજના ખોરાકમાં જ્યારે મીઠાનું પ્રમાણ ઓછું થાય છે ત્યારે જ તેઓ આ પ્રવૃત્તિ કરતાં હોય છે.

આ ઉપરથી એવો પ્રશ્ન ઊઠશે કે મનુષ્યને રોજના ખોરાકમાં મીઠું જરૂરી ખરું કે નહિ ? તેનો જવાબ એ છે કે માત્ર બાફેલા કે ઉકાળેલા પદાર્થો ભોજનમાં ખાનાર માટે તો મીઠું લેવું ખાસ જરૂરી છે; કારણકે બાફેલા પદાર્થોનું પાણી ઘણુંખરું ફેંકી દેવામાં આવતું હોવાથી શાકભાજી તથા ઇતર પદાર્થોમાંનો ક્ષારનો અંશ એ રીતે જતો રહે છે. પણ જો તાજાં ફળો તથા બાફ્યા વગરનાં શાકભાજી કચુંબર રૂપે લેવામાં આવે તો મીઠાની બહુ જરૂર ન રહે; કારણકે તે ખોરાકમાં કુદરતીરીતે જ આવશ્યક મીઠું મળી રહે છે. એક ડૉક્ટર ૧૦ વર્ષ સુધી આવા ખોરાક પર રહ્યા હતા, ને તેને કંઇ જ થયું નહોતું.

ઉષ્ણ કટિબંધમાં-ગરમ દેશોમાં રહેતાં-માણસોને તથા ખાણ અને કારખાનાંઓમાં કામ કરતા મજૂરોને તો ખોરાકમાં મીઠું લેવું ઘણું જ આવશ્યક છે, કારણકે તેમને પરસેવો ખૂબ થતો હોવાથી તેની માર્ફત શરીરમાંથી વહી જતા ક્ષારની ખોટ ભરપાઈ કરવા તેમના ખોરાકમાં મીઠાનું સ્થાન હોવું અત્યંત જરૂરી છે. (સંપાદિત)

નવાં હિંદી પત્રમિત્રો

(અનુસંધાન પાછળ પાન ૧૬૬થી)

પો. ઑા. નં. ૨૮૬, ઝાંઝીબાર (બ્રિ. ઈ. આફ્રિકા)—સરનામું અંગ્રેજીમાં; (૨૫૯) ચંપકલાલ વૃંદાવનદાસ વોરા, ૩૩ કપોલ નિવાસ નં. ૨, કિંગ્સ સર્કલ, માટુંગા (જી. આઇ. પી) મુંબાઈ-૧૯—૧૬, ટિકિટસંગ્રહ; (૨૬૦) કુ. મીનાક્ષી ચૌધરી, ઝાલાવાડ મેડિકલ સ્ટોર્સ વઢવાણ કૅમ્પ—૧૭, ફોટોગ્રાફસંગ્રહ; (૨૬૧) ધ્રુવકુમાર આર. ઓઝા, ગોરાવાડી, પાલીતાણા (બી.એસ.રેલ્વે)—૧૭, સાહિત્ય; (૨૬૨) ભગવાનજી ત્રિભોવનદાસ કારિયા ૮, હેમરાજ બિલ્ડિંગ, લૉરેન્સ રોડ, કરાંચી (સિંધ)—૨૦, રાજકારણ, સંગીત; (૨૬૩) પ્રવીણચંદ્ર સી. ગાંધી, ઠે. ચત્રભુજ મો. ગાંધી, ગાંધી બંગલો, કરાણી લેન, ઘાટકોપર, (જી.આઈ.પી.)—૧૬, ટિકિટસંગ્રહ, સિક્કાસંગ્રહ સાહિત્ય; (૨૬૪) માણેકલાલ ઠે. રવિલાલ ભગવાનજી, લાકડાનો વાડો, માંડવી (કચ્છ)—૧૭, ટિકિટ-સિક્કા-મૅચ લેબલ સંગ્રહ; (૨૬૫) ગીરધરલાલ હીરાલાલ મણિયાર, નૂતન છાત્ર સંઘ, રત્ન ભુવન નીચે, માંડવી (કચ્છ)—૧૫, ટિકિટ-સિક્કા-મેચ લેબલ સંગ્રહ, પ્રવાસ; (૨૬૬) ચંપકલાલ ગોવર્ધનદાસ માંડવીઆ, ભોજેશ્વર વિભાગ, પોરબંદર—૨૦, ટિકિટસંગ્રહ, કાવ્ય, રાજકારણ, વિદેશી રમતો; (૨૬૭) વિદ્યાકાન્ત વિ. ભાઈલાલ, ઠે. ભાઈલાલ સી. માંકડ, નાગર ચકલા, ભુજ (કચ્છ)—૧૯, સંગીત; (૨૬૮) મહેન્દ્રકુમાર શાહ, ઠે. સી. જે. શાહ, બોટાદ—૧૭, ટિકિટ-સિક્કા-મેચ લેબલ સંગ્રહ; (૨૬૯) જયંતીલાલ દોશી, ઠે. અમૃતલાલ જેચંદ દોશી, શેઠ વીરમ લધા ઍન્ડ કં. કૅમ્પબેલ સ્ટ્રીટ, કરાચી (સિંધ)—૧૬, ટિકિટસંગ્રહ, અવતરણસંગ્રહ; (૨૭૦) જગદીશચન્દ્ર પ્રભાશંકર ભટ્ટ, ઠે. પ્રકાશ ઍન્ડ કં., દાણાપીઠ, ભાવનગર—૧૮, નવી ભાષા શીખવાનો, યાંત્રિક કામનો; (૨૭૧) કુ. કાન્તા ચત્રભુજ ચંદ્રિયાણી, ઇંટરનૅશનલ રેડિયો કં. મલબાર વ્યૂ નં. ૧, ચોપાટી સી ફેસ, મુંબાઈ-૭—૧૭, ટિકિટ સંગ્રહ, ફોટોગ્રાફી, જુદીજુદી ભાષા શીખવાનો; પત્ર વ્યવહાર ફક્ત કન્યાઓ સાથે; (૨૭૨) બહાદુર એલ. ગાંધી, લક્ષ્મી નિવાસ, ચર્ચરોડ, વીલેપારલે, મુંબાઇ-૪—૧૬, ટિકિટસંગ્રહ, સિક્કાસંગ્રહ; (૨૭૩) ભરતકુમાર વિ. મહેતા, 'કલ્યાણ', માણેકવાડી પ્લૉટ ૫૧૦, ભાવનગર—૨૦, સંગીત, પત્રકારત્વ, ફોટોગ્રાફી; (૨૭૪) ડૉ. ડી. કે. સોનેજી, ઉપલેટા—૩૦, આધ્યાત્મિક અને સામુદ્રિક વિદ્યા, ચિત્રકળા; (૨૭૫) નરેન્દ્ર હ. ઠક્કર, ઠે. હરિલાલ લલ્લુભાઇ ઠક્કર, ૮, કોલભાટ લેન, ત્રીજે માળ, મુંબાઇ-૨—૨૦, ચિત્રકળા, નૃત્ય, ફોટોગ્રાફી, સાહિત્ય; (૨૭૬) જીવરાજ આર. શાહ, ૨, એલ્જિન રોડ, 'કલ્યાણ ભુવન' કલકત્તા ૨૦—૧૭, વિજ્ઞાન, ટિકિટસંગ્રહ; (૨૭૭) મગલદાસ ડી. ઠક્કર, ૧૯, વીરજી મેરાજ ચાલ, કચ્છી લોહાણા નિવાસગૃહ, મજગામ, મુંબાઈ ૧૦—૧૫, સંગીત, પ્રવાસ; (૨૭૮) જેઠાલાલ મોતીરામ ઠક્કર, ૩૧ વીરજી મેરાજ ચાલ, ઠેકાણું ઉપર મુજબ: ૧૬, વાંચન, સંગીત; (૨૭૯) સૂર્યકાન્ત ઓધવજી જોશી, ૩૮-૪૦ ડીસોઝા સ્ટ્રીટ, ૮ માસ્તાનવાળો માળો, વડગાદી, મુંબાઈ-૩—૧૮, સીનેમા-સંગીત; (૨૮૦) છબિલદાસ કેશવલાલ બ્રહ્મક્ષત્રી, બજાર, કપડવંજ—૨૫, સિક્કા સંગ્રહ, યોગવિદ્યા, ફોટોગ્રાફી; (૨૮૧) એન. એન. વડગામા, મણિશંકર એમ. બિલ્ડિંગ, આર. સી. ઝીણા સ્ટ્રીટ, કરાંચી-૧—૧૭, ટિકિટસંગ્રહ, પર્યટન, પત્રકારત્વ; (૨૮૨) જયેન્દ્ર શાહ, ઠે. નરેશચન્દ્ર એમ. શાહ, કાળુપુર ટંકશાળ, અમદાવાદ-૧૬, મહાપુરુષોના સ્વાક્ષરીનો સંગ્રહ; (૨૮૩) હીરાલાલ પ. તન્ના ઠે. પરમાનંદ જે. તન્ના, ઑટોમોબાઇલ ડીલર, કેશોદ (કાઠિયાવાડ)—૧૯, સીનેમા, રાજકારણ. (અનુ૦ આર્ટપ્લેટ સામે)

કસોટી

મગજ ચલાવી જુઓ; નહિતો પછી ઉત્તરો નીચે અવળા છાપ્યા છે.

(૧) કાનજી ડોસા ગુજરી ગયા ત્યારે ૪૮૦૦ રૂપિયાની મતા મૂકતા ગયા. તેમનાં સંતાનોમાંથી અમુક તો તેમની હયાતીમાં જ ગુજરી ગયાં હતાં. એટલે બાકી રહેલાં સંતાનો વચ્ચે તેમની એ મિલ્કત વહેંચતાં દરેકને, જો બધાં સંતાનો જીવતાં હોત અને તેમની વચ્ચે એ મિલ્કત સરખે હિસ્સે વહેંચાઈ હોત તો તે પ્રત્યેકને હિસ્સે જે રકમ આવત તેના કરતાં ૧૧૨૦ રૂપિયા વધુ મળ્યા. તો તેમનાં હયાત સંતાન કેટલાં અને ગુજરી ગએલાં કેટલાં?

(૨) નીચેની ઐતિહાસિક વ્યક્તિઓને તમે કાળક્રમે ગોઠવી શકશો? (૧) અકબર; (૨) અહલ્યાબાઈ; (૩) અશોક; (૪) શેરશાહ; (૫) ટીપુ; (૬) ચાંદબીબી; (૭) રણજીતસિંહ; (૮) શિવાજી; (૯) નાનાસાહેબ; (૧૦) પૃથ્વીરાજ; (૧૧) નાના ફડનવીસ (૧૨) હર્ષ.

(૩) સૂર્યમાળામાં પૃથ્વીથી સૂર્યની વધુ નજીક કયા ગ્રહો છે?

(૪) એક વર્ગમાં ૪૨ બેઠકો છે, તેમાંની સાત બેઠકો ખાલી હોય ને બે છોકરા ગેરહાજર હોય તો વર્ગમાં કુલ કેટલા છોકરા હશે?

(૫) જો મુસાફરી કરતાં તમે એટલું ચાલ્યા હો કે તમારૂં ઘડિયાળ એક કલાક પાછળ પડી ગયું હોય તો તમે પૂર્વ દિશા તરફ મુસાફરી કરી હશે કે પશ્ચિમ તરફ?

(૬) નીચે કેટલાક સીધા-સાદા પ્રશ્નો મૂકયા છે તેના જવાબ તમે આપી શકશો? (૧) પૃથ્વીના ખંડ કેટલા? (૨) બિલાડીને એડીઓ કેટલી હોય છે? (૩) અમેરિકા કેટલાં સંસ્થાનોનું બનેલું છે? (૪) દરિયામાં ૨૪ કલાકમાં કેટલી વાર ભરતી આવે છે? (૫) પત્તાની તદ્દન નવી જોડમાં એક્કા સિવાયનાં ચિત્રોવાળાં પાનાં કેટલાં હોય છે? (૬) ટેલિફોન ડાયલમાં કેટલાં કાણાં હોય છે?

જવાબો: (૧) ૩, હયાત; ૭ ગુજરી ગયાં; (૨) નીચેના ક્રમમાં: અશોક, હર્ષ, પૃથ્વીરાજ, શેરશાહ, અકબર, ચાંદબીબી, શિવાજી, અહલ્યાબાઈ, ટીપુ, નાના ફડનવીસ, રણજીતસિંહ, નાનાસાહેબ. (૩) બુધ અને શુક્ર; (૪) ૩૭; (૫) પૂર્વ તરફ; (૬) (૧) સાત: એશિયા, આફ્રિકા, યુરોપ, ઉત્તર અમેરિકા, દક્ષિણ અમેરિકા, ઑસ્ટ્રેલિયા, ઍન્ટાર્કટિકા; (૨) આગલા પગે પાંચ અને પાછલા પગે ચાર; (૩) ૪૯; (૪) બે વખત; (૫) ૧૩—જોકરને ન ભૂલતા; (૬) ૧૦.

વિદ્યાર્થીઓને મદદ કરનાર સંસ્થાઓની યાદી

સાધનરહિત વિદ્યાર્થીઓને અભ્યાસ માટે મદદ કરનારી સંસ્થાઓની યાદી વિષેની માહિતી અમે અગાઉ આપી હતી. તેની માગ વધી પડવાથી હમણાં તે સુધારાવધારા સાથે ફરી છપાઈ છે એનાં નીચે જણાવેલાં મથાળાં જ એની ઉપયોગિતાની સાબિતી આપી રહેશે: (૧) કોઈપણ કોમના વિદ્યાર્થીઓને મદદ આપનાર સંસ્થાઓ; (૨) બહેનોને અભ્યાસ માટે મદદ આપતી સંસ્થાઓ; (૩) જુદીજુદી કોમોને મદદ કરનાર સંસ્થાઓની સામાન્ય યાદી; એ ઉપરાંત (૪) બ્રાહ્મણ, (૫) વણિક, (૬) જૈન, (૭) લોહાણા તથા (૮) ભાટિયા વિદ્યાર્થીઓને મદદ આપતી સંસ્થાઓ; (૯) રાજપુત શિક્ષણસંસ્થાઓની યાદી; (૧૦) પરદેશ જનાર કોઈપણ શિષ્યને મદદ આપનાર સંસ્થાઓ તથા (૧૧) ઉચ્ચ કેળવણી માટે નાણાં ધીરનારી સંસ્થાઓની યાદીઓ આપેલી છે, જે ઘણી ઉપયોગી નીવડશે. ઈચ્છુકોએ ટપાલખર્ચ સાથેની કિંમત ૦-૬-૦ની ટિકિટો બીડીને નીચેને સરનામે લખવું: શ્રી ચંદુલાલ ત્રિ. વ્યાસ, ન્યૂ ઇરા સ્કૂલ, હ્યુજ રોડ, મુંબાઈ-૭.



માધુકરી

કોણ?

કલ્પનાની ક્યારીઓમાં કોણ સીંચે તેજામૃતો
મંથનોનાં મોતી ગૂંથે મારે ઉર કોણ ?
જીવનાં ગીતપુષ્પો ફૂટી આવ્યાં મારે ઉરે
કો સુસ્પર્શે સિદ્ધિ કાજે ખીલી ઉરભાગ? પ્રતાપકુમાર શાહ

શ્યામજી કૃષ્ણજી વર્મા

નવીન સરણીનાં વિચાર અને સર્જન રજૂ કરવાના અભિલાષી માસિક 'રેખા'ના તંત્રી, ગુજરાતની રંગભૂમિના નવસર્જનના કોડ અને યોજનાઓ ધરાવનાર અનુભવી અભિનેતા અને ગુજરાતના નવલોહીઆ કાર્યકરોમાંના એક શ્રી જયંતી દલાલે "સહુને સ્વતંત્ર રીતે વિચાર કરતા કરવાની" નેમથી 'ગતિ' નામનું એક નવું આશાસ્પદ અઠવાડિક શરૂ કર્યું છે. તેમાં શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકે લખેલી, હિંદના પહેલા ક્રાંતિકારી શ્રી શ્યામજી કૃષ્ણવર્માની જે વિસ્તૃત જીવનરેખા ક્રમશઃ પ્રસિદ્ધ થાય છે તે (જેમને ઉપલબ્ધ હોય તેમને) વાંચવાની ભલામણ સાથે, એના શરૂઆતના ચાર હપતામાંથી, હિંદના અરુણોદયકાળના એ તેજસ્વી ગુજરાતીના જીવનના પૂર્વાર્ધની કથા તારવીને અહીં ઉતારી છે;—એવી આશાથી કે એમને વિષેની સંપૂર્ણ માહિતી મેળવવાની આતુરતા એ વાચકોમાં પ્રકટાવશે. —તં૦

શ્યામજી કૃષ્ણજી વર્માના નામથી પણ કદાચ આજના દેશભક્તો અજાણ હશે. પણ જ્યારે લખાય ત્યારે હિંદના આઝાદીના સાચા ઇતિહાસમાં શ્યામજી કૃષ્ણજી વર્માનું નામ ઘણા ઊજળા અક્ષરે લખાશે ને ભાવિ પેઢીને પોતાના એ અગ્રણીનો સાચો આદર શીખવશે.

ગુજરાતના એવા જ એક પ્રયોગવીર પ્રજાસેવક શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકે વર્ષો પરના પોતાના યુરોપવાસ દરમિયાન બ્રિટિશ મ્યૂઝિયમ વગેરે સ્થળોના અપ્રાપ્ય ને બુલંદ અવાજે ઇતિહાસની સાક્ષી પૂરતાં સાધનોની જહેમતપૂર્ણ અન્વેષણા ને અભ્યાસ બાદ, ૧૮૫૭ના પ્રથમ સ્વાતંત્ર્યયુદ્ધ પછીની નવી વિચારસરણીના પુરસ્કર્તા શ્યામજી કૃષ્ણજી વર્માનું જીવન-ચરિત્ર આલેખ્યું છે. ખરીરીતે એ શ્યામજી વર્માનું માત્ર જીવનચરિત્ર નથી, હિંદના સ્વાતંત્ર્ય-યુદ્ધના એક અણઆલેખાએલા ને ઉદાસીનતાથી ઉવેખાએલા યુગનું નવતર દર્શન છે.

પંડિત શ્યામજી કૃષ્ણજી વર્માનો જન્મ કચ્છના માંડવી ગામમાં એક ગરીબ ભણશાળી કુટુંબમાં ૧૮૫૭ના ઑક્ટોબરની ૪થી તારીખે થયો હતો. ૧૮૫૭! એનું સ્મરણ જ હિંદના પ્રથમ સ્વાતંત્ર્યયુદ્ધની કરુણ અને પ્રશસ્ય સ્મૃતિને જગાવી જાય છે. બરાબર એકસો વર્ષ પહેલાં પલાશીના યુદ્ધમાં ક્લાઇવે જે બ્રિટિશ રાજની જડ નાખી હતી તેનો તાણોવાણો હાલી ઊઠયો હતો. 'માત્ર સિપાહીએ બળવો પુકાર્યો હતો એમ ન હતું. પણ લશ્કરી ફરિયાદો, રાષ્ટ્રીય તિરસ્કાર ને બ્રિટિશ હકુમત સામેનું ધાર્મિક ઝનૂન, એ સર્વનું મિશ્રણ હતું. દેશી રાજાઓ ને દેશી સિપાઇ એક થયા; હિંદુ અને મુસ્લિમ એમનું વૈમનસ્ય ભૂલી ખ્રિસ્તી સામે લડવા એક થયા; મેરઠના સિપાહીઓને એક ક્ષણમાં નેતાગીરી સાંપડી, ધ્વજ સાંપડયો, અને કારણ મળી ગયું; અને એ 'બંડ' મટી 'ક્રાન્તિકારી યુદ્ધ' બન્યું. એ ક્રાન્તિકારીઓની વીરતા ને શહાદતના ગૌરવગાને જ્યારે ગામેગામ અને ચૌટેચૌટું ગુંજતું હતું અને પરદેશી હકુમતના અમાનુષી અત્યાચારની કાળી કથાઓ સાંભળતું હતું તેવા સમયમાં શ્યામજીનું બચપણ વીત્યું. એ સર્વના પ્રસ્પંદો બાળ શ્યામજીએ કેવા અને કઈ રીતે ઝીલ્યા એ જાણવાનું આપણી પાસે કશું સાધન નથી. અન્ય બાળક જેમ એ પણ માંડવીની ગામઠી શાળામાં નાની ઉંમરે દાખલ થયા. શરૂઆતથી જ એણે બુદ્ધિપ્રભા દાખવવા માંડી, ને એના જ બળે, ગરીબ હોવા છતાં, એનાં માબાપે કચ્છની રાજધાની ભુજમાં એને અંગ્રેજી શીખવવા લઇ જવાનું નિરધાર્યું. પણ દસ વર્ષની બાળવયમાં જ એણે

માસમાસનાં પંખી
૧૯-હોલો



હોલો તો આપણે ત્યાંનું સામાન્ય પંખી. કબૂતર કરતાં સહેજ નાના પણ આચાર તથા નખરાંમાં કબૂતર જેવા જ આ પંખીની હિંદમાં તો દસ-બાર જાતો છે, પણ આપણે ત્યાં તેમાંની ત્રણેક જાત જોવામાં આવે છે. એ સર્વમાં ધોળી ભસ્મ જેવા સફેદ રંગનો હોલો સૌથી રૂપાળો અને મોટો ગણાય છે. તેના ગળાના પાછલા ભાગમાં કાળો કાંઠલો હોય છે અને કાંઠલાની ઉપલી તથા હેઠલી ધારે શ્વેત પટ્ટી હોય છે. આ તેનું વિશિષ્ટ ચિહ્ન છે. કૂ–કૂ ... કૂ એવા બોલવાળું એનું કૂજન 'પરભૂ . . . . તુ' એ પ્રકારના ઈશ્વરભજન જેવું લાગે છે!

ટેખાળીઆ લાલ રંગની તેની બીજી જાત પણ આપણને સુપરિચિત છે. ગળાંની બંને તરફ કાળાં ધોળાં ટપકાંની ચાળણી ને તામ્રવરણી પાંખો ઉપર લાલ બિંદુઓ વાળો આ 'કંકુવરણો હોલો' આપણાં આંગણાંમાં ભમતો ઘણી વખત દેખાય છે. એની ત્રીજી જાત તે ચિત્રગ્રીવ હોલો. તે કાબર કરતાં ય નાનો હોય છે. શરીરનો રંગ ગોરાડુ, માથું મેલું લાલ છાયાવાળું અને ગળાંની બંને બાજુ પર કાળા લાલ અપાર ટપકાં.

સ્વભાવે જમીન પર જ રહેનારા આ પંખીને મનુષ્યસહવાસ ઘણો પ્રિય છે. અનાજના દાણા એ તેનો આહાર છે. તે મોટે ભાગે વરસનાં બેથી પાંચ જણતર જણે છે અને દરેક વખતે ધોળા રંગનાં માત્ર બે ઇંડાં મૂકે છે.

ઇસુખ્રિસ્તના કાનમાં પરમાત્માનો પયગામ કહેનાર મનાએલો હોલો ખ્રીસ્તીધર્મમાં અત્યંત પવિત્ર અને દૈવી ગુણવાળો ગણાયો છે. પણ હિંદમાં તો તેની મથાવટી હલકી છે. તેની બોલી, તેનો વસવાટ, તેનું દર્શન ઘણાં હાનિકર્તા મનાયાં છે. એથી જ મનુષ્યનું અત્યંત નિકટવર્તી છતાં તે પાલનને યોગ્ય નથી ગણાયું. (શ્રી 'વનેચર'ના લેખ પરથી)

માતાની ગોદ ગુમાવી. પિતા મુંબાઇમાં કાળી મજૂરી કરી પેટિયું કાઢતા. અનાથ શ્યામજીનો હાથ એની નાનીએ પકડયો અને એને સહારે એ હાઈસ્કૂલમાં અભ્યાસ કરી શકયા.

આવો સાધનહીણો ગરીબ ભણશાળી બાળક, મુંબાઇમાં પેટિયું કાઢતા પિતાનો પુત્ર, કુટુંબ કે સંબંધના કશા ય વસીલા વિનાનો, હિંદના એક અંધારે ખૂણે વસતો, થોડાં જ વર્ષમાં સંસ્કૃત અને અંગ્રેજીનો પ્રખર વિદ્વાન થશે, ઑકસફર્ડનો પ્રથમ હિંદી એમ.એ. થશે, બૅરિસ્ટર થશે, અને ઘણાં પ્રથમ કક્ષાનાં દેશી રાજ્યોનો દીવાન થશે, એટલું જ નહિ પણ નવતર રાષ્ટ્રવાદી હીલચાલનો એના અત્યંત કપરા કાળમાં (૧૯૦૫–૧૯૧૪માં) સર્વમાન્ય અગ્રણી થશે, તેમજ લંડન, પારીસ અને જીનીવામાંથી હિંદની આઝાદીની માગનો બુલંદ પુરસ્કર્તા થશે—એમ કયારે ય કોણે કલ્પ્યું હશે ? શ્યામજીની પાસે સાધનમાં હતાં માત્ર અનેકોને પાછા પાડી દે એવી મેધા, અને પોતાનો પંથ ઉજાળવાનો મહત્ત્વાકાંક્ષા.

દૂર ભુજમાં પોતાની મેધાના ચમકારા દાખવી રહેલા શ્યામજીની વાત મુંબાઇના એક પરોપકારી ધનવાન મથુરાદાસ લવજીને કાને પહોંચી. તુરતમાં જ એમને કચ્છ જવાનું થતાં એમણે શ્યામજી અને એની નાનીને મુંબઈ આણ્યાં. આશાસ્પદ વિદ્યાર્થી વિલ્સન હાઇસ્કૂલમાં દાખલ થયો. અંધારખૂણાની ગામડિયા નિશાળથી હિંદના પ્રથમ શહેરની આલીશાન નિશાળમાં મોટી ફાળ ભરી, દક્ષિણ અને કોંકણના જબરા વિદ્યાર્થીઓ સાથે હોડમાં ઊતરી, શ્યામજીએ વર્ગમાં પ્રથમ કક્ષામાં આવીને સહુનાં હૈયાંને પુલકિત કર્યાં. મથુરાદાસે શ્યામજીને એક પાઠશાળામાં પણ મૂકયા, અને ત્યાં અપાતા સંસ્કૃતના જ્ઞાને શ્યામજીને ધર્મશાસ્ત્રો અને સાહિત્યરત્નો તરફ આકર્ષ્યા. બપોરે ને સાંજે એ પાઠશાળામાં અભ્યાસ કરતા ને મોડી રાત લગી પોતાનું વાચન ચાલુ રાખતા. આમ, વિલ્સન હાઇસ્કૂલ તથા સંસ્કૃત પાઠશાળામાં સાથે લાગટ અભ્યાસ કરીને અઢાર વર્ષની વયમાં તો તેણે સંસ્કૃત અને અંગ્રેજી બંનેમાં ભારે નૈપુણ્ય દાખવ્યું.

વિલ્સન હાઇસ્કૂલમાં ગોકુલદાસ કહાનદાસ પારેખ શિષ્યવૃત્તિ મેળવી એ એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાં ગયા, જ્યાં ઘણુંખરું શ્રીમંતોના પુત્રો જ ભણતા. અહીં પણ શ્યામજીએ પોતાની હોંશિયારી બતાવી પ્રથમ કક્ષા મેળવી. જોગાનુજોગના પ્રતાપે આ પ્રથમ કક્ષાએ એમનો મુંબાઈના એક અતિશય ધનાઢય કુટુમ્બ સાથે સંબંધ જોડી આપ્યો. શેઠ છબીલદાસ લલ્લુભાઇનો પુત્ર રામદાસ, શ્યામજીનો સહાધ્યાયી હતો. શેઠ છબીલદાસને સાહિત્ય અને સંસ્કારમાં રસ હતો. અચાનક જ એમણે એક વાર રામદાસને એના વર્ગમાં પ્રથમ વિદ્યાર્થી કોણ હતો તે પૂછ્યું. રામદાસે તુરત જ શ્યામજીનું નામ આપ્યું. રામદાસની મારફતે શેઠ છબીલદાસે શ્યામજીને પોતાને ત્યાં બોલાવ્યા. અંતે આ પરિચય ગાઢ સ્નેહ અને આદરમાં પરિણમ્યો, અને એકાદ બે વર્ષમાં તો એનું એવું પરિણામ આવ્યું કે શેઠે શ્યામજીનું લગ્ન પોતાની દીકરી ભાનુમતી સાથે કરવા ધાર્યું! અને ભાનુમતીની સંમતિથી ૧૮૭૫માં એનાં લગ્ન શ્યામજી સાથે થયાં.

આ બેત્રણ વર્ષ (૧૮૭૫–૭૬) શ્યામજીના જીવનમાં ભવપંથનું ભાથું બાંધવા જેવાં ગયા છે. જુવાન શ્યામજીએ સંસ્કૃત ભાષાના જ્ઞાતા તરીકે એવી પ્રતિષ્ઠા જમાવી હતી કે ૧૮૭૫ માં ઑકસફર્ડના બોડેન પ્રોફેસર અને લબ્ધપ્રતિષ્ઠ સંસ્કૃતજ્ઞ પ્રો૦ મોનિએર વિલિયમ્સ સાથે એનું ઓળખાણ થયું. પ્રો૦ વિલિયમ્સ પર શ્યામજીએ એવી તો ઘેરી છાપ પાડી કે બે વર્ષમાં તો પ્રો૦ વિલિયમ્સ એને ઑકસફર્ડમાં પોતાના 'સહાયક' તરીકે લેવા તૈયાર થયા. આજ અરસામાં શ્યામજીને આર્ય સમાજના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતી સાથે પરિચય થયો. આ સંસર્ગનાં પણ ઐતિહાસિક પરિણામ આવ્યાં, જોકે તાત્કાલિક કશું ફળ ન આવ્યું. ૧૮૭૦થી ૭૬નાં છ વર્ષ શ્યામજીનાં ગરીબીનાં વર્ષો હતાં. આગળ ને આગળ વધવા મથતા મહત્ત્વાકાંક્ષી વિદ્યાર્થી તરીકે શ્યામજીએ એ વીતાવ્યાં. સંસ્કૃત અને શાળાના અભ્યાસમાંથી સમય ચોરીને એ ભણાવવા જતા, અને એ રીતે પોતાની જાતને ટકાવતા. પણ ત્યાં તો એક અણધારી ને મહાન આફત આવી પડી. ૧૮૭૬માં એમની આંખે રોગ આવ્યો ને એ મૅટ્રિકની પરીક્ષા માટે વાંચી જ ન શકયા. પ્રતિભાવંતો વિદ્યાર્થી પરીક્ષામાં નાપાસ થયો! હા, અંગ્રેજીના વિષયમાં એને ઉત્તીર્ણ થએલો જાહેર કરવામાં આવ્યો !

સૌને માટે આ આઘાત હતો. એના ધનવાન સસરા અને અન્ય સજ્જનોને શ્યામજી માટે અભિપ્રાય બદલાઈ જાય એવું બન્યું. શ્યામજીમાં પોતામાં અચળ આત્મબળ ન હોત, તો કોઈ કાચાપોચાની જેમ એણે પણ હાર સ્વીકારી લીધી હોત. પણ શ્યામજી જુદી માટીના બન્યા હતા. જીવનસંગ્રામ જીતવાની એની ઇચ્છા અદમ્ય હતી. અને આવી હારને એણે ભાવિ સફળતાના પ્રથમ સોપાન તરીકે વાપરી.

૧૮૭૫-૧૮૭૬માં શ્યામજીએ સ્વામી દયાનંદ અને આર્યસમાજના અન્ય જ્યોતિર્ધરો સાથે સંબંધ કેળવવાનું ચાલુ રાખ્યું. અને એની સંસ્કૃત ભાષાની વિદ્વત્તા, વેધક બુદ્ધિ, સુધારક વૃત્તિ અને સાહસે જે પ્રથમ અસર પાડી હતી તેને સમયે ઘેરી તથા માતબર બનાવી. એમની ઇચ્છા શ્યામજીને વૈદિક મતના પ્રચારક બનાવવાની હતી.

પણ શ્યામજીએ પોતાને માટે જુદા ભાવિની કલ્પના કરી હતી. અને મિત્રોની ઇચ્છા તથા પોતાની યોજના એક વહેણે વહેતી લાગી ત્યારે એણે ૧૮૭૭ની શરૂમાં અખિલહિંદ પ્રચારયાત્રા શરૂ કરી.

પ્રો. મોનાએર વિલિયમ્સ સાથેના અલ્પ સંબંધે એના મનને મહત્ત્વાકાંક્ષાથી ભરી દીધું હતું. મોટી આશા અને હિમ્મતભર્યા નિશ્ચયથી એનું હૈયું થનગનતુ હતુ. દૂરદૂરથી ઑકસફર્ડ એને સાદ પાડતું લાગ્યુ. નવીસવી મુંબાઇ યુનિવર્સિટીએ ભલે અવગણના કરી. પોતે તો પુરાણી ઑકસફર્ડમાં જશે ! માર્ગમાં અગણિત અવરોધો હતા. પણ એણે તો પ્રો૦ વિલિયમ્સ પર દારોમદાર બાંધ્યા હતા. પ્રો૦ના મન પર પોતાના સંસ્કૃતભાષા અને વિદ્યાના જ્ઞાનની જે અસર પડી હતી તેને ઘેરી કરવાની ખાસ જરૂર હતી. એટલી જ જરૂર હિંદમાં ય માન્યતા મેળવવાની હતી. પ્રચારયાત્રા આ ઉદ્દેશને બહુ વેગથી અને કાર્યક્ષમ રીતે પાર પાડી શકે. આભે અડતી મહત્ત્વાકાંક્ષા ને દૃઢ આત્મવિશ્વાસ સાથે શ્યામજીએ માર્ચ ૧૮૭૭ના આખરમાં નાશિકથી પ્રચારયાત્રાના શ્રીગણેશ કર્યા અને સંસ્કૃતમાં ભાષણ કરીને વિદ્વજ્જનોના મન હરી લીધા ! કાશીથી માત્ર બીજા જ નંબરે ગણાતા મહારાષ્ટ્રના પંડિતો પાસેથી અદ્ભુત પ્રમાણપત્ર મેળવવું એ જેવું તેવું કામ નહોતુ. અને તે પણ 'ભ્રષ્ટમુખવાળા' ગણાતા ગુજરાતીએ મેળવ્યુ ! શ્યામજીએ પોતાના સંસ્કૃત ભાષા પરના પ્રભુત્વથી સહુને આંજી દીધા અને મેધાવન્તા 'વિદ્યાર્થી' તરીકે નાશિક આવેલા શ્યામજીએ આશાસ્પદ 'પંડિત' તરીકે નાશિક છોડયું !

પણ આ નવા વિજયના ગુમાનમાં શ્યામજીએ માથું ગુમાવ્યું નહિ. એની મીટ તો ઑકસફર્ડ પર જ મંડાઇ હતી. નાશિકની ફતેહ તો ઑકસફર્ડની કારકીર્દિનું પ્રથમ પગથિયું હતુ. એને નાશિક આવ્યાના ત્રણ દિવસમાં તો એણે ન્યાયમૂર્તિ રા. બ. ગોપાળરાવ હરિ દેશમુખ પાસે પ્રો૦ મોનીએર વિલિયમ્સ પર પત્ર લખાવ્યો. શ્યામજીની કોશિશ માત્ર અહીંથી જ પૂરી નહોતી થતી. હરિશ્ચંદ્ર ચિંતામણની મારફતે એણે ખુદ સ્વામી દયાનંદજીને પોતાની ઑકસફર્ડ જવાની

ઈચ્છાની જાણ કરાવી. સ્વામીજીએ તુરત જ પોતાના આશીર્વાદ આપ્યા. પ્રો૦મોનીઍર વિલિયમ્સનો દેશમુખ પર જવાબ પણ આવી ગયો અને પોતાના મદદનીશ તરીકે લેવાની એમણે તૈયારી બતાવી.

આ સમય દરમિયાન શ્યામજીએ ડૉ. દ કુન્હાને છ માસ લગી સંસ્કૃત શીખવી એમનો ગાઢ પ્રેમ અને આદર સંપાદન કર્યાં. સર્વ પ્રશંસકોમાંથી આ એક જ આગળ જતાં શ્યામજીની વહારે આવ્યા.

જુવાન શ્યામજીને ઑક્સફર્ડ જવાનાં સ્વપ્નાં આવવા લાગ્યાં. પણ પ્રથમ પાડેલી અસરને ઘેરી બનાવવા એ પૂના ગયો અને ત્યાં અસાધારણ ફતેહ મેળવી. પૂનાના પંડિતશિરોમણિઓ—કૃષ્ણ શાસ્ત્રી ચિપળૂણકર, પ્રો૦કાથવટે, પ્રો૦ કુંતે અને ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિન્દ રાનડે જેવાએ કલ્પનાતીત એવું પ્રમાણપત્ર આપ્યું. નાશિક–પૂનાના સભાવિજય પછી શ્યામજી અમદાવાદ, વડોદરા, ભરુચ ને સૂરત ગયા અને ત્યાં પંડિતો તથા સુધારકો સહુનાં દિલ હરી લીધાં. પ્રો. વિલિયમ્સે એક વસ્તુ સ્પષ્ટ કરી હતી કે જો શ્યામજી ૧૮૭૭ની આખરમાં કે ૧૮૭૯ની શરૂઆતમાં આવી શકે તો જ એ એને પોતાના મદદનીશ તરીકે રાખી શકે. એટલે આ જુવાન પંડિતે હવે ઑક્સફર્ડ જવાનાં નાણાંનો વિચાર કરવા માંડ્યો પ્રોફેસરે કહેલી પગારની રકમ ઠીક રીતે રહેવા માટે પૂરતી નહોતી. અને શ્યામજીની મહત્ત્વાકાંક્ષા કાંઇ ઑક્સફર્ડની પદવીથી જ પૂરી થતી ન હતી. એને તો બૅરીસ્ટર પણ થવું હતું ! આ માટે પૈસા જોઇએ. સર્વ દિશામાં નજર દોડાવ્યા બાદ શ્યામજીએ પોતાના વતન કચ્છમાંથી શિષ્યવૃત્તિ મેળવવા યત્ન કર્યો. પણ કશું પરિણામ ન આવ્યું. મુશ્કેલીઓ વધતી જતી હતી, પણ સાથે સાથે એની સફળ નીવડવાની ઈચ્છા પણ દૃઢ થતી હતી. હિંદના સંસ્કૃત જ્ઞાનના સર્વશ્રેષ્ઠ સ્થાન કાશીમાં પણ એણે પોતાની સંસ્કૃત-વિદ્યાનો ડંકો વગાડ્યો. અને એ વેળાએ આર્ય સમાજના કલ્લા સમા ગણાતા લાહોરમાં સભા સમક્ષ પોતાના જ્ઞાનનો પરિચય આપ્યો.

૧૮૭૮ની આખરમાં શ્યામજી મુંબાઈ પછા આવ્યા. મૅટ્રિકની પરીક્ષામાં ઊડી ગયા બાદનાં બે વર્ષમાં એણે અશાતીત પ્રગતિ કરી હતી. સંસ્કૃત વિદ્યાના પ્રખર પંડિત તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી હતી; સુધારક અને રૂઢિચુસ્ત, સામાન્ય જન તેમજ ધનાઢ્યો, સર્વ પાસેથી એણે આદર સંપાદન કર્યો હતો; દૂર વસેલા ઈંગ્લંડ અને અમેરિકામાં પણ એણે પ્રસિદ્ધિ મેળવી હતી.

પણ ચોપડાની ઉધાર બાજુ ? પ્રો૦ વિલિયમ્સે નક્કી કરેલી મુદત, ૧૮૭૮નો ઍપ્રિલ તો ક્યારનો ય વીતી ગયો હતો. ચારે દિશામાં એણે સહાય માટે ભારે યત્ન કર્યાં. સ્વામીજીએ એને પ્રસિદ્ધિ અપાવી પણ નાણાં ન જ મળ્યાં. સર્વત્ર આદર મળ્યો, પણ શિષ્યવૃત્તિનું નામ આવતાં—નાણાંની સહાયનો ઉચ્ચાર થતાં સહુ મૌન જાળવતાં! પ્રમાણપત્રોના ઢગલા થયા, પરંતુ એક પણ પાઉન્ડ ન મળ્યો! ઑક્સફર્ડ ! ઇંગ્લંડ ! ભણતર ! શ્યામજીની મહત્ત્વાકાંક્ષા એમ શમી જાય, અવરોધો જોઈ દબાઈ જાય એવી નહોતી. દુનિયાંને ઢૂંઢી વળેલી આંખો અંતે ઘર ભણી વળી. ભાનુમતી પાસેથી થોડા પૈસા ઉછીના લીધા. ડૉ. દ કુન્હા પાસેથી થોડી રકમ લીધી, અને ૧૮૭૯ના માર્ચની આખરે શ્યામજી, 'સ્ટીમર ઇંડિયા'માં વિલાયત જવા ઊપડી ગયા.

પણ એપ્રિલ માસમાં ઇંગ્લંડ પહોંચતાં જ એના પગ નીચેની ધરતી જાણે સરી પડતી લાગી ! લિવરપુલમાં જ એને પ્રો. વિલિયમ્સનો પત્ર મળ્યો. પોતાના વતનથી છ હજાર માઈલ દૂર આવેલા કોઇ પણ માણસની જીવાદોરીને છેહ દેતો હોય એવો એ પત્ર હતો. 'તમારી સાથેની મારી શરતની મર્યાદા ૧૮૭૮ના માર્ચ લગીની હતી.



શ્યામજી કૃષ્ણ વર્મા

(જૂની છબિ)

એ મર્યાદા પૂરી થઈ એટલે મેં તો બધી વાત માંડી વાળી હતી. એટલે તમારે આવતા પહેલાં મને લખવું જોઇતું હતું !' પહેલી પળે તો શ્યામજીને આભમાંથી વીજળી પડ્યા જેવું થયું. પણ તેમાં યે આશાની એક પાતળી ઉજાસરેખા હતી. પ્રોફેસરે એને લિવરપુલ મળવા આવવાની અશક્તિ બતાવ્યા બાદ, શ્યામજીને ઑક્સફર્ડ કઈ રીતે આવવું એની વિગતવાર માહિતી આપી હતી.

આખરે શ્યામજી એની સર્વ આશા અને સ્વપ્નાંના કૈલાસે પહોંચ્યો. હંમેશ મુજબ એનું કિસ્મત અહીં પણ એની મદદે આવ્યું. શરૂઆતથી જ એને પ્રો. વિલિયમ્સ સાથે ઘણું સારું બન્યું. થોડા જ દિવસમાં એણે પ્રોફેસર પાસેથી અઠવાડિયાના સવા પાઉન્ડના 'ઓનરેરિયમ'થી નિમણૂકપત્ર મેળવ્યો અને વધુમાં જે ત્રણ વર્ષની આખરે પચાસ પાઉન્ડ અપાવાના હતા તેને બદલે દર માસ પૂરો થયે એક પાઉન્ડ અને સાડાતેર શિલિંગ મળે એવું વચન લઈ લીધું. બધી બાજુએ અંધકાર દેખાતો હતો તેવા સમયમાં એણે ઇંગ્લંડમાં આવ્યાના ટૂંક સમયમાં જ (૨૧મી ઍપ્રિલે) આ બન્ને વસ્તુઓ સિદ્ધ કરી દીધી. ૨૫મી એપ્રિલે એમને કૉલેજના 'અન્ડર ગ્રેજ્યુએટ મેમ્બર' તરીકે દાખલ કરવામાં આવ્યા. અને મહત્વાકાંક્ષી શ્યામજી મે માસમાં તો ઇનર ટેમ્પલની પ્રાથમિક પરીક્ષા આપી એમાં ૧૭મી મેએ ઉત્તીર્ણ થયા.

આમ છતાં શ્યામજીને તંગીને કારણે અભ્યાસ પાછળ પૂરું ધ્યાન આપવું અશક્ય હતું. એને પેટિયું મળ્યું હતું; પણ બસ પેટિયું જ. અને મહત્ત્વાકાંક્ષી શ્યામજીને તો પરદેશમાં સામાજિક ને શૈક્ષણિક સંબંધો બાંધવાને માટે પૂરતા પૈસાની જરૂર હતી. એટલે ૧૧મી જુલાઇએ એણે ફરી એક વાર વતન કચ્છના અધિકારીઓ તરફ યોગ્ય શિષ્યવૃત્તિ આપવા અરજ કરી સાથેસાથે પ્રો. વિલિયમ્સ પાસે ભલામણપત્ર લખાવ્યો પ્રોફેસર વિલિયમ્સને મુંબાઇના ગવર્નર સર રીચર્ડ ટેમ્પલને એક બીજા કામસર પત્ર લખવાનો જ હતો. શ્યામજીની મદદથી પ્રોફેસરે ઑક્સફર્ડમાં હિંદી સસદ ને પુસ્તકા-

લયની પ્રવૃત્તિ ઉપાડી હતી. એના માનાર્હ સભ્ય થવાને મુંબાઇના ગવર્નરને વીનવવાના હતા.એ વાત સાથે પ્રોફેસરે પોતાના સહાયકની વાત પણ જણાવી ને કચ્છ સંસ્થાનને લખી એને અત્યંત આવશ્યક એવી મદદ કરવાની ભલામણ કરી. એ ભલામણનું કલ્પનાતીત પરિણામ આવ્યું. ઑગસ્ટ માસમાં સર રિચર્ડે લખ્યું કે પોતે કચ્છ સંસ્થાનને યોગ્ય ભલામણ કરી છે; અને સપ્ટેમ્બરમાં તો કચ્છના દીવાને શ્યામજીને લખ્યું કે ત્રણ વર્ષને માટે રાજ્યે દર વર્ષે સો પાઉન્ડની શિષ્યવૃત્તિ એને આપવાનું ઠરાવ્યું છે! પછી તો શ્યામજીએ રાજ્યના અધિકારીઓનો એવો પ્રેમ સંપાદન કર્યો કે એની શિષ્યવૃત્તિની મુદત વધતી જ ગઇ. આમ ઑક્સફર્ડના પૂરા અભ્યાસકાળ દરમિયાનની આર્થિક પરિસ્થિતિને એણે પૂરેપૂરી દૃઢ બનાવી દીધી.

પ્રો. વિલિયમ્સ સાથેના સંબંધ અને પ્રતિષ્ઠાને લીધે એને સંસ્કૃતમાં વિદ્યાર્થીઓ પણ મળવા માંડયા.દર વર્ષે પચાસ પાઉન્ડના મહેનતાણામાં એને અંગ્રેજ વિદ્યાર્થીઓ શીખવા મળી ગયા.એમાંના એકે શ્યામજીને અઠવાડિયામાં એક કે બે વાર ગ્રીક કે લેટિન ભાષા શીખવવાનું પણ સ્વીકાર્યું. શ્યામજીને માટે હવે ધ્યાનપૂર્વક અભ્યાસ કરવા સિવાય અને નવા અઘરા વિષયો–ખાસ કરીને ગ્રીક ને લેટિન –પર પ્રભુત્વ મેળવવા સિવાય બીજી ચિંતા ન રહી. અને આ કામ એણે કેવા એકચિત્ત ધ્યાનથી પાર પાડયું, તે વિષે તો પ્રો. વિલિયમ્સનું પ્રમાણપત્ર જ ખૂબ વિગત તથા અધિકારથી બોલી શકે છે. ૧૮૮૩ના મેની ૧૩ મી તારીખે પ્રમાણપત્ર આપતાં પ્રો. વિલિયમ્સ લખે છે:'હું એ વાતનું પ્રમાણપત્ર આપી શકું છું કે સંસ્કૃત સાહિત્યના સર્વ ઉત્તમ ગ્રંથોનું પરિશીલન એમણે કર્યું છે અને પાણિનીનું શ્રેષ્ઠ વ્યાકરણ તો એમને જિહ્વાગ્રે છે. તેમના દેશી વૈયાકરણીઓની પદ્ધતિ મુજબ હિંદની ભાષાઓનું વ્યાકરણ શીખવવામાં શ્યામજીનો મુકાબલો કરી શકે એવો એક પણ યુરોપી કે અંગ્રેજ વિદ્વાન આજે નથી અને સંસ્કૃત ભાષાના આવા ભવ્ય જ્ઞાન સાથે ગ્રીક કે લૅટિનના આદરણીય જ્ઞાનનો સમન્વય કરનાર અન્ય કોઈ પંડિતને હું જાણતો નથી. હિંદમાંથી અહીં આવનાર એ પ્રથમ સંસ્કૃત પંડિત છે. એ ઑક્સફર્ડમાં હતા તે દરમિયાન સંસ્કૃત માટેના મારા સહાયક રહ્યા છે. ગયે વર્ષે તો બેલિયલ કૉલેજના અધિકારીઓએ એમને સંસ્કૃત, મરાઠી ને ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે નીમ્યા છે અને એ બેલિયલ કૉલેજની બી.એ.ની ઉપાધિ પણ મેળવી ચૂકયા છે.'

૧૮૮૩માં ઑક્સફર્ડના સ્નાતકની ઉપાધિ સગૌરવ મેળવ્યા પહેલાં પણ શ્યામજીનો આદર થવા લાગ્યો હતો. ૧૮૮૧માં એમને 'હિંદમાં લેખનકળાની શરૂઆત' એ વિષય પર વ્યાખ્યાન આપવાનું રૉયલ એશિયાટિક સોસાયટીએ નિમંત્રણ આપ્યું ને એ વ્યાખ્યાનથી મુગ્ધ થઈ એમને સોસાયટીએ સભ્ય તરીકે માન્ય કર્યા.

૧૮૮૧ની પાનખર ઋતુમાં હિંદી વજીરે શ્યામજીને હિંદની વિદ્યાઓનું પ્રતિનિધિત્વ કરવા બર્લિનની પૌરસ્ત્ય પરિષદમાં મોકલ્યા. અહીં એમણે 'હિંદની જીવન્ત ભાષા–સંસ્કૃત' એ વિષય પર એક નિબંધ વાચ્યો. હિંદી વજીરે આ જુવાન પંડિતમાં વધુ રસ લેવા માંડયો અને ૧૮૮૩માં લાઈડન ખાતે ભરાનારી પૌરસ્ત્ય વિદ્યાની પરિષદમાં હિંદનું પ્રતિનિધિત્વ કરવા એમની વરણી કરી.

૧૮૮૨માં શ્યામજીની 'એમ્પાયર કલબ'ના સભ્ય તરીકે વરણી થતાં એમનું અભિમાન જરૂર સંતોષાયું હશે. એમની વિદ્વત્તાની ખ્યાતિ હવે લંડન યુનિવર્સિટીની વિદ્વન્મંડળી સમક્ષ પહોંચી. એમણે શ્યામજીને આમંત્રણ આપ્યું. આથી ઉત્તેજના પામીને શ્યામજીએ લંડનમાં અધ્યાપકપદ માટે અરજી કરી. પણ અહીં એમને નિષ્ફળતા મળી. અને ઑક્સફર્ડમાં કે લંડનમાં આવી જગા ન મળતાં શ્યામજીએ ૧૮૮૩ની આખરે હિંદ પાછા ફરવાનો વિચાર કર્યો.

પાંચ વર્ષ પહેલાં એણે પાશ્ચાત્ય શિક્ષણ અને શૈક્ષણિક માન્યતા માટે હિંદનો કિનારો છોડયો હતો. બન્ને એણે સિદ્ધ કર્યાં હતાં. એ સાહસી જુવાને, શરૂઆતના લગભગ ભૂખમરાના દિવસો વટાવીને, આત્મશક્તિને લીધે અવિરામ પરિશ્રમ અને અચળ આત્મશ્રદ્ધાથી દુનિયાભરના પૌરસ્ત્ય વિદ્વાનોમાં સ્થાન મેળવ્યું હતું. એક પરદેશી અને અજાણ પ્રજાના સામાજિક રીતરિવાજથી સાવ અનભિજ્ઞ હોવા છતાં, શ્યામજીએ સૌમાં નૈપુણ્ય મેળવ્યું, પણ એ સાથે પોતાના રાષ્ટ્રીય ગૌરવ અને ચારિત્ર્યની સભ્યતાને જરાકે આંચકો આવવા ન દીધો. વિદ્વાન અધ્યાપકો અને વયોવૃદ્ધ પંડિતો, સાહિત્યસંસદો અને આંતરરાષ્ટ્રીય પરિષદો–સૌએ શ્યામજીની વિદ્વત્તાનો મુક્ત કંઠે સ્વીકાર કર્યો. નાકનું ટીચકું ચઢાવનાર વ્હાઇટ–હૉલ અને અભિમાની સમાજધુરિણોએ પણ શ્યામજીના પાંડિત્યને માન્ય રાખ્યું હતું.જ્યાં જ્યાં ગયા ત્યાં શ્યામજીએ ગૌરવાન્વિત સ્થાન મેળવ્યું. હિંદમાં બન્યું એમ પરદેશમાં પણ એમણે તો સફળતાનાં એક પછી એક પગથિયાં ચડવા માંડયાં. અને છવ્વીસ વર્ષની ઉંમરે તો એ ઑક્સફર્ડ યુનિવર્સિટીના માત્ર પ્રથમ હિંદી સ્નાતક તરીકે જ નહિ પણ જગતમાં સર્વત્ર સંસ્કૃતના એક પ્રખર પંડિત તરીકે પૂજાવા લાગ્યા.

જવ

આજકાલ ગુજરાતમાં ઘણી જગ્યાએ રૅશનિંગમાં જવ અપાય છે તેથી તેના વિષે કાંઈક જાણવું ઉપયોગી થઈ પડશે. જવ હલકા પ્રકારની જમીનમાં ઊગે છે. મારવાડમાં તે વિશેષ થાય છે. ગુજરાત-કાઠિયાવાડના બીજા ભાગોમાં પણ તે થોડા પ્રમાણમાં થાય છે.

જવ, ચોખા, ઘઉં વગેરે શુકધાન્ય કહેવાય છે. શુકધાન્ય એટલે તીક્ષ્ણ અણીદાર ફોતરાંવાળું અનાજ. આ ફોતરાં ઘાસની જાતનાં હોય છે અને તેથી મનુષ્યની હોજરી અથવા આંતરડાં તેમને પચાવી શકે નહિ. આ ત્રણે વસ્તુનાં ફોતરાં આવાં ભયંકર હોવાથી આપણે વર્ષોથી ચોખા તથા ઘઉં સંપૂર્ણ ચોખ્ખા સ્વરૂપમાં મેળવીએ છીએ. કઠોળનાં ફોતરાં અને ચોખા વગેરેના ફોતરાં વચ્ચે ફેર છે. કઠોળનાં ફોતરાં પાણીમાં પલાળવાથી તદ્દન પોચાં પડી જાય છે અને સંપૂર્ણપણે ચાવી શકાય છે, તેમજ હોજરીના રસો તેને ખોરાકમાં એકરસ કરીને તેમાં રહેલાં તત્ત્વો (ક્ષારો) શરીરમાં દાખલ કરે છે. વળી વધારામાં તે ફોતરાં ઝાડાનું કદ વધારીને પેટ સાફ થવામાં મદદ કરે છે. એટલે કઠોળનાં ફોતરાં માણસને માટે ઉપયોગી છે. પણ જવ વગેરેનાં ફોતરાંમાં આવાં કોઈ જ તત્ત્વો નથી. ઉલટાં મનુષ્યનાં આંતરડામાં તે ખૂંચે તેવાં છે. માત્ર ઢોરની હોજરીને તે ફોતરાં કાંઈ નુકસાન કરતાં નથી, કારણકે તે હોજરી ઘાસ ખાવા માટે સર્જાઇ છે. તેથી જવ પણ સંપૂર્ણરીતે ફોતરાં રહિત કરીને (જવને પલાળી સારી રીતે છડીને) સંપૂર્ણ ચોખ્ખાં બનાવવા જોઇએ. અને તેમ છતાં કોઇ ફોતરૂં રહી જાય તે વીણી કાઢીને પછી જ દળવાં જોઇએ. ઘણા લોકો જવને જેમતેમ છડીને દળી નાંખે છે ને પછી ચાળીને લોટ ચોખ્ખો બનાવે છે અને ફોતરાં જુદાં પાડે છે. પણ આમાં ગંભીર જોખમ રહેલું છે. ફોતરાં ઘંટીમાં જવાથી તેની પણ ઝીણી ભૂસી થોડાઘણા પ્રમાણમાં થાય છે અને તે ચાળણીમાંથી પસાર થઇને લોટની સાથે મળી જઈ પેટમાં જાય છે. આ ભૂસી ધીરે ધીરે આંતરડાંને તેમજ બીજા પાચક અવયવોને ગંભીર નુકસાન પહોંચાડે છે. જવ પોતે નુકસાન કરનાર અનાજ નથી, પરંતુ આપણા માટે તે તદ્દન નવું હોઈ માફક આવવામાં વાર લાગે છે.

ગુણની દૃષ્ટિએ જોઈએ તો જવ લુખું અનાજ છે, તેથી મેદવાળા માણસોને માટે તે બહુ જ ઉપયોગી છે. જવ ભૂખ મટાડે છે, પરંતુ શરીરની વૃદ્ધિ કરતા નથી. તેથી ગૅસના દરદવાળાએ તે બિલકુલ ખાવા યોગ્ય જ નથી. જવ અને ચોખા બંન્ને શુકધાન્ય હોવા છતાં તેમના ગુણોમાં ઘણો ફેર છે. ચોખામાં પોષકતત્ત્વો ખૂબ હોવાથી તેમાંથી ખૂબ રસો શોષાઇને શરીરને વધારે છે અને ઝાડાનું પ્રમાણ ઘટાડે છે, જ્યારે જવમાંથી ઓછામાં ઓછા રસ ચુસાતા હોવાથી તે ઝાડાનું પ્રમાણ વધારે છે. ચોખા ચિકાશના તત્વોથી ભરપૂર છે, જવ ખૂબ લુખા છે. આ રીતે જોતાં જવ અને ચોખાની મિશ્ર બનાવટ આપણને જલદી માફક આવે.

જવ સાથે તેલ અથવા ઘી પૂરતા પ્રમાણમાં વાપરવું જોઇએ. ડુંગળી વાપરવાથી જવ ગૅસ કરી શકે નહિ; તેમજ લસણ, આદુ હીંગણ વગેરેનો પ્રમાણસર ઉપયોગ કરવાથી જવ આંતરડાં ઉપર કોઈ જાતની ખરાબ અસર કરી શકશે નહિ. દહીં પણ બહુ જ ઉપયોગી થાય. જવનો તૈયાર લોટ નુકસાનકારક છે, કારણ કે લોટ બનાવતાં પહેલાં જવ સંપૂર્ણપણે ફોતરાં રહિત કરવામાં આવ્યાં હશે કે નહિ એ વિચારવા જેવી બાબત છે. ચણા તથા બીજા કઠોળના આટા વેચાય તેમાં આવું કાંઇ નુકસાન થવા સંભવ નથી. પણ જવ અથવા ઘઉં જેવા શુકધાન્યનો લોટ કોઇપણ જગ્યાએ વેચવાનું બંધ થાય તે જરૂરી છે. સરકાર તરફથી પૂરતો બંદોબસ્ત ન થાય ત્યાં સુધી કોઈપણ અનાજને પેટમાં નાખતાં પહેલાં તેને સંપૂર્ણપણે આપણી હોજરીને લાયક કોઈપણ ભોગે બનાવવું એ આપણી ફરજ છે. બજારુ આટો આપણે કોઇપણ ભોગે ન વાપરવો જોઇએ. એના કરતાં હલકામાં હલકા પ્રકારનું અનાજ ખાવું એ બહેતર છે.

(ગુજરાત સમાચાર) —ડૉ. સૌભાગ્યચંદ લક્ષ્મીચંદ બાવીસી

પરતંત્ર ઇંગ્લંડ

ઇંગ્લંડ મહાવૈભવશાળી રાષ્ટ્ર ગણાય છે. એક સ્વતંત્ર સાર્વભૌમ રાષ્ટ્ર તરીકે લોકો તેના તરફ આદરથી જુએ છે. પણ તે ખરેખર સ્વતંત્ર છે કે કેમ તે શંકાસ્પદ છે. ફક્ત રાજકીય દૃષ્ટિએ સ્વતંત્રતા ભોગવતો દેશ 'સંપૂર્ણરીતે' સ્વતંત્ર ન કહી શકાય. કોઇપણ દેશ સંપૂર્ણરીતે સ્વતંત્ર તો ત્યારે જ ગણાય કે જ્યારે તે પોતાની પ્રાથમિક જરૂરિયાતો—અન્ન, વસ્ત્ર ને રહેવા ઘર—માટે બીજા દેશ પર આધાર રાખતો ન હોય. આ કસોટીએ ઇંગ્લંડને ચડાવી જોતાં શું જણાશે ?

પહેલી કસોટી અનાજની. ઈંગ્લંડના બધા લોકોને બારે માસ પહોંચે એટલું અનાજ ઇગ્લંડ પેદા કરી શકતું નથી. એની ભૂમિમાં તો અતિ જૂજ માણસોને પહોંચે એટલું જ અનાજ ઉત્પન્ન થાય છે. એટલે પહેલી અન્નની જ બાબતમાં તેને બીજા દેશો ઉપર આધાર રાખવો પડે છે. અમેરિકા અને કૅનેડામાંથી તે ઘઉં લાવે, આર્જેન્ટિનામાંથી માંસ લાવે, ડેન્માર્ક ને હૉલંડમાંથી દૂધ તથા દૂધની બનાવટો લાવે ને આફ્રિકા તથા કૅનેડામાંથી ફળો લાવે ત્યારે તેના લોકો બે ટંક પેટપૂરતો ખોરાક પામી શકે. જો તે દેશો આ બધી વસ્તુઓ મોકલવાની ના પાડે તો ઈંગ્લંડને ભૂખે મરવા સિવાય બીજો રસ્તો નથી. વચ્ચે અમેરિકામાં હડતાળો પડી હતી ત્યારે ઘઉં આવવાના બંધ થવાથી તરત જ ઈંગ્લંડને પોતાના બ્રેડ રૅશનમાં ઘટાડો કરવો પડ્યો હતો. આ છે ઇંગ્લંડની અનાજની બાબતમાં પરતંત્રતા.

બીજી કસોટી વસ્ત્રની. ઇંગ્લંડમાં ઘણું કાપડ ઉત્પન્ન થાય છે તે પરથી ઘણાને એમ લાગશે કે આ બાબતમાં તો ઈંગ્લંડ સ્વતંત્ર હશે. પણ ના. કાપડ ઉદ્યોગને જરૂરી એવો કાચો માલ ઈંગ્લંડમાં ક્યાં પાકે છે ? હિંદુસ્તાન અને ઈજિપ્તમાંથી તે કપાસ લાવે અને ન્યૂઝીલૅન્ડ તથા ઑસ્ટ્રેલિયામાંથી ઊન લાવે તો જ તેની માંચેસ્ટરની તથા બીજી મિલો ચાલી શકે અને પોતાના દેશના લોકોને તે ઓઢાડી શકે.

ઘરોની બાબતમાં પણ એવું જ છે. જો તે રશિયા પાસેથી લાકડું અને બેલ્જિયમમાંથી ઈંટો લાવે તો જ તે ઘરો બાંધી શકે. હાલમાં જ તેણે રશિયા સાથે લાકડાની બાબતમાં કરારો કર્યા છે.

એટલું જ નહિ પણ પોતાના દેશની મોટરો તથા બીજાં કારખાનાંઓ માટે જોઈતું પેટ્રોલ પણ ઈરાન અને બ્રહ્મદેશમાંથી તેને લાવવું પડે છે. તેનાં ઘણાંખરાં કારખાનાંને જરૂરી કાચો માલ પણ પરદેશોમાંથી જ આવે છે. જો આ બધો કાચો માલ આવતો બંધ થઈ જાય તો ઇંગ્લંડના મોટા ભાગનાં કારખાનાં બંધ થઈ જાય.

આમ, પોતાની પ્રાથમિક ગરજો માટે બીજા દેશો પર આધાર રાખતું ઈંગ્લંડ ખરી રીતે પરતંત્ર જ નથી શું ?

ઇંગ્લંડમાં માત્ર બે વસ્તુઓ ભરપૂર છેઃ કોલસો અને લોઢું. આ બે ઇંગ્લંડની ધોરી નસો છે. ઇંગ્લંડ કોલસા ઉપર જ જીવે છે એમ કહેવાય છે, કારણ પોતાના દેશનાં કારખાનાંઓને કોલસો પૂરો પાડવા ઉપરાંત તે બીજા દેશોને કોલસો આપીને પોતાને આવશ્યક ખાદ્ય વસ્તુઓ ખરીદે છે. પરંતુ યુદ્ધ પછી તો તેની કોલસાની પેદાશ પણ ઘટી ગઈ છે. યુદ્ધ પૂર્વે ઈંગ્લંડે ૫ કરોડ ટન કોલસો બીજા દેશોમાં મોકલેલો, પણ ગઈસાલ માત્ર ૫૦ લાખ ટન કોલસો જ તે પરદેશ મોકલી શક્યું, અને તેના પરિણામે લોકોને માખણ, ઈંડાં, માંસ તથા ફળફળાદિ ઓછા પ્રમાણમાં મળ્યાં.

ઇંગ્લંડના વૈભવનો મૃત્યુલેખ ક્યારનોય લખાઇ ચૂક્યો છે. અત્યાર સુધી ઈંગ્લંડ પોતાના વિશાળ સામ્રાજ્યમાંથી આવશ્યક વસ્તુઓ લૂંટી લાવતું; અત્યાર સુધી ઇંગ્લંડની ગરજ પહેલાં જોવાતી. પણ હવે સમય બદલાયો છે. તેના સામ્રાજ્યનો મહેલ હવે જમીનદોસ્ત થવા માંડ્યો છે. તેથી હવે ઇંગ્લંડનું શું થશે એ ચિંતા ત્યાંના નેતાઓને કોરી ખાવા લાગી છે.

પણ આફતોથી ગભરાઇ જાય તો તે ઇંગ્લંડ શાનું ? આજ સુધી ઇંગ્લંડ ઉપર ઘણી ભયંકર આફતો આવી છે, પણ તે બધીનો તેણે સફળતાથી સામનો કર્યો છે અને તેના પર વિજય મેળવ્યો છે. આ તે શાના જોરે કરી શકે છે? ત્યાંની પ્રજામાં એ જે તાકાત છે તે તેમનામાં રહેલા કેટલાક અદ્વિતીય ગુણોને આભારી છે. સ્વાભિમાન, શિસ્ત, દેશને ખાતર ગમે તે ભોગ આપવાની તેમની તત્પરતા, અને સંકટોથી ડરી ન જતાં લીધેલું કામ પૂરું કરવાની તેમની ચીવટ, આ ગુણોને કારણે જ અંગ્રેજ પ્રજા મોટીમોટી આપત્તિઓમાં ટકી શકી છે. અને જ્યાંસુધી આ ગુણો તે પ્રજામાં મોજૂદ છે ત્યાંસુધી તેને કશાનો ભય નથી. (સંકલિત)

હિંદની ખનિજ-તપાસ

ગયા અંકમાં આપણા દેશના 'ભૂસ્તર-સર્વે-ખાતા' વિષે થોડી અગત્યની બાબતો આપણે જાણી ગયા. એ વિદ્યામાં રસ હોય તેને માટે હજી વધુ ઉપયોગી બાબતો બહાર પડતી જ રહે છે. જેમાંથી થોડી તારવણી અત્રે આપી છે તેમજ હવે પછી આપતા રહીશું.

ભૂસ્તર-સર્વે ખાતાનાં બધાં કામકાજ (ખોદકામ, ખાણકામ, તથા ભૂસંશોધનકાર્ય)ની સફળતા માટે મૂળભૂત અગત્યનું કાર્ય નકશાલેખન ગણાય છે; એટલે પહેલું કામ એ હાથમાં લેવાય છે. આજે હિંદના માત્ર ૧૮ ટકા જેટલા વિસ્તારનું જ એક માઇલે એક ઇંચના ધોરણે નકશાલેખન કરવામાં આવ્યું છે. (બ્રિટનમાંનું એ પ્રમાણ એક માઇલે છ ઇંચનું છે) ૧૯૨૫-૨૯માં ઝરીઆ અને રાણીગંજનાં કોલસા-ક્ષેત્રોના નકશાઓનું પુનરાલેખન કરવામાં આવ્યું હતું. મધ્ય

હિંદમાંનાં કોલસા-ક્ષેત્રો તથા બિહારમાંના અબરખના પટ્ટાના વિસ્તાર માટેના નકશાઓ અત્યારે તૈયાર કરાઈ રહ્યા છે ને સમય જતાં ઉપરની ભૂમિકાના ધોરણે નીચેના વિસ્તારોની સર્વે કરવામાં આવશે: ઉત્તર-પશ્ચિમ હિમાલય (ખાસ કરીને દક્ષિણ-પશ્ચિમ કાશ્મીર અને પડોશના હઝારા તેમજ રાવળપીંડી જિલ્લાઓ તથા સીમલા-ગઢવાલ-આલ્મોરા વચ્ચેનો વિસ્તાર), આસામમાંના સીક્કીમ-દાર્જીલિંગનો હિમાલયન વિસ્તાર, ચિતાગોંગની પહાડી હારમાળા, સંબલપુર જિલ્લાના આર્કીઓન ખડકો, મહા નદીની ખીણમાંના કુદ્દાપાહ ખડકો, ઓરિસ્સામાંના વિસ્તારો, વર્ધા ખીણના કોલસા-ક્ષેત્રો સહિત મધ્ય પ્રાન્તમાંના વિસ્તારો, તથા મદ્રાસ ઇલાકો, મુંબઈ, સિંધ અને બલુચિસ્તાનમાંના કેટલાક પસંદ કરેલા વિસ્તારો.

જે ખનિજોની તપાસ કરવાની છે તેમાં, લોખંડ અને પોલાદના ઉદ્યોગ માટે જરૂરી ખનિજો ઉપર ખાસ ધ્યાન આપવામાં આવશે. કોલસા માટે હિંદનાં લગભગ બધાં જ શક્ય સ્થળોનું સમીક્ષણ કરવામાં આવશે. મધ્ય પ્રાન્તમાં પ્રાથમિક મેંગેનીઝના થરો વિષે ઘણી વિગતવાર માહિતી મેળવવામાં આવી છે. પહેલાં કરતા વધારે ઝીણવટથી મૅગ્નેસાઈટના થરોનું પણ નિરીક્ષણ કરવામાં આવશે. બિહારમાં રાંચી અને પાલામાઉ જિલ્લામાં આવેલા બૉક્સાઈટ થરોનું પદ્ધતિપૂર્વક નિરીક્ષણ શરૂ થઈ ગયું છે

મદ્રાસ અને બિહારમાં માટીકામને માટેના કાચા માલની તપાસ સંબંધી જે ક્ષેત્રકાર્ય શરૂ થઈ ચૂક્યું છે તેને બંગાળ અને બિહારમાં વિસ્તારવામાં આવશે. રજપૂતાનામાં પેગ્મેટાઈટ ખનિજો, અબરખ, બેરિલ, ટેન્ટેલાઈટ, ફેલ્સ્પાર, રૉક-ક્રિસ્ટલ અને કદાચ યુરેનિયમનાં ધારક ખનિજોની ઝીણવટથી પરીક્ષા કરવામાં આવે છે તથા બિહારમાંની અબરખપટ્ટની પુનઃ સમીક્ષા કરવામાં આવે છે.

હિંદના કિનારા પરની રેતીમાં કેટલેક ઠેકાણે ભારે ખનિજો એકત્ર જોવામાં આવે છે, અને તેમાં થોરિયમ-ધારક ખનિજો ઉપરાંત ઇલ્મેનાઇટ, ઝીરકોન, રૂટાઈલ અને સિલિમેનાઈટનો સમાવેશ થાય છે. શરૂઆત તરીકે ઓરિસ્સામાં અને મદ્રાસના કેટલાક ભાગોમાં કિનારા પરની રેતીની પરીક્ષા કરવામાં આવી છે. અણુશક્તિના ઉત્પાદનમાં થોરિયમનું મહત્વ જોતાં ઊતરતા દરજ્જાવાળી મોનેઝાઇટ ધારક રેતી વ્યાપાર વિષયક અને રાજકારણીય મહત્ત્વ ધારણ કરશે.

આ બહુલક્ષી યોજનાઓ અનુસાર દેશમાં ઘણાં સ્થળોમાં પુસ્તા બાંધવાની જગાઓ સંબંધમાં તપાસ થઇ રહી છે. ભૂસ્તરભૌતિક વિજ્ઞાન વિભાગે 'દામોદર પ્રવાહ અંકુશ યોજના' સંબંધમાં પુસ્તાના પાયાને લગતું, નદી મારફત તણાઈ આવતી રેતીને લગતું અને ધાતુ ઉત્પાદની કાચી ખનિજ સામગ્રીને લગતું સંશોધન શરૂ કર્યું છે. તેલ અથવા બીજી કોઈ સામગ્રીને લગતાં મોટા તદ્વિષયક સંશોધનોને બદલે દેશની તાત્કાલિક ખીલવણી સાથે સંકળાએલા આવા કોઈક હેતુઓ માટે જ એ વિભાગે હવે પછીનાં કેટલાંક વર્ષો દરમ્યાન કામ કરવું પડશે. એ જ પ્રમાણે એક વેધ-વિભાગ (ડ્રિલિંગ સેક્શન) તૈયાર કરવામાં આવે છે. અને ખડકવિજ્ઞાનવિભાગ, પ્રાચીન પ્રાણીઓના અવશેષોને લગતો વિભાગ અને રાસાયણિક વિભાગ, એ ત્રણેમાં પણ નવું કામકાજ આવનાર હોઇ તેનો પણ વિસ્તાર થશે.

વળી આ યોજના અનુસાર એક 'ખનિજ માહિતી સંસ્થા' પણ સ્થપાશે. એ 'મિનરલ ઈન્ફર્મેશન બ્યૂરો' હિંદી ખનિજો, બળતણો, કાચું લોખંડ અને લોહમિશ્રિત ખનિજો, હલકી ધાતુના ખનિજો, કિંમતી ધાતુઓ, રત્નો, રાસાયણિક ઉદ્યોગઅર્થેનાં ખનિજો વિષેની સાચી બીનાઓ અને સાચી માહિતી અ-પારિભાષિક શબ્દોમાં પ્રસારશે. એ ઉપરાંત કાચા ખનિજોના ઉપયોગ અને વિધાન વિષે બ્યૂરો મફત સલાહ આપશે અને ઉદ્યોગો માટે ખનિજોની પ્રાપ્તિ કેટલા જથ્થામાં થઇ શકે તે વિષે અને ઉદ્યોગો માટે ખનિજોની યોગ્યતા વિષે આધારભૂત માહિતી આપશે. એ ઉપરાંત બ્યૂરો તરફથી 'ઇન્ડિયન મિનરલ્સ' નામનું એક ત્રૈમાસિક બહાર પાડવામાં આવશે અને તેમાં અગત્યની ઘણી માહિતી આપવામાં આવશે.

૧૯૪૬ના વરસ દરમ્યાન આઠ મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીઓને મેલ્બોર્ન યુનિ૦માં તાલીમ લેવા માટે ઑસ્ટ્રેલિયા મોકલવામાં આવ્યા હતા. શિક્ષણ ખાતાની યુદ્ધોત્તર યોજના અનુસાર દર વર્ષે કેટલાક વિદ્યાર્થીઓને ભૂસ્તરશાસ્ત્ર, ખાણકામ, ભૂસ્તર-ભૌતિક વિજ્ઞાન, ધાતુસંશોધનવિદ્યા અને એ વિષયો સાથે સંબંધ ધરાવતા બીજા વિષયોના ઉચ્ચતર અભ્યાસ માટે શિષ્યવૃત્તિઓ આપવામાં આવે છે. ધાતુ ઉત્પાદક ખાણોમાં પ્રત્યક્ષ તાલીમ માટે કેટલાક વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ આપવાનો સરકારે નિર્ણય કર્યો છે. તાત્કાલિક જરૂરિયાતો માટે યોગ્ય લાયકાતવાળા માણસોને ટૂંક વખત માટે પરદેશથી બોલાવવા માટે પણ પ્રયત્નો થઈ રહ્યા છે.

પારદર્શક અરીસો

હાલમાં પારદર્શક અરીસાની એક શોધ થઈ છે. સાદા અરીસામાં દૂરના પદાર્થોની બેવડી પ્રતિમા દેખાય છે; પણ આ અરીસામાં એ ખામી નથી. વળી આ અરીસાની એક બાજુ તમે ઊભા રહીને અરીસામાં જુઓ તો તમને તમારૂં સ્વચ્છ પ્રતિબિંબ દેખાશે. પણ બીજી બાજુ ઊભા રહીને તેમાં જુઓ તો તમે અરીસાની આરપાર નજર કરી શકશો અને તેની પેલી બાજુએ ચાલતી દરેકે દરેક હીલચાલ જોઈ શકશો! આનું કારણ એ છે કે આ અરીસામાં એક બાજુ પર ક્રોમિયમ ધાતુના અણુઓ (molecules)નો પાતળો ઢોળ ચડાવેલો હોય છે, જ્યારે બીજી બાજુ સાદો કાચ હોય છે. આવી ચમત્કારિક રચનાને લીધે આ અરીસાનો હૉસ્પિટલ, ઑફિસો તથા ઘરોનાં બારણાંમાં લગાડવામાં ખૂબ ઉપયોગ થવા માંડ્યો છે. કેમકે બહારથી આવનાર માણસ-બારણા આગળ આવીને ઊભો રહે તો તે અંદર શું ચાલે છે એ જોઇ શકતો નથી. માત્ર પોતાનું પ્રતિબિંબ જ જુએ છે; જ્યારે અંદર બેઠેલો માણસ બારણું ઉઘાડતાં પહેલાં બહારથી આવનાર માણસ કોણ છે એ જાણી શકે છે અને તેને અંદર આવવા દેવો કે નહિ તેનો નિર્ણય કરી શકે છે.

અસત્યશોધક યંત્ર

સમાજમાં ગુનાઓ તો થતા જ હોય છે. કેટલાક ગુનેગારો પકડાય છે; કેટલાક નથી પણ પકડાતા. જે પકડાય છે તે પણ ઘણી વખત ખોટી સાક્ષી અપાયાને લીધે છૂટી જાય છે. આવા ખોટા સાક્ષીદારને પકડી પાડવાનું કામ અત્યાર સુધી ઘણું મુશ્કેલ હતું પણ હવે લીઓનાર્ડો કિલર નામના માણસે એક એવું યંત્ર શોધી કાઢ્યું છે કે જેની સહાયતાથી જુઠું બોલતો સાક્ષીદાર (કે કોઈ પણ માણસ) તરત પકડાઇ જાય છે. માણસ જુઠું બોલવાની કળામાં ગમે તેટલો હોંશિયાર હોય તો પણ ઈશ્વરના સોગંદ પર ન્યાયાધીશ આગળ જુઠું બોલતાં તેનું મન થોડુંક તો અસ્વસ્થ થાય છે જ. આ અસ્વસ્થતા તેના મોં પર ભલે ન દેખાય, પણ તેના લોહીના દબાણ પર, શ્વાસોચ્છ્વાસ પર તથા પ્રસ્વેદગ્રંથી પર થોડી અસર કરે છે જ. કિલરના 'પૉલિગ્રાફ' (એ યંત્રનું નામ)ની સહાયતાથી એ અસરની તરત ખબર પડે છે!

એ યંત્રમાં લોહીનું દબાણ માપનારૂં, શ્વાસોચ્છ્વાસની ગતિ માપનારૂં તથા શરીરની વિદ્યુત્ માપનારૂં એમ ત્રણ યંત્રોનો સમાવેશ થાય છે. પહેલું યંત્ર તેના બાહુને બાંધવામાં આવે છે, બીજું તેની

છાતીએ વીંટાળવામાં આવે છે અને ત્રીજું તેના કાંડા પર બાંધવામાં આવે છે. ત્રીજુ યંત્ર ભયને લીધે પરસેવો છૂટવાથી ચામડીની વિદ્યુતમાં જે ફરક થાય છે તેની પણ નોંધ રાખે છે.જો આ ત્રણે યંત્રમાં નિશાની બતાવતો કાંટો બરોબર સરળ રહે તો સાક્ષી સાચું બોલે છે એમ સાબિત થાય છે પણ જો કાંટો આડીઅવળી નિશાનીઓ બતાવે તો તે જુઠું બોલે છે એમ સાબિત થાય છે.

અમેરિકામાં ૬૦ હજાર ફોજદારી કેસોમાં આ યંત્રની સહાય લેવામાં આવી હતી, અને તેમાં એમ જણાયું કે જુઠું બોલવામાં અત્યંત કુશળ લોકોની કળા પણ આ યંત્ર આગળ બોઠી પડે છે. ખોટું બોલનાર પુરૂષ હોય તો તો તે તરત પકડાઈ જાય છે. સ્ત્રી વળી થોડો વખત ટક્કર ઝીલે છે; પણ આખરે તે ય પકડાઇ જાય છે. (કિર્લોસ્કર)

વિટામિન વિષે

લેખક નટવરલાલ શાહ

[૫] વિટામિન 'ડી'

મનુષ્યના શારીરિક વિકાસ અને હાડકાંના મજબૂત બંધારણ માટે આ વિટામિન અતિ આવશ્યક છે અને શરીરમાં કૅલ્સ્યમ તથા ફૉસ્ફરસનું પ્રમાણ ટકાવી રાખવા માટે તે ઘણું જરૂરી છે. તે જોઇતા પ્રમાણમાં ન મળે તો બાળકોને રિકેટ (ricket) નામનો, અને મોટાં માણસોમાં ખાસ કરીને સ્ત્રીઓને ઑસ્ટીઓમેલેશિયા (osteomalacia) નામનો રોગ થાય છે. આ બન્ને રોગો વિટામિન 'ડી'ના અભાવથી હાડકાંમાં કૅલ્શ્યમનું પ્રમાણ ઘટી જવાથી થાય છે.

કુદરતે આ વિટામિન મુક્ત હસ્તે જુદાજુદા પદાર્થોમાં તૈયાર કરી રાખ્યું છે લીલાં શાકભાજી, ટામેટાં, ગાજર, માછલીનું તેલ, ઇંડાં, દૂધ, માખણ તથા ઘઉં અને મકાઈમાં તે હોય છે. પણ આ બધાંમાં માછલીના તેલ તથા સૂર્યના તાપમા તપેલું ઘાસ ચરતી ગાયોના દૂધમાં તે ઘણા મોટા પ્રમાણમાં હોય છે. વળી આ વિટામિન આપણને સહેલાઈથી ને મફત મળે એવી અદ્ભુત વ્યવસ્થા કુદરતે કરી રાખી છે. આપણા શરીર પર સૂર્યનાં કિરણો સીધાં પડવા દઇએ તો શરીરમાં વિટામિન 'ડી' એની મેળે સારા પ્રમાણમાં ઉત્પન્ન થાય છે. સવારમાં નિયમિતરીતે સૂર્યસ્નાન કરનારને આ વિટામિન પૂરતા પ્રમાણમાં મળે છે. અંધારા ઘરમાં રહેતાં છોકરાં તથા પડદો પાળતી સ્ત્રીઓને ઉપર જણાવેલા રોગો થાય છે તેનું કારણ તેઓ સૂર્યના પ્રકાશથી વંચિત રહે છે તે જ છે.

લીગ ઑવ નેશન્સના કમિશને જાહેર કર્યા મુજબ નાનાં બાળકોને રોજ આ વિટામિનના ૪૦૦થી૫૦૦ આંતરરાષ્ટ્રીય યુનિટની અને મોટેરાંઓને ૭૦૦ યુનિટની જરૂર છે. ગર્ભાવસ્થા તથા સ્તનમાં દૂધ ભરાવાને સમયે સ્ત્રીઓને તેની ઘણી જરૂર રહે છે.

આ વિટામિન એન્ઝાઈમ ફૉસ્ફેટ્સને હાડકાંમાં રાખી શકતું હોવાથી તે કૅલ્સ્યમ ફૉસ્ફેટનું પ્રમાણ વધારે છે જેથી અસ્થિ-ઘડતર ઘણા ઊંચા પ્રકારનું થાય છે. વળી તે લોહી ને કોષસમૂહોમાં કૅલ્સ્યમ અને ફોસ્ફરસનું સામાન્ય પ્રમાણ જાળવી રાખવામાં મદદ કરે છે. દાંત મજબૂત અને સારા રહે તે માટે પણ આ વિટામિન પૂરતા પ્રમાણમાં લેવું આવશ્યક છે.

માસ્તર બાદબાકી શીખવતા હતા: 'એક જ જાતની વસ્તુ હોય ત્યારે જ બાદબાકી થઇ શકે. ચાર નારંગીમાંથી ત્રણ જામફળ બાદ ન કરી શકાય; છ બકરાંમાંથી પાંચ ઘોડા લઈ ન શકાય.'

એક ચેકુસ બોલ્યો, 'પણ સાહેબ, મારા બાપા તો બે ભેંશોમાંથી વીસ શેર દૂધ કાઢી શકે છે!'

આ માસ (જૂન) ઈતિહાસમાં

તા. ૩ છેલ્લો પેશ્વા બાજીરાવ અંગ્રેજોને શરણ જતાં મરાઠી સત્તાનો અંત, ૧૮૧૮.

તા. ૪ હૂણોના હુમલાઓને પાછા વાળનાર અને હિંદના સર્વોચ્ચ સાંસ્કૃતિક વિકાસકાળના રાજવી મહારાજા હર્ષવર્ધનનો જન્મ, ૫૯૦.

તા. ૬ ગાંધીજીએ ઉપાડેલી ચંપારણ્યની લડતનો અંત. ૧૯૧૭

તા. ૯ લોકશાહીને મંજૂર કરતા મૅગ્ના ચાર્ટા પર રાજા જૉનને સહી કરવાની અંગ્રેજ પ્રજાએ ફરજ પાડી, ૧૨૧૫.

તા. ૧૦ પંજાબ-કેસરી મહારાણા રણજીતસિંહનું મૃત્યુ, ૧૮૩૯.

તા ૧૨ અમેરિકાએ પોતાનું સ્વતંત્ર રાજ્યબંધારણ ઘડ્યું, ૧૭૮૧.

તા. ૧૬ જેને લીધે અમદાવાદમાં જુમા મસ્જિદ તથા બીજી ભવ્ય ઈમારતોના મિનારા તૂટી પડ્યા તે ભયંકર ધરતીકંપ, ૧૮૧૯.

તા. ૧૮ ભારતની સ્વાતંત્ર્ય-સૌદામિનીની મહારાણી લક્ષ્મીબાઈનું ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામમાં લડતાં લડતાં વીર મૃત્યુ, ૧૮૫૮.

તા. ૨૧ વર્ષનો સૌથી લાંબામાં લાંબો દિવસ.

તા. ૨૪ માત્ર ૧૧ દિનના યુદ્ધમાં ફ્રાન્સ હિટલરને શરણે ગયું,૧૯૪૦.

તા. ૨૯ વિકાસવાદના સ્થાપક ટૉમસ હક્સલેનું મૃત્યુ, ૧૮૯૫.



આ માસની વ્યક્તિવિશેષ
બંકિમચન્દ્ર ચટ્ટોપાધ્યાય

'વંદેમાતરમ્'ના રાષ્ટ્રગીત દ્વારા પ્રત્યેક હિંદીના હૃદયમાં અવિચલ સ્થાન પ્રાપ્ત કરનાર તથા આધુનિક બંગાળી ભાષાના આદ્ય નિર્માતા ને પ્રવર્તક શ્રી બંકિમચન્દ્ર ચટ્ટોપાધ્યાયનો જન્મ ૧૮૩૮ની ૨૭મી જૂને કલકત્તા નજીક કાટાલપાડા ગામે થએલો. તેમના પિતા યાદવચન્દ્ર ડેપ્યુટી કલેકટર હતા. નાનપણથી જ કુશાગ્ર બુદ્ધિવાળા બંકિમે વીસ વર્ષની વયે બી.એ.ની પરીક્ષા પહેલા વર્ગમાં પસાર કરી અને પોતાના પ્રતિભાબળે ડેપ્યુટી મેજીસ્ટ્રેટ નિમાયા.

નોકરી દરમિયાન જ તેમણે લેખન શરૂ કરેલું. ૧૮૬૫ થી ૮૭ એ તેમના સાહિત્ય નિર્માણનો ખરો કાળ. ૧૮૭૨માં તેમણે 'બંગદર્શન' નામનું માસિક શરૂ કર્યું. જે કાળે બંગાળનો સુશિક્ષિત વર્ગ બંગાળી ભાષામાં લખવું તુચ્છ સમજતો અને બોલવા-લખવામાં અંગ્રેજી ભાષાએ આદરનું સ્થાન જમાવેલું હતું તે કાળે પોતાનું સર્વ લખાણ બંગાળી ભાષામાં જ કરીને તથા પોતાના તેજસ્વી કલમ દ્વારા બંગાળી ભાષાનું ઘડતર કરીને તેમણે તેને માનભર્યું સ્થાન પ્રાપ્ત કરાવી આપ્યું.

સાહિત્યની પ્રત્યેક શાખામાં પોતાની સિદ્ધહસ્ત કલમ ચલાવીને બંગાળી સાહિત્યમાં તેમણે અમૂલ્ય ફાળો આપ્યો છે. પણ તે આંતરપ્રાંતીય ખ્યાતિ પામ્યા તેમની નવલકથાઓથી. તેમની ૧૧ જેટલી શ્રેષ્ઠ નવલકથામાંની 'કપાલકુંડલા' અને 'કૃષ્ણકાંતનું વીલ' વગેરે તો પડદા ઉપર પણ ઉતરી ચૂકી છે. પણ તેમની સર્વશ્રેષ્ઠ નવલકથા તો હિંદુ સંસ્કૃતિ માટેના જ્વલંત અભિમાન તથા સ્વદેશભક્તિની જાજ્વલ્યમાન ભાવનાથી નીતરતી 'આનંદમઠ'. આ કથામાં સહજ ભાવે ગૂંથેલું 'વંદેમાતરમ્' ગીત આજે રાષ્ટ્રગીતનું માન પામ્યું છે.

બંગાળના આ આદ્ય સાહિત્યકારનું ૧૮૯૪માં મૃત્યુ થયું. બંગાળી ભાષાની તેમણે કરેલી અમર સેવાની કદર તરીકે કલકત્તા વિશ્વવિદ્યાલયમાં તેમની પ્રતિમા ઊભી કરવામાં આવી છે.

[રંગભૂમિનો આગલો નાનો ભાગ;– પહેલા પ્રવેશમાં જે પડદો પડ્યો છે તેની આગળ જ. વિદૂષક એક ખૂણેથી દોડતો પ્રવેશે છે.]

વિદૂષક:(અનુષ્ટુપ) અરેરે બાપ રે બાપ! આવ્યો વાઘ ભયાનક!
સ્વપ્નમાં સાંભળું નાદ ગર્જન્તા સિંહ હિંસક,
મોદક ન દીઠો મીઠો, માંસાહાર મળે નહીં,
અરેરે પેટની પીડા કહેવી કોને જઇ કયહીં?
[કંઈક રહીને]
(ઇન્દ્રવજ્રા) શય્યા મહીં શૂન્ય, વને ન પાણી,
મૈત્રી ભૂંડી મેં નૃપની પ્રમાણી,
એણે દીઠી તાપસકન્યકાને,
પાછા જવા એ નગરે ન માને.
[ફરી થોડી વારે]
(અનુષ્ટુપ) નંખાયાં પ્રેમનાં મૂળ, રાજા આશ્રમ સંચર્યા,
ઊગ્યું ત્યાં પ્રેમનું બીજ, ધર્મ ને કર્મ ઓસર્યાં.
કૈંક છે દાળમાં કાળું આવે એ જ ઉતાવળે,
અંગભંગ કરું ઢોંગ, એથી જો વળી કૈં વળે.
[રાજા દુષ્યંત પ્રવેશે છે.]
દુષ્યંત: શરીર સંચરે આગે, ચિત્ત ચંચળ પાછળ,
વિદૂષક: દયા ખાવી રહી બાકી; અહો શું પ્રેમનું બળ!
દુષ્યંત:(ઇન્દ્રવજ્રા) વીંધી શક્યો હું મૃગલું ન વ્હાણે,
વિદૂષક: વીંધાઈ આવ્યા નૃપ નેનબાણે.
કંપી દુખે છે મમ ગાત્ર ઢીલાં,
દુષ્યંત: પામ્યો નથી તું નયનો રસીલાં,
વિદૂષક: આ નેત્રથી નિત્ય જ આપ ભાજ્યા!
દુષ્યંત: વર્ષો બધાં ફોગટ મૂર્ખ ગાજ્યાં!
તેં ના દીઠી મુગ્ધ શકુન્તલાને,
સૌન્દર્યનું એ ફળ શુદ્ધ જાણે.
વિદૂષક:(અનુષ્ટુપ) ખજૂરીથી ઉઠ્યો ભાવ, ગમે તો પછી આમલી,
દુષ્યંત: રત્નો કેરી હતી કો'દી, પરીક્ષા મૂર્ખને ખરી?
[જરા વિચારમાં થંભી]
(શિખરિણી) નક્કી ચિત્રે જાણે પ્રથમ ચીતરી પ્રાણ પૂરિયા,
દીસે સૌન્દર્યોના સકળ અહિંયાં સાર ઠરિયા.
હશે પુણ્યો પૂરાં, પ્રણય હૃદયે શુદ્ધ ભરિયો,
થશે એનો ભોક્તા વિધિ નિરમિયો કોઈ રસિયો.
વિદૂષક:(ઇન્દ્રવજ્રા) જોગી જટાળો લઇ જાય પ્હેલાં,
એને ઉગારો પુરુરાજ વ્હેલા.
દુષ્યંત:(અનુષ્ટુપ) નહીં સુંઘાયલું પુષ્પ, ન વીંધ્યું રત્ન નૂતન,
કઈ વાણી થકી એનું, કરું હું રૂપવર્ણન!
વિદૂષક:(ઇન્દ્રવજ્રા) કેવો હતો આપ શું દૃષ્ટિરાગ?
એનો તમે લીધ કંઈક તાગ?
દુષ્યંત:(અનુષ્ટુપ) ઢાળી'તી મીઠડી આંખ, બીધી, ને આવરી લીધી;
વિદૂષક: આપ શું માનતા ખોળે, બેસે આવી વળી સીધી?
દુષ્યંત:(ઇન્દ્રવજ્રા) દર્ભાંકુરે ના ચરણો ઘવાયાં,
તન્વી થકી ના ડગલાં ભરાયાં,
ન્હોતું ભરાયું તરુ વસ્ત્ર તો યે,
મારી ભણી એ મિષ દીધું જુએ.
વિદૂષક:(પૃથ્વી) તપોવન તણાં તમે ઉપવનો કર્યાં રાજવી!
દુષ્યંત: કિયા મિષ થકી કહે મધુરદર્શના ભાળવી?
વિદૂષક:(અનુષ્ટુપ) માગો ધાન્ય તણો ભાગ, રાજાને વળી કારણ;
તાપસો આપતા નિત્યે છઠ્ઠા ભાગે તપોધન.
[ઋષિકુમારો પ્રવેશે છે.]
ઋષિકુમારો:(ઉપ૦) અમે છીએ આશ્રમના કુમારો,
કૃપા કરી એ ભૂમિને ઉગારો;
નિર્દોષ ત્યાં તાપસ છે વસંતા,
વ્હેલા હણો રાક્ષસ વિઘ્નવંતા.
તીર્થે પધાર્યા મુનિ કણ્વ તાત,
આવી કરો આશ્રમને સનાથ.
દુષ્યંત: આવું ન તો પૌરવધર્મ લાજે.
વિદૂષક: જે ભાવતું તે કહ્યું વૈદરાજે.
દુષ્યંત: લે ચાલ તું દર્શનધન્ય થાશે.
વિદૂષક: ના બાપરે! રાક્ષસ જીવ ખાશે.
[ત્યાં પ્રતિહારી પ્રવેશે છે.]
પ્રતિહારી: રાજેન્દ્ર! દુષ્યંત મહાકૃપાલ!
દુષ્યંત: લાવ્યા નવું વિઘ્ન શું કર્મપાલ?
પ્રતિહારી: બે દૂત દોડ્યા નગરેથી આવ્યા,
સંદેશ દેવી થકી કૈંક લાવ્યા.
દુષ્યંત: આવી વળી આજ નવી ઉપાધિ,
વ્હેલો જઇ પાઠવ દૂત સાથી.
દૂત:(પૃથ્વી) સદા વિજય હો પ્રભો!...
સદૈવ જય હો પ્રભો!...
મહા નગરમાં સુપર્વ ઉજવાય દેવી તણું,
પધારી નગરે નૃપાલ ઉપવાસનું પારણું;
પ્રસંગ શુભ છે ત્યહીં પ્રભુ પધારી શોભા ધરો.
વિદૂષક:(બાજુમાં) ત્રિશંકુ સમ યોગ આ: પ્રભુ કૃપાલુ વિઘ્નો હરો.
દુષ્યંત:(અનુષ્ટુપ) કર્તવ્યની દિશા ભિન્ન, ભેદાતું મન માહરું,
શિલાએ આફળ્યું વ્હેણ, એવું આ થાય; શું કરું?
વિદૂષક: પ્રેમના પંથમાં નિત્યે પાથરે વિધિ કંટક.
દુષ્યન્ત: શી રીતે મિત્ર કહેને તું, ટાળવું ધર્મસંકટ?
[વિદૂષક માથું ખંજવાળતો વિચારે છે.]
ધર્મના કાર્યમાં મારી અત્યારે વ્યગ્ર છે મતિ,
તને,હાં,માજીએ પુત્ર માન્યો'તો,થતી સંસ્મૃતિ.
વિદૂષક:(ઉપજાતિ) એથી મને શું યુવરાજ માનું?
દુષ્યંત: ના, ના, તને હું મુજ ભાઈ જાણું.
એથી હવે તું નગરે સિધાવે,
મારા વતી કાર્ય બધાં પતાવે.
વિદૂષક: માની મને બીકણ પાઠવોછો?
દુષ્યંત: કોણે કહ્યું શૌર્યમહીં તું ઓછો?
વિદૂષક:(અનુષ્ટુપ) મને રાક્ષસની ભીતિ?
દુષ્યંત: અરે રે સંભવે કદી?
વિદૂષક: ભલે તો આપણે પાછા.

દુષ્યંત : અને જો વાત સૌ વદી

દુષ્યંત : ભૂલી, સૌ માનજે એમ કહ્યું 'તું પરિહાસમાં;
ક્યહીં એ મૃગલાસંગી ઉછરી વનવાસમાં;
અજાણી મુગ્ધ એ બાળા; રહું છું ધર્મવૃત્તિથી.

વિદૂષક : ખરું છે, રાજવી! વાત માનું છું આપની કથી.

[વિદૂષક જાય છે; રાજા જોતો ઊભો રહે છે; અને પછી તે જતાં પડદો ઊપડે છે.]

પ્રવેશો ગોઠવતાં જે મુશ્કેલી નડે છે તે ન નડે, માટે વચ્ચેનો પડદો પાડી આગલો ભાગ કામમાં લેવો. વિદૂષક જરા વિચિત્ર પોષાકમાં તો છે જ અને એ શરૂઆતમાં બોલે છે બસૂરું, જાડું, ઉતાવળે, જરા વિકૃત, અભિનયની અતિશયોક્તિ સાથે; એટલે જરા હાસ્યનો પ્રસંગ આપોઆપ જ ઊભો થાય છે. છેક આખરમાં 'ત્રિશંકુ સમ યોગ આ'ની લીટી એ એકલો સ્વગત બોલતો હોય, એમ લેવી. અને પછીની આખી ચર્ચા દૂત અને ઋષિકુમારોથી આઘી, એક જ ખૂણામાં લેવી.

સૌથી છેલ્લે વિદૂષક એક દિશામાં જાય,—જે દિશામાંથી દૂત આવ્યો તે દિશામાં. દૂત પણ તેજ દિશામાં અનુસરે. અને રાજા તથા ઋષિકુમારો બીજી દિશામાં ચાલવા માંડે. આ પ્રવેશ દરમ્યાન રંગભૂમિના પાછલા ભાગમાં ગોઠવણ કરવા સમય મળી રહેશે.

અંક ૧ : પ્રવેશ ૩

[એક ખૂણામાં શકુંતલા વિચારમગ્ન બેઠી છે ને બીજી બાજુથી બે સખીઓ પ્રવેશે છે]

અનસૂયા : (અનુષ્ટુપ) પ્રવેશ્યા આશ્રમે રાજા, ટળ્યો ત્યાં વિઘ્નનો ભય,
વખાણી ધનુટંકાર, ઉચ્ચરે ભૂપનો જય.

પ્રિયંવદા : (વસંત૦) નિર્વિઘ્ન આ વન થયું નક્કી વાત માનું;
અસ્વસ્થ અંગ સુકુમાર શકુન્તલાનું
શેણે થયું, સહજમાં સખી હું ન જાણું,
બેઠી પણે ઉર ભરી કંઈ દુઃખ છાનું.

અનસૂયા : આલેપવા કમળપત્ર મૃણાલવંતા,
પીડા થતી પ્રબળ આતપની હણંતા;
આ છે ઉશીર અતિ શીતળ, ચાલ વ્હારે,
આ ઔષધિવિધિ કદી દુઃખ કૈં નિવારે.

[બંને જતાં, તે જ દિશામાંથી રાજા દુષ્યંત પ્રવેશે છે.]

દુષ્યંત : (માલિની) અનલ સરીખ ભાસે, ચંદ્રનાં રશ્મિ શીળાં,
વિધિગતિ અતિ ન્યારી, વજ્ર શાં ફૂલ કૂંળાં;
અનિલ લહર મીઠી, માલિનીતીર રમ્ય,
મન મહીં હતું થાશે, દર્શને નેત્ર ધન્ય.

(અનુષ્ટુપ) શિલાએ પાથર્યા પુષ્પો, સખી સાથે શકુન્તલા
સંતાપે સીજતી બેઠી, હશે શું એ ય વિહ્વલા?

અનસૂયા : (મંદા૦) શેણે ક્હેને, અનિલઅડકી વેલ પીંખાઈ જાણે,
હૈયે ચિંતા સતત પ્રજળે, શીદ તું ઓછું આણે?

શકુન્તલા : ક્હેતાં પીડા અધિક તમને થાય એથી ડરું છું,
બાકી છાની હૃદયકથની અન્ય કોને કરું છું?

અનસૂયા : સંભાળેલું પ્રિયજન મહીં દુઃખ સ્હેવાય સ્હેજે.

પ્રિયંવદા : થાશે હૈયું લગીર હળવું, માની તું સર્વ ક્હેજે.

શકુન્તલા : પૂછો છો તો, સુખદુઃખતણાં છો તમે નિત્યસાથી.

દુષ્યંત : શંકા મારી સહજ ટળશે બોલ એના સુણ્યાથી.

શકુન્તલા : (વસંત૦) રાજેન્દ્ર એ અતિથિ દર્શનમાર્ગ આવ્યા,
એને વિષે સકળ મેં અભિલાષ ઢાળ્યા.

પ્રિયંવદા : આ તો ખરે સુભગ યોગ જ ધન્ય આવો.

શકુન્તલા : રાજર્ષિનું હૃદયપાત્ર મને બનાવો.

અનસૂયા : (અનુષ્ટુપ) આંબા વિના ઝીલે કોણ પાંગરી ફૂલવેલડી,
મહોદધિ વિના અન્ય ભળે ક્યાં નદી એવડી?

પ્રિયંવદા : (વસંત૦) આલેખવો લલિત કાવ્ય પદાવલિમાં
સંકેત એ હૃદયનો, કુસુમાંજલીમાં
રાખી છુપો પ્રભુપ્રસાદ નિમિત્ત એને
હું પાડશું, અધિક યોગ નવો તું ક્હેને.

અનસૂયા : એથી વળી અધિક ઉત્તમ શું ગણાય?

શકુન્તલા : હૈયું ધ્રુજે ઉમળકે, વળી ક્ષોભ થાય.

દુષ્યંત : (સ્વગત) જેનો તને ભય ભીરુ, અહીં છે સમીપ,
મારે અનંત ઝગતો ઉર પ્રેમદીપ.

શકુન્તલા : શેણે લખું હૃદયચિંતવી ગીતવસ્તુ?

પ્રિયંવદા : આ પત્ર છે કમળનું સુકુમાર નીલું.
ત્યાં અક્ષરો નખ થકી સખી! કોતરી દે.

દુષ્યંત : તન્વંગીને શ્રમ થશે વધુ એમ કીધે.

શકુન્તલા : લે આ લખ્યું અછડતું; લખું કૈં વધારે?

પ્રિયંવદા : રાજેન્દ્ર, જો, પ્રણયને પરખી પધારે.

(દુષ્યંતને) સંભાળજો પ્રિય સખી અમ છે અકેલી,
ખીલી રહે જીવનની થઇ રમ્ય વેલી.

અનસૂયા : (અનુષ્ટુપ) અમે છે સાંભળ્યું એવું, રાજાઓ બહુને વરે,
દેજો આશ્વાસનો જેથી, હૈયું એ હળવું કરે.

દુષ્યંત : પ્રતિષ્ઠામાં વધૂ જાણો, મારે બે કુલની રખી,
સમુદ્રે બાંધી પૃથ્વી ને તમારી પ્રિય આ સખી.

પ્રિયંવદા : (ઈંદ્રવજ્રા) શાતા થઈ આજ ઉરે અમોને.

અનસૂયા : થાશે નક્કી હાશ શકુન્તલાને.

પ્રિયંવદા : લે ચાલ વ્હેલી મૃગબાળ પેલો
માતા વિહોણો ઝુરતો અકેલો.

શકુન્તલા : (અનુષ્ટુપ) નિરાધાર તજી આમ, જાઓછો શું તમે સુખે?

પ્રિયંવદા : પૃથ્વીના એક આધાર, ઊભા છે તુજ સંમુખે.

[પગરવ દૂર થાય છે; સંગીત-ગત વાગી રહે છે.]

દુષ્યંત : (વસંત૦) ઢોળું શું શીતળ કહે મૃદુ વાયુ આંહી,
તારો હરાય શ્રમ ને વળી શાંતિ થાય?
પંપાળું હું ચરણ આ સખી પદ્મરાતાં?
કે અંકમાં લઉં તને? ઉર થાય શાતા.

શકુન્તલા : પાળો તમે વિનય હે પુરુરાજ, આજે
સ્વાધીન ના હૃદય, આશ્રમધર્મ લાજે.

દુષ્યંત : (અનુષ્ટુપ) પિતૃએ આશિષો દીધી, ચિંતા તું શીદને કરે?
ગાંધર્વલગ્નથી જાણ, ઘણી યે કન્યકા વરે.

શકુન્તલા: અને ગાંધર્વલગ્નોને રાજવી ભૂલતા ફરે,
દુષ્યંત: અતિ સ્નેહ થકી ભીરુ, શંકા તું હૃદયે ધરે.

(વસંતતિલકા) લે મુદ્રિકા પ્રણયચિહ્ન સમી ગણાય,
અંતઃપુરે જઇ વસું, કદી તું ભુલાય,
દેજે મને સ્મરણ આ, અભિજ્ઞાન એવું,
એથી હવે વચન અન્ય ન હોય દેવું.

શકુન્તલા:(હરિણી) પ્રણય મધુરો ધીમેધીમે મને પજવે હવે,
હૃદય ધબકે, પ્રેમોન્માદે નવો પથ દાખવે.

દુષ્યંત: કુસુમકુમળાં તારાં અંગો સહે શીદ આ તપ?
ભ્રમર તરસ્યો ગુંજે દેખી, કરે રસના જપ.

ગૌતમી: (અનુષ્ટુપ) આવે છે રાત્રિના ઓળા ક્યાં છે પુત્રી શકુન્તલા?

દુષ્યંત: પ્રેમના પંથમાં આડી નિત્ય સંભવતી બલા!

શકુન્તલા: રહો દેવ લતાઢાંક્યા, આવે છે માત ગૌતમી.

ગૌતમી: કહે પુત્રી! પીડા તારા, તપેલા અંગની શમી?

શકુન્તલા: શીળી છાયા લતાની સકળ દુઃખ હરે, આશરે હું ફરીથી
(સ્રગ્ધરા) એકાંતે માણવાને વળીશ નકી, થવા નિત્ય તારી અતિથિ.

દુષ્યંત: પુષ્પો સૌભાગ્યવન્તાં, પ્રિય સખીતનુના સ્પર્શથી ધન્ય થાતાં.

સંઘ: સન્ધ્યાના શ્યામ ઓળા અસુરગણસમા પૃથ્વીપાટે છવાતા.
(અનુષ્ટુપ) પ્રજ્વલો પ્રજ્વલો અગ્નિ, પૃથ્વીના પાપદાહક,
અગ્નયે, અગ્નયે સ્વાહાઃ સદાના પુણ્ય પાવક.
વિઘ્નને હરનારા સૌ, રક્ષો રક્ષો હુતાશન,
પ્રજ્વલો પ્રજ્વલો અગ્નિ, ઉચ્છેદો પાપશાસન.

આ પ્રવેશમાં પાછો રંગભૂમિનો વિશાળ ભાગ ઉપયોગમાં લીધો છે. શકુન્તલા ખૂણામાં બેઠી છે,—ચિત્રવત. સૂત્રધાર અહીં કોઈપણ કલાકારની મદદ વડે એને એવી આસનસ્થ બતાવી શકે. કંઇક વારના વીણાવાદન પછી એક પક્ષેથી બંને સખીઓ પ્રવેશે છે—વાતો કરતી: 'પ્રવેશ્યા આશ્રમે...' વગેરે. હાથમાં ઓષધિનો વાટકો પણ છે.

બંને ધીમે રહી, શકુન્તલા વિચારસ્વપ્નમાંથી ન ઝબકે એ રીતે, સમીપ જાય છે. ઉપચાર કરવા વિચારે છે. પડખે બેસે છે; જોયા કરે છે. એમાં જે સમય જાય છે તે દરમ્યાન રાજા પ્રવેશે છે અને એની ઉક્તિઓ પૂરી કરે છે. ત્યાર પછી ધીમે રહી અનસૂયા શરૂ કરે છે: શેણે કહેને...'

પછીનું તો સરળ છે છેવટે ગૌતમીનું ઉતાવળે આવવું; રંગમાં ભંગ થવો; દુષ્યંતનું એકાએક ઊઠીને, શકુન્તલાની સૂચનાથી 'લતાઢાંકયા' રહેવું, અને ગૌતમીના ઉત્તરમાં શકુન્તલાનું લતાને એટલે કે દુષ્યંતને ઉદ્દેશીને કહેવું, એમાં સમયાનુસાર અભિનયની ઝીણવટ આવશ્યક છે. પછી ગૌતમીને આશરે, મદમાતી શકુન્તલા ભગ્ન હૃદયે જાય છે. તીવ્ર સૂરોમાં વીણાવાદન થઇ રહે છે. હળવે રહી રાજા બહાર આવે છે. એ બેઠી હતી ત્યાં ઘડીક બેસે છે. અસ્વસ્થ છે, ઊભો થાય છે, ત્યાં પડેલાં પુષ્પોને સુકુમારતાથી લઇ પોતાની ઉક્તિ બોલે છે. અંદરથી સંઘધ્વનિમાં શ્લોકની ચોથી લીટી પૂરી થાય છે ત્યારે રાજા નિરાશા અનુભવતો શકુન્તલા બેઠી હતી ત્યાં જ પાછો બેસે છે.

અહીં પ્રકાશયોજના પ્રમાણસર યોજવી જોઇએ. 'સન્ધ્યાના શ્યામ ઓળા' બોલવાના વખતથી જ અંધારું થવા માંડે છે. ધીમેધીમે બધો જ પ્રકાશ અલોપ થઈ જાયછે. અને તે જ ક્ષણે 'પ્રજ્વલો પ્રજ્વલો અગ્નિ—'એ વેદોચ્ચાર રૂપે, અથવા હોમવેદી ઉપર બોલાતા હોય એવી લયમાં બોલાય. રગભૂમિની બંને બાજુમાં આઠદસ જણા વહેંચાએલા રહે, અને સામસામા એક પડખેથી 'પ્રજ્વલો પ્રજ્વલો અગ્નિ' અને બીજી બાજુમાંથી 'પૃથ્વીના પાપદાહક' બોલાય. દરમ્યાન દુષ્યંતનું આખરે આસન પર ચિત્રવત્ બેસવું, અને પ્રકાશનું ધીમેધીમે અલોપ થવું, બધું એક જ સાથે થઈ રહે, અને પડદો પડે, એવો મેળ સાધવો જોઇએ.

અંક ૨ : પ્રવેશ ૧

[રંગભૂમિનો આગલો ભાગ]

પ્રિયંવદા:(ઇન્દ્રવજ્રા) ગાંધર્વલગ્ને સખી યોગ્ય સ્વામી
સાથે વળી વૈભવ સર્વ પામી;
તો યે મને અંતર શેં ઉચાટ?
કેવું હશે આજ વળી પ્રભાત?

(અનુષ્ટુપ) સંભારશે સખી વ્હાલી પ્રાસાદે નૃપ સંચરે,
ધરે ના રૂપમૂર્તિઓ વિરોધી ગુણ અંતરે!

અનસૂયા: (બીજી દિશામાંથી પ્રવેશતાં)
અરે કેવો વિધિકોપ! ગઇ ક્યાં ઓ પ્રિયંવદા!
હશે શુ પ્રેમને પંથે, કંટકો પાથર્યાં સદા!

પ્રિયંવદા: એવું તે શું થયું વ્હેલી, વ્હેલી કહેને સખી મને,

અનસૂયા: ભૂલીને કાળનું ભાન, બાંધેલી પ્રેમબન્ધને
બેઠી શકુન્તલા ત્યારે, ગાજ્યો મેઘ અચાનક
દુર્વાસા વહ્નિ વર્ષન્તા, ધારી રૂપ ભયાનક
આવ્યા, આતિથ્યમાં ઓછા; કોપ્યા એ પછી ધુર્જટિ
ને દીધો વજ્ર શો શાપ! અકથ્ય દૈવની ગતિ!
'જેને તું ચિંતવે ચિત્તે, જશે એ જ તને ભૂલી!'
મહર્ષિએ ખરે નાખી પ્રેમના કંઠમાં શૂળી.

પ્રિયંવદા: અરેરે કુમળી ભોળી, બાળા મુગ્ધ શકુન્તલા;
ભૂંડા એવા સહે શાપ શી રીતે ઉર કુમળાં?

અનસૂયા:(વસંત૦) મેં તો કહ્યું કરગરી, દુહિતા તમારી
યાચે ક્ષમા વિનવીને, પ્રભુ! દો નિવારી.
ત્યારે કહ્યા શબ્દ અંતર બાળનારા:
'મિથ્યા ન થાય વચનો કદી એમ મારાં.'

પ્રિયંવદા: રે હાય શું શિવજીએ ત્રણ નેત્ર ખોલ્યાં!

અનસૂયા: કોપાગ્નિ સ્હેજ ઠરતાં, ઋષિ વેણ બોલ્યા:
'સંભારણું કંઇક દાખવતાં ઉપાય
થાશે સજીવન ફરી સ્મૃતિ, ભ્રંશ જાય.

(અનુષ્ટુપ) ગૂઢી આ રાખજે વાત, હૈયામાં હે ચતુરિકા.

પ્રિયંવદા: ઊના જળે વળી કોણ નવાડે નવમલ્લિકા!

અનસૂયા:(મંદા૦) ને જો પેલી સ્મરણ કરતી ભાનભૂલી અકેલી,
ચિત્રે ઢાળી, ગરક વદને, વૃક્ષથી ભિન્ન વેલી.
એવી ક્યાંથી અતિથિ પૂજવા જ્ઞાન લાવે શું ઘેલી,
ભોળી, બેઠી ઉર વલખતી, પામવા નાથ વ્હેલી.

પ્રિયંવદા:(અનુષ્ટુપ) આટોપી દેવનાં કાર્ય, ચાલો માલિનીને તટે;
હવે તો આવતાં તાત, એને પાઠવવી ઘટે.

પહેલા અંક પછી પાંચેક મિનિટના વિરામ બાદ બીજો અંક શરૂ થાય છે. આ છે મહાકવિનો અતિ પ્રખ્યાત ચોથો અંક. શરૂઆતમાં આપણે રંગભૂમિનો આગલો જ ભાગ ઉપયોગમાં લઈએ છીએ. બે સખીઓ વિદાય થતાં પડદો ઉપડી જાય છે.

વ્હાલાં સ્નિગ્ધ જનો તપોવનતણાં એને હવે પાળજો,
આજે હું લઉં છું વિદાય સહુની, કોને કહું 'આવજો'?

અનસૂયા:(અનુષ્ટુપ)સોંપીને જાય છે સૌને; મૂકીને અહીં એકલા,
અમોને સોંપતી કોને, સખી વ્હાલી, શકુન્તલા?

શકુન્તલા: ક્યારે આ દેખવાં સ્નેહી, આવવું આ તપોવને?
ફરી ક્યારે? કહો તાત! કહો તાત! કંઇ મને.

કાશ્યપ: ચક્રવર્તી તણી માતા, થઇને કુલયોગિની,
પુત્રને સ્થાપી સામ્રાજ્યે, શત્રુના ભય સૌ હણી;
સોંપીને કુળની ચિંતા, અહીં કલ્યાણ આશ્રમે,
લઈ દુષ્યંત સંગાથે, ફરીથી આવશો તમે.

મુનિકુમારો: વહ્નય: પાવયન્તુ!
શિવાસ્તે પન્થાનઃ સન્તુ!

શકુન્તલા: અજાણી છું અજાણ્યા આ પંથની હે ગુરુજન!
પિતા! સંસારનો સાર સારવી દો શિખામણ.

કાશ્યપ:(શાર્દૂલ૦)સેવા તું વડીલો તણી કરી સદા મૈત્રી બધે સાધજે,
સ્વામી જો તરછોડી દે કદીક તો સામી જરી ના થજે;
માયાભાવ થકી સદા પરિજને, ત્યાગી અહં, વર્તજે,
એવી તું ગૃહિણી થઈ કુલવધુ, ઐશ્વર્યને પામજે.

ગૌતમી: (ઇન્દ્રવજ્ર) આથી રૂડી શીખ સુણી ન જાણી.
કાશ્યપ: લે ભેટ સૌને થઈ સ્વસ્થ શાણી.
શકુન્તલા: લેશે સખી સૌ અહીંથી વિદાય.
સખીઓ: તારા વિના શૂન્ય વને જણાય.

શકુન્તલા: (મંદા૦) ને સન્દેશો હરિણી પ્રસવ્યે પાઠવી તાત વ્હેલો,
ઉછેર્યો મેં મૃગ ગણી શિશુ, ઝૂરતો એ અકેલો,
પાળી એને—
પાળી એને...

કાશ્યપ: ઉપવન તણી હોય ચિંતા ન તારે;
માર્ગે તારા ચરણ લથડે શીદ તું આંસુ સારે?

શાર્ઙ્ગરવ: (અનુ૦) હવે પાછાં વળો હ્યાંથી, આવ્યું છે આ સરોવર.
કાશ્યપ: શિવાસ્તે સન્તુ પન્થાનઃ!
શકુન્તલા: વન્દુ છું, હે ગુરુવર!

પુરુષગણ: (શાર્દૂલવિક્રીડિત)
પાતું ન પ્રથમં વ્યવસ્યતિ જલં યુષ્માસ્વપીતેષુ યા
સ્ત્રી: પીએ ના જલ જે કદી પ્રથમ જો પાયું તમોને ન તો,
પુરૂષ: નાદત્તે પ્રિયમંડનાપિ ભવતાં સ્નેહેન યા પલ્લવમ્
સ્ત્રી: ચૂંટે ના પ્રિય પુષ્પ તોય કળીએ, વ્હાલાં તમા એટલાં.
પુરૂષ: આદ્યેવ: કુસુમપ્રસૂતિ સમયે યસ્યાઃ ભવત્યુત્સવ:
સ્ત્રી: માણે ઉત્સવ જે પ્રફુલ્લ નવલાં ફૂલો ઉગે ત્યાહરે,
કાશ્યપ: સેયં યાતિ શકુન્તલા પતિગૃહં સર્વૈરનુજ્ઞાયતામ્.
બધા સાથે: તે આ જાય શકુન્તલા પતિગૃહે, વાંછો બધા મંગલમ્.

અંદરથી:(અનુષ્ટુપ)વહ્નય: પાવયન્તુ!
સંઘ: શિવાસ્તે સન્તુ પન્થાનઃ!

[કંઈકવાર રહી]

પ્રિયંવદા: સંતાતી દૂર દેખાતી, ગઈ શું હેં શકુન્તલા?
એના વિના વને પાછા વળે ના પગ એકલા.

કાશ્યપ:(ઉપજાતિ) અર્થો હિ કન્યા પરકીય એવ.
કન્યા નકી છે ધન પારકાનું.
એને વળાવી પતિઘેર આજે,
પ્રસન્ન થાતો મુજ અંતરાત્મા.

[પડદો]

લજામણીના છોડ જેવો આ મૂળ અંક કવિકુલગુરુને ક્યાંય અન્યાય ન થાય એ વિધે શી રીતે આપણે ભજવીશું? સંગીતથી પ્રભાતનો પહોર તો જમાવી શકાય. પછી રંગભૂમિ ઉપર વિવિધ ચિત્રો સરજાતાં જ જાય છે. એની યોજના અનુભવે ગોઠવતાં ગોઠવતાં થઇ રહેવી જોઇએ. દાખલા તરીકે 'વહ્નય: પાવયન્તુ'ના ઉચ્ચારો પછી શાંત થએલી રંગભૂમિ ઉપર 'રમ્યાન્તર...'નો રમ્ય પંથ અને 'પદ્મની રજ થકી મૃદુ થએલા માર્ગ' સૂચવાયા પછી શકુન્તલા રંગભૂમિનો કબજો લઇ લે છે બધા સ્તબ્ધ, દુઃખમગ્ન છે. કેવળ વીણા અને બહુ બહુ તો સિતાર સાથે શકુન્તલા એકાએક સજીવ બને છે; વનજ્યોત્સ્નિકાને ઉદ્દેશી બોલે છે; મૃગલી, અને પછી વ્હાલાં સ્નિગ્ધ જનો, સૌની વિદાય લેતી, આંસુ સારતી, ડરડાતી જીભે હાથ જોડતી, 'કોને કહું આવજો' કહે છે. હું ભજવાવતો હોઉં તો, એ બોલાયા પછી, પળવાર થંભી, ફરી 'કોને કહું આવજો' એટલો ટુકડો પાછો બોલાવું. અને પછી એની પાસે માથું નમાવડાવી ઊભી રાખું—બધા જ સ્તબ્ધ; માત્ર સિતારના સૂરો સંભળાયા કરે; અને પછી ઝીણા આર્દ્ર સૂરોમાં વાયોલીન ઊપડે, અને તેમાં અનુષ્ટુપ વાગી રહે. પછી અનસૂયા બોલે: 'સોંપીને જાય છે સૌને...'

વળી આથી જરા આગળ બીજો પ્રસંગ છે. શકુન્તલા શરૂ કરે છે તે શ્લોક 'ને સંદેશો હરિણી...'માંપછી 'પાળી એને': અહીં રડવાનું, આંસુ સારવાનું બધું બંધ થઇ ગયું છે. અહીં તો ડૂમો ભરાઈ આવે છે. 'પાળી એને'થી આગળ નથી બોલાતું. ફરીથી બોલે છે: 'પાળી એને'. અને તરત કાશ્યપ તાંતણો પકડી લે છે. નહિ તો હૃદયતંતુ તૂટી જ જાય. એ વખતે પણ ખૂબ જ કાળજી રાખવાની છે. આવા પ્રસંગો ઘણા છે. છેવટે 'વન્દુ છું હું ગુરુવર' ભરાતે હૈયે કહીને એ વિદાય લે છે. એ પછીનો શાર્દૂલ મંગલાષ્ટકમાં બેસાડવો મને ઠીક લાગ્યો છે. 'અર્થો હિ કન્યા પરકીય એવ' એ શાસ્ત્રીય સંગીતમા નહિ પણ ભૈરવીની છાયામાં સારો લાગશે. પણ સંગીત ઉપરાંત શકુન્તલાના જવા પછી બધા પાછા ફરે છે એ વખતે 'ટોળું' ન થતાં શકુન્તલા વિનાનું કરુણ ચિત્ર યોજવું બહુ અઘરૂં નથી. બે સખીઓ પાછી ફરે; ગૌતમી એને પાંખમાં લે; કુમારોને પણ ન ગમે; અને હિમાલય જેવા કાશ્યપ સૌને આવરી રહે; અને પછી પોતે પણ એ જ અનુભવે—જે સૌ પિતા અનુભવે છે તે; અને પછી બોલે; એમ નિયોજી શકાય.

અંક ૩ : પ્રવેશ ૧

[દુષ્યંત ને વિદૂષક લહેરતા પ્રવેશે છે. રાજા શ્રમિત દીસે છે. એ બંને પ્રવેશે છે ને પહેલાં અંદરથી આલાપ ને પછી ગીત સંભળાય છે.]

(માલિની) નવરસ નિત માણે, મંજરી આજ છાંડે,
મધુકર નકી ઊડી, પંકજે ધ્યાન માંડે.

વિદૂષક:(અનુષ્ટુપ) આલાપે શું પ્રલાપંતાં, મહારાણી સુરાવલી?
દુષ્યંત: કદી યે ના મૂગી રહેતી, તારી આ જીભડી બલી!

અંદરથી : (વસંત૦) નિત્યે નવા રસ વિષે ભમરો ભમંતો.
દુષ્યંત: એ તો કની મધુર કંઠ થકી ઝરંતો
સંદેશ હંસપદિકા અતિ મર્મ બાણે;
સંગીતમાં સૂચવતી, ઠપકો અજાણે;
દેવી તણાં ચતુર વેણ કહે, પધારો;
વ્હેલા જવા નિકટ દાખવ માર્ગ મારો.
વિદૂષક: આ પંથથી પરવરો; પણ દેવ ! ભાળો,
આવી દીસે નવી બલા, નૃપધર્મ પાળો.
દુષ્યંત: દેવી સમીપ જઇ ઉત્તર દે વયસ્ય !
ચાતુર્યથી ઉચિત ત્યાં કથવું રહસ્ય.
વિદૂષક:(અનુષ્ટુપ) અપ્સરા હાથ ટીપાતાં, સંન્યાસીની થતી દશા;
દાસી હાથે થશે મારી, દેવીને ત્યાં ભૂંડી દશા.
[વિદૂષક જાય છે.]
દુષ્યંત: (પૃથ્વી) સુખી, તદપિ હું થતો અકળ રીત ઉત્કંઠિત,
સુણી મધુર વેણ એ ઝણઝણે ઊંડી સંસ્મૃતિ;
નથી વિરહની દશા, હૃદય ગૂઢ સંવેદના
થકી થરથરે, હશે પૂરવ જન્મની ભાવના?
[કંચુકી પ્રવેશે છે.]
કંચુકી: (અનુષ્ટુપ) સંચરે વ્યોમમાં નિત્યે, સૂર્યના રથઘોડલા,
અહોરાત્ર વહે વાયુ, એવી આ રાજ્યમંત્રણા;
ઘડી ક્યાંયે ન વિશ્રાંતિ, શાંતિ ના રાજવીપદે,
શિરે શેષ ધરાભાર, ચિંતાભાર સદા હૃદે.
[રાજાની સંમુખ આવી]
(ઇન્દ્રવજ્રા) છે રાજવીને જરીયે ન જંપ,
ને ધર્મકાર્યે કદી ના વિલંબ;
ધર્માસનેથી અહીં આપ આવ્યા,
હિમાદ્રિથી પન્થીજનો પધાર્યા.
દુષ્યંત: (અનુષ્ટુપ) સત્કારી વેદની રીતે, આણો ધર્માસન પ્રતિ
તપસ્વી આંગણે આવ્યા, હશે શી વિધિની ગતિ!
[બંને ભિન્ન દિશામાં જાય છે અને પડદો ઊપડે છે.]

હવે બીજા અંકનું તપોવન બદલી ત્યાં દુષ્યંતની રાજસભા ગોઠવી દેવાની છે. એક સિંહાસન—ધર્માસન, અને બીજાં આસનો: અહીં પાછો દસેક મિનિટનો વિરામ રાખીએ તો તે, અને ત્રીજા અંકના પહેલા દસ્યમાં જતો સમય, એટલામાં રાજ્યસભા ગોઠવી દઈ શકાય.

અંક ૩ : પ્રવેશ ૨

[રાજસભા]
પ્રતિહારી:(ઈન્દ્રવજ્રા)રાજેન્દ્ર દુષ્યંત મહાનૃપાલ,
હૈયે વસે નિત્ય જ લોકભાળ;
ચારે દિશામાં જયકાર થાય,
એની સદા કીર્તિ જગે ગવાય.
[દુષ્યંત આવી ધર્માસને બિરાજે છે]
ધર્મગુરુ: (પૃથ્વી) સદા વિજય હો જગે પ્રભુકૃપા સુરાજ્યે વસે,
સુકીર્તિ નૃપની વધો અચલ સૂર્ય શી એ લસે.
પ્રજા નિજ પ્રજા ગણી સતત રક્ષતા રાજવી,
ધરે,ન પતી એક ત્યાં, નૃપતિ કાર્યધુરા નવી.
[પ્રતિહારી પ્રવેશે છે.]
પ્રતિહારી:(ઈન્દ્રવજ્રા)દ્વારે ઊભા આશ્રમના નિવાસી,
સંગાથ નારી, દૂરના પ્રવાસી.
દુષ્યંત: સત્કાર એનો કરી પૂજ્યભાવે
મારાં કહો વંદન; આંહી લાવે.
[પ્રતિહારી જાય છે.]
ધર્મગુરુ:(માલિની)જયતુ જયતુ રાજા લોકકાજે જીવંતા,
પ્રતિદિન દીન રક્ષો, શત્રુને સૌ હણંતા;
જ્યમ તરુવર જાતે, તાપ માથે સહીને
અવિરત દઇ શીળી, છાંયડી આશ્રિતોને.
દુષ્યંત: (અનુષ્ટુપ) મને શેં થાય આશંકા ? ધર્મકાર્યે હશે ભય ?
પ્રતિહારી: પન્થીવૃન્દ પધારે આ; રાજર્ષિનો હજો જય!
[બે મુનિકુમારો, ગૌતમી તથા શકુન્તલા પ્રવેશે છે.]
શકુન્તલા: મારી શેં જમણી આંખ સ્પંદતી આ પલેપલ?
ગૌતમી: કૂળના દેવતા તારું, કરો નિત્ય સુમંગલ.
દુષ્યંત: (વસંત૦) આવ્યા અહીં અતિથિદેવ ભલે પધાર્યા,
સંદેશ આશ્રમ થકી શુભ કૈંક લાવ્યા?
નિર્વિઘ્ન છે મુનિજનો? સહુને નમામિ.
શાર્ઙ્ગરવ: રાજેન્દ્રનો વિજય હો, તપમાં ન હાનિ.
(અનુષ્ટુપ) રક્ષો જો આપ જ્યાં આર્ય, ભીતિ ના મુનિને નકી;
રાજવી રવિ શા રાજે, અંધારું પછી ક્યાં થકી?
દુષ્યંત: (વસંત૦) રે હાશ રાજપદ સાર્થક આજ આંહીં.
હાવાં કહો કુશળ કાસ્યપદેવ ત્યાંહી?
શાર્ઙ્ગરવ:(અનુષ્ટુપ)સદાયે સિદ્ધિમંતોને સ્વાધીન નિત્ય કુશલ,
પુછાવે આપનું ક્ષેમ.
દુષ્યંત: ધન્ય હું. તપનું બલ
વધે છે ને? કહો દેવ!
શાર્ઙ્ગરવ: સંવર્ધો પુરુવંશક!
દુષ્યંત: અન્ય શી ગુરુની આજ્ઞા, સુણવા અતિ ઉત્સુક.
શાર્ઙ્ગરવ: આણે છે પાઠવી કન્યા, એકાંતે આશ્રમે વર્યા;
ધન્ય એ વિધિનો યોગ, નિંદંતા વિધિ ઊગર્યા.
શારદ્વત: પૂજ્ય છો રાજવી આપ, પુણ્યવંતી શકુન્તલા,
બંનેનો મેળવી મેળ, બ્રહ્માએ દાખવી કલા.
શાર્ઙ્ગરવ: આપ છો ધર્મના જ્ઞાતા, સતી તે સુખી સાસરે,
લોકનીતિ-નિયંતા છો, શોભે સ્ત્રી પતિઆશરે.
દુષ્યંત: સાંભળી થાય સન્દેહ કહો શું સ્વપ્નની કથા?
શકુન્તલા: વેણ છે અગ્નિનો ડામ, વેઠાશે ક્યમ આ વ્યથા?
દુષ્યંત: (વસંત૦) મેં દેવીને પ્રણયદાન દઇ સ્વીકારી ?
ગૌતમી:(શકુન્તલાને)લાજણુ, સ્હેજ અવગુંઠન દે ઉતારી.
શાર્ઙ્ગરવ:(અનુષ્ટુપ) હજી શેં રાજવી, મૌન?
દુષ્યંત: સ્મરં તું ના, ઋષિજન!
સ્વીકારું શીદ હું એને, લાગે છે ગર્ભલક્ષણ!
શકુન્તલા:(વસંત૦) શંકા હતી હૃદયમાં થઇ સત્ય આજે !
શાર્ઙ્ગરવ: હાથે કર્યાં વિમુખ ધર્મ થતાં ન લાજે.
દુષ્યંત: સંસ્કાર કૈં સ્મૃતિપટે નહિ અર્ધ આખા,
જેનું ન મૂળ પછી હોય કહો શું શાખા?
શાર્ઙ્ગરવ:(અનુષ્ટુપ) વાધે છે આ વિના યોગે, સંપદે મદ મત્સર,

દુષ્યંત: મનેયે ઠીક નિંદો છો, શુદ્ધ છે મમ અંતર.
શાર્ઙ્ગરવ: ચોરને આપવું પાછું, કહેતા'તા શ્રી ગુરુજન,
અવજ્ઞા આ કરો એની. શોભે ના પુરુનંદન.

દુષ્યંત: (પૃથ્વી) તપોધન મહાશયો!
મને ન જરી સાંભરે સહજ, હે તપસ્વી જનો!
કર્યો પ્રણય કે કદી ગ્રહણ હાથ દેવી તણો.

શાર્ઙ્ગરવ: સહી ન શકશે કદી ગુરુ અસહ્ય અપમાન આ,
કહે કંઈ શકુન્તલા! પ્રતીતિ પ્રેમની આપવા.

શકુન્તલા:(ઇંદ્રવજ્રા) સન્દેહ છે જ્યાં વળી લગ્ન કેરો,
બોલું હવે શું? નકી વ્યર્થ ફેરો.

ગૌતમી: તારી કને હોય કંઈ પ્રતીતિ,
તે દાખવીને સહુ ટાળ ભીતિ.

શકુન્તલા: (મંદા૦) મુગ્ધા હું તો સરલ ઉરની, ભોળવી આર્યપુત્રે,
ને બાંધી'તી વિવિધ વચને આશ્રમે લગ્નસૂત્રે;
આજે પામ્યા પ્રણયપલટો આવડો, શું સ્મરાવું?
માન્યું ન્હોતું, વિધિ કદી થશે માહરું ક્રૂર આવું.

દુષ્યંત: શાંતં પાપં; કુળ લજવવા શીદ આવું અકારું
બોલી નિન્દે? પતિત કરતી સાથ સૌ કુળ મારું.
જેવી રીતે, સભર સરિતા નિર્મળી તો ય મેલી,
સાથે લેતી તટ રજ તરુ, જાય ના એ અકેલી.

શકુન્તલા:(અનુષ્ટુપ) કરું શંકા-સમાધાન . . .
દુષ્યંત: એથી શું વળી ઉત્તમ?
શકુન્તલા: અરેરે હાય મા વીંટી! મુદ્રિકા ક્યાં ગઇ મમ?
ગૌતમી: નદીઘાટે સરી લાગે, જ્યારે તું હતી વંદતી.
શકુન્તલા: શચીતીર્થે!
દુષ્યંત: અરે ધન્ય, સ્ત્રીની તાત્કાલિની મતિ!

શકુન્તલા:(ઇંદ્રવજ્રા) આમાં દીસે છે વિધિ ક્રૂર હાથ,
છે દોષ મારો; કહું અન્ય વાત:
શંકા બધી આપ તણી નિવારે.
દુષ્યંત: હું સજ્જ હાવાં, સુણવા વધારે.

શકુન્તલા:(વસંત૦) ભૂલું તપોવન સ્મરે?
દુષ્યંત: નહીં આર્ય બાલા.
શકુન્તલા: ને શું ભૂલ્યા મિલન એ? વચનો રસાળાં?
ભૂલ્યા કહો કદલીમંડપ?
દુષ્યંત: સ્વપ્નલીલા!
શકુન્તલા: શાળી હતી મધુલતા, તરુ છાંયશીળા.
વૈશાખની મધુર સાંજ દીધી વિસારી?
દુષ્યંત: એકે ન વાત સમજાય મને તમારી.
શકુન્તલા: સન્ધ્યા નમી તિમિરથી વધુ ઝંખવાતી.
દુષ્યંત: સંકોરતાં સ્મૃતિ ન જાગ્રત એક થાતી.

શકુન્તલા: બેઠા હતા કુસુમમંડપમાં હસંતા,
બોલાવતા કમળપત્ર જળે ધરંતા;
પાસે છતાં, નિકટ એ મૃગબાલ મારો,
આવ્યો ન સંમુખ જરી તમથી અજાણ્યો.
'બંને અરણ્ય વસનાર' કહી હસ્યા'તા,
ભૂલ્યા પ્રસંગ નવલો રસ જ્યાં ઢળ્યા'તા?

દુષ્યંત: આવું સુણી વિષયઅંધ જ છેતરાય,
વાણી જૂઠી, મધુર તો ય, નહીં મનાય.
ગૌતમી: કન્યા તપોવનતણી છળથી અજાણી.
દુષ્યંત: સ્ત્રીચાતુરી શીખવવી કદી મેં ન જાણી.

શકુન્તલા:(અનુષ્ટુપ) તૃણે ઢાંક્યા કૂવા જેવા, ધર્મનો ધરી અંચલો,
પેખો છો અન્યને એવા, અનાર્ય! દંભ આટલો?
દુષ્યંત: (સ્વગત) વિનાઆડંબરી કોપ કરે છે બુદ્ધિસંભ્રમ,
મનાતી પ્રીતિ ના છાની, ભૂંડો છે ભાગ્યનો ક્રમ!
[કંઈક ૨
(ઇન્દ્રવજ્રા) દુષ્યંતની છે નકી શુભ્ર કીર્તિ.
શકુન્તલા: આવી ચડી શેં અહીં મા ધરિત્રી!

શાર્ઙ્ગરવ: પત્ની તજો આ, અથવા સ્વીકારો,
થાતો હવે ધર્મ પૂરો અમારો.
દુષ્યંત: પત્ની થકી પ્રીત ન મેં ઉતારી,
ના વા ગ્રહી મેં પરકીય નારી.
શાર્ઙ્ગરવ: ભૂપે કહી તેવી કદી તું હોય,
તો આશ્રમે ના તું કદી ય સ્હોય.
માને કદી નિર્મળ શીલ ચારુ,
સેવા અહીં યોગ્ય જ કાર્ય તારું.

શકુન્તલા: (મંદા૦) હૈયે ઊંડું વિષ કટુ ભર્યું, છે દયા ના લગારે
છાંડી એણે મુખ મધુ ઝરે છેતરી એ કુમારે;
છંડાએલી પ્રિયજન થકી, જાવ છોડી અકેલી.
ગૌતમી: વ્હાલી મારી, કરુણ રુદને, આવતી દુઃખઘેલી.
શાર્ઙ્ગરવ:(અનુષ્ટુપ) માની સ્વાતંત્ર્ય પોતાનું, વર્તે ઉછાંછળી સમી
છાની સૌ પ્રીત વૈરિણી, આરંભે બહુ જે ગમી.
દુષ્યંત: હું છું પત્નીત્યાગી કે અન્યનો પ્રણયી ખરો?
પૂછું છું હે ગુરુવર્ય! કહો શું ધર્મ માહરો?
ધર્મગુરુ: ચક્રવર્તી થશે પુત્ર, ભાખ્યું'તું મુનિએ, સ્મરે?
સાંપડે રત્ન એવું તો, પત્ની આ આપની ઠરે.
અને ત્યાં સુધી આ દેવી, અમારી અતિથિ રહે!
દુષ્યંત: મને છે સર્વથા માન્ય, આજ્ઞા જો ગુરુજી કરે.
શકુન્તલા: (ઇંદ્ર૦) ઝાંખી કલંકે થતી શુભ્ર કીર્તિ!
આપો મને મારગ મા ધરિત્રી!!
[પડદો]

ધર્મગુરુ અને પ્રતિહારી પોતપોતાની ઉક્તિઓ બોલી ધર્મસભા પ્રસ્થાપિત કરે છે. રાજા સ્વગત 'મને શેં થાય આશંકા' બોલી રહે કે તરત જ પ્રવાસીવૃન્દ પ્રવેશે. એની સૂચના એમને તેડવા ગએલો પ્રતિહારી આવી, નમીને કરે છે. પછી રાજા-મુનિકુમાર વચ્ચેનો સંવાદ. પછી અવગુંઠન ઉતારવી વખતે જ શકુન્તલા રંગભૂમિ ઉપર મધ્યસ્થ થાય છે. અને પછીના રાજા સાથેના સંવાદમાં પોતાનું વ્યક્તિત્વ વ્યક્ત કરતાં, આખરે વિધિને શરણે જાય છે. ધર્મગુરુ એને નોતરવા આગળ આવે તે પહેલાં તો એ જ 'ઝાંખી કલંકે થતી શુભ્ર કીર્તિ' વાળો શ્લોક અત્યંત શોકાર્ત થઇને બોલે છે. પ્રકાશ બધો જ એના ઉપર કેન્દ્રિત થાય છે અને 'આપો મને મારગ મા ધરિત્રિ' બે વાર બોલી રહે કે તરત એકાએક અંધારું થાય; અને પળ રહી પાછું અજવાળું થાય ત્યારે શકુન્તલા રંગભૂમિ ઉપર ન મળે! બધા ચકિત થઈ સ્તબ્ધ જેવા ઊભા રહે, અને રાજા આસન ઉપરથી નીચે ઊતરી શકુન્તલા હતી તે જગ્યા ઉપર આવી રહે અને પડદો પડી જાય.

ઉપેન્દ્રવજ્રા

ન રાખ આશા કદી કોઇ પાસ,
કરી શકે કોણ પછી નિરાશ?

—રમણલાલ સોની

પૂનાની ફરગ્યુસન કૉલેજનો એક તેજસ્વી વિદ્યાર્થી ગણિતમાં પ્રથમ કક્ષાએ ગ્રૅજ્યુએટ થતાં ભારત સરકારે એને કૅમ્બ્રિજના વધુ અભ્યાસ માટે શિષ્યવૃત્તિ આપી. મહામના ગોખલેજીએ પોતાના એ પટ્ટશિષ્યને, વિદ્યાપાસના કરી પાછા આવ્યા બાદ ફરગ્યુસન કૉલેજના આજીવન સ્વયંસેવક બની રહીને તેને જ સેવા આપવા મનાવી લીધા હતા.

ઇંગ્લંડથી ગણિતકેસરી (સીનિયર રૅંગ્લર) બનીને એ મેધાવી યુવક સ્વદેશ આવ્યો ત્યારે એની સામે હજારોના પગારવાળી નોકરીઓ ઝળકી રહી હતી; અને ખુદ ફરગ્યુસન કૉલેજે પણ એની મહત્ત્વાકાંક્ષાઓની આડે ન આવતાં એને સ્વાધીન રાખવા ઠરાવ કર્યો. પણ એ યુવકે તો મક્કમ જ જવાબ આપ્યો કે 'મારા ગુરુ અને મારી માતૃસંસ્થાને હું જે વચન આપી ચૂક્યો છું તેને હું વફાદારીથી વળગી રહેવા માગું છું.' અને એણે વીસ વર્ષ સુધી એ સંસ્થાના આજીવન સભ્ય તરીકેનો માત્ર ૭૫ રૂપિયાનો પગાર લઈ પ્રિન્સિપલ તરીકે સુંદર સેવાઓ આપી. એ નિષ્ઠાવાન ભાવનાભક્ત યુવક તે આજના આપણા સર રઘુનાથ પુરુષોત્તમ પરાંજપે.

કહેવતોના અર્થ: 'ઊંટ ગાંગરતા જ પલાણીએ.' સામા માણસની અનિચ્છા તથા બબડાટને ગણકાર્યા વિના તેની મરજી વિરુદ્ધ પોતાનું કામ નીંભરતાથી કે નિશ્ચયપૂર્વક પાર પાડ્યે જવાની શીખ આપતી આ કહેવતની પાછળ ઊંટની એક સ્વાભાવિક ટેવનો ઉપયોગ કરેલો છે, કે ઊંટને પલાણવા માટે તેને નીચે ઝુકાવવું પડે છે, અને ઘણી ખરી વાર એ નીચે બેસતી વખતે, તથા તેના પર માણસો બેસી જાય તે દરમ્યાન, એ ગાંગરતો–બરાડતો જ હોય છે. પણ માણસો તો આને તેનું કેવળ સ્વભાવલક્ષણ ગણી લઇને તેને ગણકાર્યા વિના પોતાનું કામ કરતા જ રહે છે. આ ભાવ દર્શાવતી બીજી કહેવતો: 'કરતા હોઇએ તે કરીએ, ને છાશની દોણી ભરીએ;' 'તુમ કહતે હય; હમ સુનતે હય.' વગેરે.

ગયા મહાયુદ્ધમાં લંડનમાં ફક્ત ૧૦ ટકા ઘરો જ સુરક્ષિત રહ્યાં. બાકીનાં ઘરોને થોડુંઘણું નુકસાન થયું હતું. ૧૦ ટકા ઘરો તો સમૂળગાં નાશ પામ્યાં હતાં.




દિલ્હીની ગાદીએ મુસ્લિમ રાજ્યસત્તા કાયમને માટે આરૂઢ થયા પછી જુદાજુદા સુલતાનો દ્વારા સોનાના, રૂપાના, ત્રાંબાના અને ક્વચિત્ પિત્તળના, એમ સિક્કાઓના પ્રકારો તો અનેક પડતા ગયા, પરંતુ ઈસ્લામમાં મૂર્તિ-આલેખનની મના હોવાથી સિક્કાઓ પરનું ચિત્રવૈવિધ્ય હમેશ માટે અદૃશ્ય થયું. મોટે ભાગે બંને બાજુ અરબીમાં લખાણો જ આવતાં. ક્વચિત્ ફેરફારો થતા તે લેખનની આકૃતિમાં ને ક્વચિત્ સિક્કાના ઘાટમાં.

અલાઉદ્દીન ખિલજી પછી દિલ્હીની ગાદીએ આવનાર કુત્બુદ્દીન મુબારકે સિક્કામાં ઘણી વિશિષ્ટતાઓ દાખલ કરી. તેમાં તેણે પ્રાચીન હિંદી સિક્કા જેવા ચોરસ ઘાટના પણ સિક્કા પડાવેલા, જેનો નમૂનો ઉપર આપ્યો છે. તેમાં એ વેળાની ઢબ પ્રમાણે પ્રશંસાનાં બિરુદો સાથે પોતાનું નામ કોતરેલું છે. પહેલી બાજુ, વર્તુલમાં 'ખલીફાતુલ્લા મુબારકશાહ' અને તેની ચોમેર 'અસ્સુલતાન અલ વાસિકુબિલ્લાહ અમીરૂલ મોમીનીન' લખેલું છે; અને બીજી બાજુ 'અલ ઈમામુલ આઝમ કુત્બુદુનિયાવદ્દીન અબુલ મુઝફ્ફર' લખેલું છે.

અનેકાર્થી શબ્દ: **પદ્મ**=કમળ, રાતું કમળ; હાથીની સૂંઢ તથા તેના ગંડસ્થળ ઉપરના રંગદાર છાંટ; એક હજાર અબજની સંખ્યા; વિષ્ણુના ચાર હાથમાંનું એક આયુધ; શરીરનાં છ ચક્રોમાંનું એક; આંગળીનાં ટેરવાં કે પગનાં તળિયાં ઉપરનું એક સામુદ્રિક ચિહ્ન; કુબેરના નવ નિધિઓમાંનો એક નિધિ.

ગણિત-ગમ્મત: ડઝનની કિંમત ઉપરથી એક નંગની કિંમત શોધવાની સાદી ચાવી એ છે કે જેટલા રૂપિયે ડઝન હોય તેટલા આનામાં તેના ત્રીજા ભાગના આના ઉમેરવા; જે આવે તે એક નંગની કિંમત. દાખલા તરીકે ૨૧ રૂપિયે ડઝન ખડિયા મળતા હોય તો ૨૧ આના+$\frac{૨૧}{૩}$ એટલે કે ૭આના = ૨૮આના, એટલે કે પોણા બે રૂપિયે નંગ થયું. ૧૦ રૂપિયે ડઝન પેન્સિલ મળતી હોય તો ૧૦આના+$\frac{૧૦}{૩}$ એટલે કે ૩$\frac{૧}{૩}$=૧૩$\frac{૧}{૩}$ આને નંગ. (વીરેન્દ્ર મોદી)



ઉપરના ચિત્રમાંના ત્રણે લંબચોરસની રેખાઓ એક જ હારમાં આવેલાં ટપકાંઓમાંથી દોરવામાં આવેલી હોવા છતાં તેમની પદ્ધતિમાં ફેર હોવાને કારણે ત્રણેની આકૃતિઓ ઠરડાએલી લાગે છે.

સુએઝ કૅનાલની લંબાઈ ૧૦૧ માઈલ છે અને વધારેમાં વધારે પહોળાઈ ૨૦૦ ફૂટ છે.

કલાકણિકા: કાઠિયાવાડનાં દેશી રાજ્યો તથા શ્રીમંતોમાં વપરાતો માફો-રથ. જેની છત્રીની ટોચના મોગરાથી માંડી પૈડાનાં આંઝર, તથા બળદને ઓઢાડવાની ઝૂલ સુધી સમૃદ્ધ કારીગરી કાંસેલી છે.

